# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

16 MAY-2026 SATURDAY

વર્ષ-15 । અંક-184 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
સગર્ભાઓ પર આતંકી હુમલાથી 'ગોપી વહુ' ભડકી



પેજ-09
MI એ PBKS ને સતત પાંચમી હાર આપી, તિલક ખરાબ સ્થિતિમાં પણ શાંત રહ્યો




હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 29.00 |
| વડોદરા | 41.00 | 29.00 |
| સુરત | 37.00 | 29.00 |




પેજ 5
ખાંડની નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ





બંને દેશોને ફાયદો થશે, શી જિનપિંગ સાથે બેઠક કરી...
પેજ 10


શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75237.99 | ▼ | 160.73 |
| નિફ્ટી | 23643.50 | ▼ | 46.10 |
| સોનું | 158500.00 | ▼ | 3478.0 |
| ચાંદી | 269900.0 | ▼ | 21202.0 |

ભારત-UAE : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીમાં રાષ્ટ્રપતિ અલ નાહયાન સાથે બેઠક કરી : ઊર્જા ક્ષેત્રે નવી મજબૂતી: બંને દેશ વચ્ચે LPG કરાર સંપન્ન

# વાડીનારમાં શિપ રિપેર ક્લસ્ટર સ્થાપવા કરાર

(એજન્સી) દુબઈ । તા. 15

વૈશ્વિક રાજનીતિ અને આર્થિક મોરચે ભારત અને સંયુક્ત આરબ અમીરાત (UAE) વચ્ચેના સબંધો આજે એક નવા સુવર્ણ શિખરે પહોંચ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક મુલાકાતે અબુ ધાબી પહોંચ્યા છે, જ્યાં ખાડી દેશોના આ પ્રમુખ ભાગીદાર દ્વારા ભારતનું અદ્ભુત અને ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીના વિમાનને આકાશમાં જ UAE વાયુસેનાના અત્યાધુનિક F-16 ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરીને શાહી સન્માન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ અબુ ધાબીમાં વડાપ્રધાનને ભવ્ય 'ગાર્ડ ઓફ ઓનર' અપાયું હતું, જે બંને દેશો વચ્ચેના અતૂટ વિશ્વાસ અને મજબૂત મૈત્રીપૂર્ણ સંબંધોની સાક્ષી પૂરે છે.







## પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો અને ૫ અબજ ડોલરનું જંગી રોકાણ

અબુ ધાબીના શાહી મહેલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ UAEના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે બેઠક કરી હતી. આ દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો દરમિયાન ઊર્જા સુરક્ષા, આંતરરાષ્ટ્રીય વેપાર, વ્યૂહાત્મક રોકાણ અને પશ્ચિમ એશિયાની વર્તમાન નાજુક પરિસ્થિતિ પર ગંભીર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકના સકારાત્મક પરિણામ સ્વરૂપે, UAE એ ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર સહિત દેશની અગ્રણી બેંક RBL અને સન્માન કેપિટલમાં કુલ ૫ અબજ ડોલર (અંદાજે ૪૦ હજાર કરોડ રૂપિયાથી વધુ) ના જંગી રોકાણની સત્તાવાર જાહેરાત કરીને ભારતીય અર્થતંત્ર પર પોતાનો અતૂટ ભરોસો વ્યક્ત કર્યો છે.

## ગુજરાતના વાડીનારને મળશે વૈશ્વિક ઓળખ: ૫ મોટા કરાર

આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન બંને દેશોના વરિષ્ઠ વહીવટી અધિકારીઓએ પીએમ મોદી અને રાષ્ટ્રપતિ અલ નાહયાનની ગરિમામય ઉપસ્થિતિમાં કુલ પાંચ મહત્વપૂર્ણ સમજૂતી કરારો (MoUs) ની આપ-લે કરી હતી. આ કરારોમાં સૌથી મોટો ફાયદો ગુજરાતને મળ્યો છે. ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા વાડીનાર ખાતે ભારત અને UAE સાથે મળીને એક અત્યાધુનિક 'શિપ રિપેર ક્લસ્ટર' સ્થાપશે. આ પ્રોજેક્ટના કારણે ગુજરાતના દરિયાકાંઠાના વેપાર અને સ્થાનિક રોજગારીને અભૂતપૂર્વ વેગ મળશે. આ ઉપરાંત બંને દેશ વચ્ચે LPG સપ્લાય, સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ (વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર) અને સંરક્ષણ સહયોગને લઈને પણ દીર્ઘકાલીન કરારો કરવામાં આવ્યા છે.

## પીએમ મોદીનો હોર્મુઝ સામુદ્રધુની ખોલવા પર વિશેષ ભાર

મીડિયા અહેવાલો અનુસાર, પ્રતિનિધિમંડળ સ્તરની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સુરક્ષાના મુદ્દે ભારતનો મક્કમ પક્ષ રજૂ કર્યો હતો. અમેરિકા અને ઈઝરાયેલ સાથે ચાલી રહેલા યુદ્ધ અને તણાવ વચ્ચે UAE પર થયેલા ઈરાની હુમલાઓની વડાપ્રધાને સખત શબ્દોમાં નિંદા કરી હતી. પીએમ મોદીએ વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી 'હોર્મુઝની સામુદ્રધુની' ને મુક્ત અને ખુલ્લી રાખવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક સપ્લાય ચેઈન અવિરત રાખવા માટે આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદાઓનું તમામ દેશો દ્વારા ચુસ્તપણે સન્માન થવું જ જોઈએ.

આ મીડિયા, સોશિયલ મીડિયા અને RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરે છે

# CJI બોલ્યા-બેરોજગાર યુવાનો વંદા જેવા

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ચીફ જસ્ટિસ સૂર્યકાંતે એક કેસની સુનાવણી દરમિયાન દેશના બેરોજગાર યુવાનોને કોકરોચ(વંદા) કહ્યા. તેમણે કહ્યું- કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જેઓ પાછળથી મીડિયા, સોશિયલ મીડિયા કે RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરવા લાગે છે.CJI અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે શુક્રવારે એક વકીલની અરજી પર સુનાવણી કરી, જેમાં તેણે સિનિયર એડવોકેટનો દરજ્જો મેળવવાની માંગ કરી હતી. બેન્ચે વકીલને ફટકાર લગાવતા કહ્યું- સમાજમાં પહેલાથી જ પેરાસાઈટ (પરજીવી) છે, જેઓ સિસ્ટમ પર હુમલો કરે છે.

બેન્ચે કહ્યું કે દુનિયામાં દરેક વ્યક્તિ સિનિયર બનવા યોગ્ય હોઈ શકે છે, પરંતુ તમે તેના હકદાર નથી. જો તમને દિલ્હી હાઈકોર્ટે સિનિયર એડવોકેટ બનાવી પણ દીધા, તો સુપ્રીમ કોર્ટ તમારા વ્યવહારને જોતા તે નિર્ણયને રદ કરી દેશે.



### બેન્ચનો સવાલ- તમારી પાસે બીજો કોઈ કેસ નથી

કોર્ટે પૂછ્યું કે શું અરજદાર પાસે બીજો કોઈ કેસ નથી અને શું આ કોઈ સિનિયર એડવોકેટ બનવાની ઈચ્છા રાખનારનું યોગ્ય વર્તન છે. સિનિયર એડવોકેટનો દરજ્જો આપવામાં આવે છે, તેને જાતે મેળવવાનો પ્રયાસ કરવામાં આવતો નથી. બેન્ચે સવાલ કર્યો કે તમે તેને મેળવવા પાછળ પડ્યા છો, શું આ યોગ્ય લાગે છે. સુપ્રીમ કોર્ટ CBI દ્વારા ઘણા વકીલોની ડિગ્રીની તપાસ કરાવવા પર વિચાર કરી શકે છે, કારણ કે તેમની ડિગ્રીની સત્યતા પર ગંભીર સવાલો છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા આના પર કંઈ કરશે નહીં, કારણ કે તેમને વોટ જોઈએ છે.

# સુપ્રીમ કોર્ટના સ્ટાફને 2 દિવસનું વર્ક ફ્રોમ હોમ



**જજ કાર પૂલિંગ કરીને કોર્ટ જશે; મોદીની ઇંધણ બચાવવાની અપીલ પર નિર્ણય**

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

PM મોદીની ઈંધણ બચતની અપીલ પર શુક્રવારે સુપ્રીમ કોર્ટે કામકાજને લઈને નવી ગાઈડલાઈન જાહેર કરી છે. હવે કોર્ટના દરેક વિભાગનો સ્ટાફ બે દિવસ વર્ક ફ્રોમ હોમ પર રહેશે. તમામ જજ કાર પૂલ કરશે. રજિસ્ટ્રી સાથે સંકળાયેલા 50 ટકા સ્ટાફ પણ ઘરેથી કામ કરશે.

સોમવાર, શુક્રવાર અને મિસલેનિયસ ડે (જે દિવસો અગાઉથી નક્કી ન હોય) પર લિસ્ટેડ કેસોની સુનાવણી ફક્ત વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા થશે. આ ઉપરાંત કોર્ટના અન્ય કાર્યકારી દિવસોમાં પણ સુનાવણી ઓનલાઈન જ કરવામાં આવશે.

પહેલા જ પ્રવચન-યજ્ઞમાં ઉમટી ભારે ભીડ

# મોડેલમાંથી સાધ્વી બનેલી હર્ષાનંદ બોલી-સંતો પ્રવચન કરવા દેતા નથી

(એજન્સી) ઉજ્જૈન । તા. 15

મોડેલમાંથી સાધ્વી બનેલી હર્ષા રિછારિયા ઉર્ફે હર્ષાનંદ ગિરિ ફરી એકવાર ચર્ચામાં છે. ઉજ્જૈનના લક્ષ્મીપુરામાં સાત દિવસીય દેવી પ્રવચન કાર્યક્રમના સમાપન પર તેમણે કેટલાક સંતો પર પ્રવચન રોકવાનો અને સમય ઘટાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.હર્ષાનંદે ગુરુવારે મંચ પરથી કહ્યું કે છેલ્લા બે-ત્રણ દિવસથી તેમને રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ મા ભગવતીની કૃપાથી તેઓ અડગ રહ્યાં. તેમણે કહ્યું, "જેના પર મા ભગવતીના આશીર્વાદ હોય તેને કોઈ રોકી શકતું નથી. કોઈ પણ રાક્ષસમાં એટલી શક્તિ નથી કે તે ધર્મના માર્ગને રોકી શકે."કાર્યક્રમ પછી જાહેર કરાયેલા વીડિયોમાં હર્ષાનંદે આરોપનું પુનરાવર્તન કરતા કહ્યું કે શરૂઆતના ત્રણ દિવસ બધું સામાન્ય રહ્યું, પરંતુ શ્રદ્ધાળુઓની વધતી સંખ્યા અને મહિલાઓની ભાગીદારી પછી ચોથા દિવસથી તેમના પ્રવચનનો સમય ઓછો કરવામાં આવતો હતો. તેમણે દાવો કર્યો કે કેટલાક સંતો નહોતા ઈચ્છતા કે તેમનું પ્રવચન લાંબા સમય સુધી ચાલે. હર્ષાનંદે કહ્યું કે વિરોધ છતાં પંડાલ બે વાર મોટો કરવો પડ્યો અને છેલ્લા દિવસોમાં પણ શ્રદ્ધાળુઓની ભીડ અટકી નહીં. તેમણે તેને મા ભગવતીની ઈચ્છા અને નારી શક્તિનો ટેકો ગણાવ્યો. ઉજ્જૈનથી લગભગ 22 કિમી દૂર લક્ષ્મીપુરામાં 8 મેથી 108 કુંડીય યજ્ઞ દરમિયાન હર્ષાનંદે સાત દિવસ સુધી દેવી પ્રવચન કર્યા.

## તલવારબાજી, ઘોડેસવારી અને શસ્ત્ર તાલીમ શીખવાની સલાહ

સમાપન કાર્યક્રમમાં કરણી સેના દ્વારા યુવતીઓને તલવારો પણ વહેંચવામાં આવી. 101 તલવારો વહેંચવાનું લક્ષ્ય હતું, પરંતુ ઓછી ઉપલબ્ધતાને કારણે હર્ષાનંદે મંચ પરથી 11 યુવતીઓને તલવાર સોંપી. આ પહેલા તેમણે યુવતીઓને 'લવ જિહાદ'થી સાવધ રહેવા, પરિવાર અને સનાતન પરંપરા પ્રત્યે સમર્પિત રહેવાના શપથ લેવડાવ્યા. આ સાથે જ તલવારબાજી, ઘોડેસવારી અને શસ્ત્ર તાલીમ શીખવાની સલાહ આપી.

ગયા વર્ષે 8 દિવસ વહેલું પહોંચ્યું હતું

# ચોમાસું 26 મેના રોજ કેરળ પહોંચશે: નિર્ધારિત સમય કરતાં 5 દિવસ વહેલું

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

હવામાન વિભાગે શુક્રવારે જણાવ્યું કે ચોમાસું કેરળમાં 26 મેના રોજ પહોંચી શકે છે. સામાન્ય રીતે ચોમાસું 1 જૂનની આસપાસ કેરળ પહોંચે છે, પછી દેશના અન્ય ભાગોને આવરી લેવા માટે ઉત્તર તરફ આગળ વધે છે. ગયા વર્ષે ચોમાસું 24 મેના રોજ આવ્યું હતું.2025માં સામાન્ય કરતાં 8% વધુ વરસાદ થયો હતો. 30 સપ્ટેમ્બર 2025ના રોજ હવામાન વિભાગ (IMD)એ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં સામાન્ય કરતાં 8 ટકા વધુ વરસાદ (937.2 મિમી) નોંધાયો હતો. IMD ચીફ મૃત્યુંજય મહાપાત્રાએ તેને ખૂબ જ સફળ સિઝન ગણાવી હતી.યુપીમાં વરસાદ-વાવાઝોડાથી તબાહી, 111 લોકોના મોત યુપીમાં બુધવારે વાવાઝોડા અને વરસાદે ભારે તબાહી મચાવી. રાજ્યમાં 111 લોકોના મોત થયા. સૌથી વધુ 21 મોત પ્રયાગરાજ અને 17 મોત ભદોહીમાં થયા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ આ મોતો પર દુઃખ વ્યક્ત કર્યું.બીજી તરફ, દેશનો અડધાથી વધુ ભાગ હીટવેવની ઝપેટમાં છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના ઘણા શહેરોમાં ગુરુવારે તાપમાન 40C થી વધુ નોંધાયું. મહારાષ્ટ્રનું અકોલા 45.9C સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું. જલગાંવ, વર્ધા અને અમરાવતીમાં પણ પારો 45C થી ઉપર નોંધાયો.રાજસ્થાનના ફલોદીમાં તાપમાન 45.2C, જેસલમેર અને બાડમેરમાં 45.1C નોંધાયું. શ્રીગંગાનગરમાં 44.8C અને જોધપુરમાં 44C પારો રહ્યો.

# CBIએ પુણેથી NEET પેપર લીકનો માસ્ટરમાઈન્ડ પકડ્યો

**કેમેસ્ટ્રી પ્રોફેસરે કોચિંગમાં વિદ્યાર્થીઓને પ્રશ્નો જણાવ્યા, NEET પરીક્ષા પેનલમાં પણ હતો**

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

NEET (UG) પેપર લીક કેસમાં શુક્રવારે 8મી ધરપકડ થઈ. પુણેના કેમેસ્ટ્રી પ્રોફેસર પીવી કુલકર્ણી પર આરોપ છે કે તેમણે પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને પ્રશ્નો અને તેના સાચા જવાબો જણાવી દીધા હતા.CBI કુલકર્ણીને જ લીક કેસનો માસ્ટરમાઈન્ડ ગણાવી રહી છે. તપાસ એજન્સી અનુસાર, કુલકર્ણી લાતુરનો રહેવાસી છે. તે કેમેસ્ટ્રીનો ડોમેન એક્સપર્ટ છે. ઘણા વર્ષો સુધી NEET પેપર તૈયાર કરનાર પેનલનો પણ ભાગ રહ્યો છે. કુલકર્ણીને પેપર સુધી સીધી પહોંચ હતી. તે પુણેમાં પોતાના ઘરે કોચિંગ ક્લાસ ચલાવતો હતો.

## ટેલિગ્રામ ગ્રુપ પર લીક થયેલું પેપર શેર થયું હતું

CBIની તપાસમાં એ પણ સામે આવ્યું છે કે NEET 2026નું પેપર 1 મેના રોજ જ લીક કરી દેવામાં આવ્યું હતું. તેને પ્રાઈવેટ માફિયા નામના ટેલિગ્રામ ગ્રુપ પર મૂકવામાં આવ્યું હતું. તેનો એક વીડિયો પણ સામે આવ્યો છે.જોકે દૈનિક ભાસ્કર એવો દાવો કરતું નથી કે ગ્રુપમાં મૂકવામાં આવેલું પેપર NEETનું લીક થયેલું પેપર જ છે. ટેલિગ્રામ ગ્રુપ પર 1 મેની રાત્રે લગભગ 11:30 વાગ્યે મૂકવામાં આવેલા પેપરની PDF ફાઈલ ખોલતા 12 નંબરનો સેટ દેખાય છે. તેની તપાસ કરવા માટે અમે NEETના સેટ નંબર-12નું પેપર કાઢ્યું.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 17 May, 2026 | 6:00 PM | Ahmedabad |

Venue : The Fern Residency, Subhash Bridge Corner, RTO Circle, Ahmedabad 380027

Name : Tejas Parmar | Mobile : 9327016541

Nippon Life India Asset Management Limited | CIN : L65970MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.





# ‘વન સ્ટેટ વન જીએસટી’થી ડાક વિભાગમાં આવશે પારદર્શિતા અને કાર્યક્ષમતાનો નવો યુગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ ખાતે ભારતીય ડાક વિભાગ દ્વારા “વન સ્ટેટ વન જીએસટી”ના અસરકારક અમલીકરણ માટે વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે શુભારંભ કરાવ્યો હતો. વર્કશોપમાં રાજ્યભરના વિવિધ મંડળોના અધિકારીઓ, સિનિયર પોસ્ટમાસ્ટર અને લેખાધિકારીઓએ ભાગ લઈ નવી જીએસટી પ્રણાલી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે “વન સ્ટેટ વન જીએસટી” અમલમાં આવતાં ડાક વિભાગની નાણાકીય અને વહીવટી



પ્રક્રિયાઓમાં એકરૂપતા, પારદર્શિતા અને કાર્યક્ષમતા વધશે. અગાઉ વિવિધ મંડળોમાં અલગ-અલગ જીએસટી નોંધણીઓ અને પ્રક્રિયાઓના કારણે સર્જાતી જટિલતાઓ હવે દૂર થશે અને સમગ્ર રાજ્ય માટે એકીકૃત જીએસટી પ્રણાલી કાર્યરત બનશે. આથી ટેક્સ અનુપાલન, ઈન્વોઈસ મેનેજમેન્ટ, ઈનપુટ ટેક્સ ક્રેડિટ અને નાણાકીય રિપોર્ટિંગ વધુ સરળ અને ઝડપી બનશે. વર્કશોપ દરમિયાન સિનિયર લેખાધિકારી શ્રી બી. શિવા કુમાર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નિર્મલ ભંડારીએ જૂની અને નવી જીએસટી પ્રણાલીની તુલના, ઈનપુટ ટેક્સ ક્રેડિટ, માસિક રિટર્ન, જીએસટી-ટીડીએસ સહિતના મુદ્દાઓ પર વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સુશ્રી પૂજા રાઠોરે સ્વાગત પ્રવચન સાથે વર્કશોપની રૂપરેખા રજૂ કરી હતી. આ પ્રસંગે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, પાટણ અને બનાસકાંઠા સહિતના વિવિધ મંડળોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. “વન સ્ટેટ વન જીએસટી”ને ડાક વિભાગ માટે વહીવટી સુધારાના ઐતિહાસિક પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે, જે ભવિષ્યમાં વધુ જવાબદાર અને સુવ્યવસ્થિત કામગીરીને પ્રોત્સાહન આપશે.

## કોમર્શિયલ ગેસથી લઈને પેટ્રોલ-ડીઝલ સુધી સતત ભાવવધારો, જનતા પર મોંઘવારીનો માર : ડો. કરન બારોટ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે સામાન્ય માણસોની જિંદગી સાથે સંકળાયેલી તમામ વસ્તુઓના ભાવ દિવસે દિવસે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વધી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ત્રણ રૂપિયાનો વધારો થયો છે, જ્યારે ગેસના ભાવમાં બે રૂપિયાનો વધારો નોંધાયો છે. થોડા દિવસ પહેલાં કોમર્શિયલ ગેસના ભાવમાં પણ લગભગ નવસો રૂપિયાનો વધારો નોંધાયો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં જ્યારે વધારો થાય છે ત્યારે તેની અસર માત્ર વાહનચાલકો પર જ થતી નથી, પરંતુ સમગ્ર પરિવાર અને રોજિંદા જીવનમાં વપરાતી તમામ વસ્તુઓ પર તેની સીધી અસર પડે છે. ડીઝલના ભાવમાં વધારો થતાં તેનો ભાર ટ્રાન્સપોર્ટ સેક્ટર પર આવે છે અને તેના કારણે સમગ્ર પરિવહન વ્યવસ્થા પ્રભાવિત થાય છે. ડો. કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અને પ્રવક્તાઓ વારંવાર પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની હાલતનું ઉદાહરણ આપે છે અને ત્યાંના પેટ્રોલના ભાવની વાત કરે છે. પરંતુ જો ભારતમાં પણ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવી સરકાર ચલાવવામાં આવી હોત તો દેશની જનતાએ તેમને વોટ આપ્યા ન હોત.AAP મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલના ભાવ ઘટ્યા હોવા છતાં તેનો લાભ ગુજરાત અને દેશની જનતાને મળ્યો નથી અને સરકારની તિજોરી ભરાય છે. પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવો દ્વારા લોકોના ખિસ્સા કાપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા જન્મથી 3 વર્ષના બાળકો માટે નિઃશુલ્ક સમર બેચનો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરના સેક્ટર-29 સ્થિત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા જન્મથી ત્રણ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને કાર્યરત “શિશુ પરામર્શન કેન્દ્ર” દ્વારા ઉનાળાની રજાઓ દરમિયાન વિશેષ નિઃશુલ્ક સમર બેચ શરૂ કરવામાં આવી છે. તા. 18 મે થી 29 મે, 2026 દરમિયાન યોજાનારી આ સમર બેચનો મુખ્ય હેતુ માતા-પિતાને બાળ વિકાસ અંગે માર્ગદર્શન આપવાનો તેમજ નાના બાળકોને સર્જનાત્મક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડવાનો છે. સમર બેચ દરમિયાન વાલીઓને શિશુ કાઉન્સેલિંગ, રમત-ગમત, બાળગીત,



બાળવાર્તા અને અભિનયગીત જેવી પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે, જેથી વધુમાં વધુ વાલીઓ અને બાળકો તેનો લાભ લઈ શકે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના શિશુ પરામર્શન કેન્દ્રમાં જન્મથી ત્રણ વર્ષ સુધીના બાળકોના પ્રારંભિક વિકાસને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક અભિગમ સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. બાળપણના સંવેદનશીલ તબક્કામાં યોગ્ય સંસ્કાર, સર્જનાત્મક વાતાવરણ અને વિકાસલક્ષી દિશા મળે તે માટે માતા-પિતાને પણ વિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે.

## એસ્ટેટ વિભાગની ટીમ ઉપર લારીવાળાઓનો પથ્થરમારો

# ગાડીના કાચ તોડ્યા, પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ, નિકોલમાં દબાણ દૂર કરવા જતા મામલો બિચક્યો

અમદાવાદ | અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે રોડ પરના લારી ગલ્લાના દબાણો દૂર કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ ઝૂંબેશ અંતર્ગત નિકોલમાં મનમોહન ચાર રસ્તાથી ખોડીયાર મંદિર થઈ નિકોલ ગામ થઈ ગંગોત્રી સર્કલ થઈ અટલ આવાસ સુધીના રોડ પર પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા દબાણો દૂર કરવામાં આવી રહ્યા હતા ત્યારે એસ્ટેટની ટીમ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. સ્થાનિક લારી ગલ્લાવાળાઓએ પથ્થરમારો કરી ગાડીના કાચ તોડી નાખ્યા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

માહિતી મુજબ અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. ખાસ કરીને લારીઓ વાળા અને પાથરણાંવાળાઓ સાંજે રોડ ઉપર શાકભાજીની લારીઓ લઈને ઉભા રહી જાય છે જેના કારણે થઈને મુખ્ય રોડ ઉપર વાહનચાલકોને હાલાકી પડે છે. આજે સાંજે 6.30 વાગ્યાની આસપાસ મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વ ઝોનની એસ્ટેટ વિભાગની ટીમ નિકોલ વોર્ડમાં ગંગોત્રી સર્કલ થઈને અટલ આવાસ યોજના તરફ જઈ રહી હતી ત્યારે રોડ ઉપર અનેક શાકભાજીની લારીઓ અને પાથરણાવાળા હતા.

એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા રોડ ઉપર દબાણ કરેલી તમામ લારીઓને અને પાછળના વાળાઓને તેમના સામાન સાથે ઉપાડી લેવાની શરૂઆત કરી હતી, ત્યારે શાકભાજી વેચનારી મહિલાઓ હાથમાં દંડો લઈને આવી હતી અને







એસ્ટેટ વિભાગના કર્મચારીઓને ધમકાવ્યા હતા. લારીઓ અને સામાન લેવાનું શરૂ કરવાની સાથે જ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. એન્ફોર્સમેન્ટ ટીમની એક ગાડી ઉપર પથ્થર મારો કરીને કાચ તોડી નાખવામાં આવ્યા હતા. કર્મચારીઓ જે ગાડીમાં બેઠા હતા તે ગાડીની આગળ આવી અને ઉભા રહી ગયા હતા.

એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા શહેરમાંથી દબાણો દૂર કરવા માટેની કડક ઝુંબેશ હાથ ધરી છે ત્યારે હવે સાંજના સમયે મુખ્ય રોડ ઉપર ક્યાંય પણ જો લારીઓ અથવા અન્ય દબાણ હશે તો તમામ દબાણો એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા દૂર કરવાની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે. શહેરના તમામ વિસ્તારોમાં દબાણ હટાવવાની ડ્રાઈવ કરવામાં આવી રહી છે. જો કોઈ પણ આ કામગીરીમાં રૂકાવટ કરશે તો સરકારી કામમાં રૂકાવટ અંગે પોલીસ ફરિયાદ નોંધાવવા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવશે.

# ઉદ્યોગપતિઓને જમીન મળે, ગરીબોને આશરો કેમ નહીં? : ઈસુદાન ગઢવી

અમદાવાદ/જામનગર/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડીયોના માધ્યમથી જણાવ્યુ હતુ કે સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને કાઠીયાવાડમાં આપણી પરંપરાઓમાં “ચતુરાઈ ચારણની, રીત રજપૂતની, આસરો આહિરનો” જેવી કહેવતો વર્ષોથી પ્રચલિત છે. આહિર સમાજ હંમેશા આશરો આપનાર સમાજ તરીકે ઓળખાયો છે. અંગ્રેજોની શાસનવ્યવસ્થામાં પણ આ પરંપરાઓ જીવંત રહી હતી. કોઈ મુસાફર રાત્રી દરમિયાન આહિર સમાજના ઘેર પહોંચે તો તેને ખાવા-રહેવાની અને રાતવાસાની વ્યવસ્થા મળતી હતી. પરંતુ આજે જામનગરમાં આહિર સમાજનું એક વૃદ્ધ દંપતી વર્ષોથી જ્યાં રહે છે, ત્યાંથી ભાજપ શાસિત તંત્ર દ્વારા તેમને હટાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે ભાજપની મહાનગરપાલિકા બનતા જ ફરીથી ડિમોલિશનની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે અને ગરીબો, વંચિતો અને શોષિતોને બચાવવાની જગ્યાએ તેમના માથે તંત્ર તૂટી પડ્યું છે. ધોમધખતા તડકામાં આ વૃદ્ધ દંપતી ક્યાં જશે તેની કોઈને ચિંતા નથી. તેમણે પ્રશ્ન કર્યો કે ઉદ્યોગપતિઓને હજારો એકર જમીનો સસ્તા ભાવે આપવામાં આવે છે, તો ગરીબોને રહેવા માટે મકાન કેમ આપવામાં નથી આવતું? જો સરકાર આટલું પણ ન કરી શકે તો આવી સરકારને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી અને રાજીનામું આપી દેવું જોઈએ.



ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે સમાજો ભાજપને મજબૂતીથી મત આપે છે, પરંતુ બદલામાં સમાજોને શું મળે છે તે આજે લોકો જોઈ રહ્યા છે. તેમણે કહ્યું કે એક વૃદ્ધ મહિલાને પોલીસ દ્વારા ટીંગાટોળી કરીને લઈ જવામાં આવે છે તે જોતા શરમથી માથું ઝૂકી જાય છે. આ તંત્ર, શાસકો અને નેતાઓ અંગ્રેજી માનસિકતાથી કામ કરી રહ્યા છે. પોલીસ, કોર્પોરેશન અને તંત્રની શક્તિનો ઉપયોગ ગરીબોને હેરાન કરવા માટે થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે જો ડિમોલિશન કરવું હોય તો પહેલા વૈકલ્પિક વ્યવસ્થા આપવી જોઈએ.

# News Brief

## ખંભાળિયા-દ્વારકા હાઈવે પર જોખમી વીજ લાઈનો:વીજ લાઈનોને કારણે અકસ્માતનો ભય, કિસાન સંઘે કરી રજૂઆત



ખંભાળિયા, દ્વારકા ખંભાળિયા | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયાના વાડીનારથી દ્વારકાના કુરંગા સુધીના નેશનલ હાઈવે પર પીજીવીસીએલની હાઈ ટેન્શન (HT) અને લો ટેન્શન (LT) વીજ લાઈનો 19 જગ્યાએથી પસાર થાય છે. આ લાઈનો મોટા વાહનો અને વાહનચાલકો માટે જોખમી બની રહી છે.

આ જોખમી સ્થિતિ અંગે ભારતીય કિસાન સંઘે કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નીતિન ગડકરીને રજૂઆત કરી હતી. કિસાન સંઘે જણાવ્યું હતું કે હાઈવે પરથી પસાર થતી આ વીજ લાઈનોને કારણે અકસ્માતનો ભય રહે છે, ખાસ કરીને મોટા વાહનો અને ટ્રક ચાલકો માટે આ વધુ જોખમી છે. મંત્રી નીતિન ગડકરીએ આ રજૂઆત બાદ નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) ને લાઈનો ખસેડવા માટે સૂચના આપી હતી. કામગીરી અટકી પડતા સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ભારતીય કિસાન સંઘે ફરી એકવાર તાત્કાલિક ધોરણે આ જોખમી વીજ લાઈનોને હાઈવે પરથી ખસેડવાની માંગ કરી છે, જેથી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

## નબીપુર નજીક હાઈવા ટ્રકમાં આગ:NH-48 પર મોડી રાત્રે ઘટના, કોઈ જાનહાનિ નહીં



ભરૂચ | ભરૂચ જિલ્લાના નબીપુર નજીક નેશનલ હાઈવે નંબર-48 પર મોડી રાત્રે એક હાઈવા ટ્રકમાં આગ લાગી હતી. આ ઘટનાને કારણે હાઈવે પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. લાંબા પ્રયાસો બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. આ ઘટનાને કારણે નેશનલ હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક ધીમો પડ્યો હતો અને હળવો ટ્રાફિક જામ પણ સર્જાયો હતો. સદનસીબે, આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

## યુવકે રીલ બનાવવા દીપડાને દોડાવ્યો : મેં એવું કામ કર્યું જે આખી દુનિયામાં કોઈ ન કરી શકે

વડોદરા | વડોદરાના કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયમાં દીપડાની પજવણીનો ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ વીડિયોએ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલા પ્રાણીઓની અને અહીં આવતા પ્રવાસીઓની સુરક્ષાને લઈ ગંભીર સવાલ ઉભો કર્યો છે. સોશિયલ મીડિયામાં વાઈરલ વીડિયોમાં બે થી ત્રણ યુવકો દીપડાને જ્યાં રાખવામાં આવ્યા છે તે ગુફા સુધી પહોંચીને રીલ બનાવતા જોવા મળી રહ્યા છે. યુવકો પાંજરાની બહાર દોડીને દીપડાને દોડાવતા પણ દેખાઈ રહ્યા છે. સાથે રીલ બનાવીને યુવક કહી રહ્યો છે કે, આખી દુનિયામાં કોઈ ન કરી શકે એવું કામ મેં કર્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ વીડિયો વાઈરલ કરવા લોકોને અપીલ પણ કરી રહ્યો છે. વડોદરાના સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં હજારો સહેલાણીઓ આવે છે. હાલમાં વેકેશનનો સમય ચાલી રહ્યો છે ત્યારે અહીં કેટલાય સહેલાણીઓ પ્રાણીઓ જોવા આવે છે. ખાસ કરીને બાળકોને અહીં ખુબ મઝા આવે છે. પરંતુ પ્રાણી સંગ્રહાલયમાં સુરક્ષામાં ચૂક થઇ હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ત્રણ જેટલા યુવાનો છેક દીપડાના પાંજરા સુધી પહોંચી ગયા હતા. એટલું જ નહિ આ યુવાનોએ દીપડાને હેરાનગતિ કરી હોવાનું પણ માલુમ પડી રહ્યું છે. આ પૈકી એક યુવાન દીપડાને દોડાવી રહ્યો હોવાનું પણ જણાઈ રહ્યું છે. આ યુવાનોએ માત્ર નિયમોનું ઉલ્લંઘન જ નથી કર્યું, પરંતુ ત્યાં જઈને સોશિયલ મીડિયા પર ફેમસ થવા માટે રીલ્સ અને વીડિયો પણ બનાવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

# મિશન મિલિયન ફાઈવની તૈયારી વચ્ચે અમદાવાદમાં એક વર્ષમાં૨૨૭ વૃક્ષ ગેરકાયદે કાપી નંખાયા

અમદાવાદ | વર્ષ-૨૦૨૬-૨૭માં અમદાવાદમાં પચાસ લાખ વૃક્ષો વાવવાની તૈયારી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામા આવી રહી છે.જયારે વાસ્તવિકતા એ છે કે, શહેરમાં એક વર્ષના સમયમાં ૨૨૭ વૃક્ષ ગેરકાયદે કાપી નાંખવામા આવ્યા છે. ગેરકાયદેસર વૃક્ષ બગીચા વિભાગની નજર સામે કાપવામા આવ્યા હોવા છતાં ખાતા તરફથી માત્ર નોટિસ આપી કામગીરી કર્યાનો સંતોષ માનવામા આવ્યો છે.સાત ઝોનમાંથી ૧૫૨૯ વૃક્ષ કાપવા માટે મંજૂરી માંગવામા આવી હતી. જે સામે ૫૧૪ અરજી બગીચા વિભાગે મંજૂર કરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનુ બગીચા ખાતુ વિવાદનુ કેન્દ્ર બનેલુ છે. મિશન મિલીયન ફોર અંતર્ગત રુપિયા ૬૯ કરોડનો ખર્ચ પ્લાન્ટેશન માટે મંજૂર કરવામા આવ્યો હતો.જે સામે ખર્ચની રકમ રુપિયા ૧૩૬ કરોડ સુધી પહોંચી જતા મ્યુનિસિપલ કમિશનરે ફાઈલ મંજૂર



કરવાની ના પાડી દીધી હતી.દર બુધવારે મળતી મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામા વીકલી રીવ્યુ બેઠકમાં કમિશનરે એક દિવસ અગાઉ જેમની બદલી થઈ છે એવા પૂર્વ ડેપ્યુટી કમિશનરની બગીચા ખાતાની નિષ્ફળ કામગીરીને લઈ વખતોવખત ટીકા કરી હતી.મિશન ફાઈવ મિલિયન અભિયાન માટે મ્યુનિસિપલ કમિશનરને આગેવાની લેવી પડે એ જ બાબત બગીચા ખાતાની કેટલી હદે નબળી કામગીરી છે તે સુચવી રહી છે.

# સુરતના તાપમાનમાં 8°C ઘટાડા બાદ એકઝાટકે 5°Cનો ઉછાળો: કાલથી ગરમી ઘટશે

અમદાવાદ | 14 મે, ગુરુવારે પણ ગુજરાતમાં આકરી ગરમી રહી હતી અને મહત્તમ તાપમાનનો પારો 45ને પાર નોંધાયો છે. આ સીઝનમાં પહેલીવાર ભાવનગરમાં તાપમાન 45.2 ડિગ્રીએ પહોંચ્યું છે, જે ગઈકાલનું રાજ્યનું સૌથી ઊંચું તાપમાન હતું. અહીં 24 કલાકની અંદર જ તાપમાનમાં 4.5 ડિગ્રીનો ઉછાળો જોવા મળ્યો છે. તો સુરતમાં 13 મેના રોજ તાપમાનમાં 8 ડિગ્રીના ઘટાડા બાદ ગઈકાલે પારો સીધો 5 ડિગ્રી વધીને 39.4Cએ પહોંચ્યો છે. રાજ્યના છ શહેરોમાં તાપમાન 43 ડિગ્રીથી વધુ નોંધાયું છે.

છેલ્લા 24 કલાકમાં થયેલા મહત્તમ તાપમાનના મોટા ફેરફારની વાત કરીએ તો ભાવનગરમાં 4.5C, દીવમાં 3.8C અને વડોદરામાં 1.2 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. જ્યારે પોરબંદરમાં 3.2C, કંડલામાં 1.5C અને નલિયામાં 1.5Cનો ઘટાડો થયો છે. રાજ્યના અન્ય શહેરોના તાપમાનમાં પણ સામાન્ય વધઘટ નોંધાઈ છે.

આજે હવામાન વિભાગ દ્વારા રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છમાં ‘યલો એલર્ટ’ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ, આવતીકાલથી થોડા દિવસો માટે લોકોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. પવનની દિશામાં ફેરફાર થવાને કારણે તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે અમદાવાદમાં 43C, ગાંધીનગરમાં 43 C, સુરતમાં 40C, રાજકોટમાં 43C, વડોદરામાં 42C, અમરેલીમાં 43C, ભૂજમાં 41C અને ડીસામાં 42C મહત્તમ તાપમાન નોંધાઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદના 3 દિવસમાં તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. આજે હીટવેવના એલર્ટ સાથે કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ‘યલો એલર્ટ’ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, પોરબંદર, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં પણ હીટવેવની સ્થિતિ યથાવત્ રહી શકે છે.

## મોરબીના જેતપર રોડ પર પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ

મોરબી | શહેરના જેતપર રોડ પર આવેલી ‘મોર્ડન પોલિમર્સ’ નામની પ્લાસ્ટિકની ખુરશી બનાવતી ફેક્ટરીમાં ગુરુવારે રાત્રે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં લાખો રૂપિયાનું રો-મટીરીયલ અને તૈયાર ઉત્પાદન બળીને ખાખ થઈ ગયું છે, જોકે સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જેતપર રોડ પર ઈટા મેક્સ નામના બંધ પડેલા સિરામિક કારખાનાનો શેડ ભાડે રાખીને તેમાં ’મોર્ડન પોલિમર્સ’નું એકમ કાર્યરત હતું. ગુરુવારે રાત્રે 8:00 વાગ્યે કામકાજ બંધ થયા બાદ પ્લાસ્ટિકના જથ્થાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા તંત્ર દ્વારા ’મેજર કોલ’ જાહેર કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ મોરબી નગરપાલિકાના ફાયર ઓફિસર જયેશભાઈ ડાકીની ટીમ ચાર ફાયર ફાઈટરો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. અંદાજે 4 કલાક સુધી સતત પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. જોકે, પ્લાસ્ટિક મટીરીયલ હોવાથી અંદરખાને આગ ધગધગતી હોવાથી અને પવનને કારણે ફરી જ્વાળાઓ ન ફાટે તે માટે ફાયરની ટીમને લાંબો સમય સ્થળ પર તૈનાત રાખવામાં આવી હતી.

# PGમાં સાથે રહેતા, ખાતા-પીતા રુમ પાર્ટનરે જ જીવ લીધો દરવાજો મોડો ખોલવાની તકરારમાં છરીના ઘા ઝીંકી યુવકની હત્યા

અમદાવાદ | જીવરાજ પાર્ક નજીક આવેલા એક પીજી આવાસમાં રહેતા બે યુવાનો વચ્ચે દરવાજો ખોલવા જેવી સામાન્ય બાબતમાં થયેલી તકરારમાં યુવકની હત્યા થઈ હતી. એક યુવકે અન્ય મિત્ર સાથે મળીને મૃતક યુવકના પેટમાં છરીનો ઘા મારી તેની હત્યા કરી હતી.પોલીસે હત્યારા કરનારા બે આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ શરૂ કરી છે.

હિરેન મનશીભાઈ સોલંકી (ઉં.વ. 25) એપલ સ્ટોરમાં પ્રાઈવેટ નોકરી કરતો હતો, તે જીવરાજ પાર્ક નજીક આવેલા એક પીજી આવાસમાં મહાવીરસિંહ મહોબતસિંહ જાદવ (ઉં.વ. 23, મૂળ સુરેન્દ્રનગર) અને રણવીરસિંહ સાથે રહેતો હતો.મહાવીરસિંહ પણ એપલ સ્ટોરમાં જ કામ કરતો હતો.બંને યુવાનો સાથે રહેતા હોવાથી પીજીના કબાટમાં પોતાનો સામાન મૂકવા જેવી સામાન્ય બાબતોને લઈને તેમની વચ્ચે નાની-મોટી બોલાચાલી થતી રહેતી હતી.

આ દરમિયાન બુધવારે વહેલી સવારે બંને વચ્ચે દરવાજો મોડો ખોલવા બાબતે તકરાર થઈ હતી.જેમાં ઉશ્કેરાઈ ગયેલા મહાવીરસિંહે રણવીરસિંહ સાથે મળીને પોતાની પાસે રહેલી છરી હિરેનના પેટમાં મારી દીધી હતી, જેના કારણે હિરેનનું મોત થયું હતું. વેજલપુર પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી મહાવીરસિંહ અને રણવીરસિંહની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, હત્યા સમયે રણવીરસિંહ મહાવીરસિંહને છરી આપી હતી.દરવાજો ખોલવા અને સામાન લેવા બાબતે જ હત્યા કરવામાં આવી હતી.

અન્ય એક બનાવમાં ચાંદખેડાના ઝુંડાલ સર્કલ પાસેથી લથપથ હાલતમાં જસ્મિતસિંગની લાશ મળી આવી હતી. મૃતક જસ્મિતસિંગ પેથાપુરના લાભ એપાર્ટમેન્ટમાં રહેતો 30 વર્ષીય જસ્મિતસિંગ 12 મેની સાંજે ઘરેથી બાઈક લઈને નીકળ્યો હતો, પરંતુ તે જીવતો પરત ન ફર્યો અને ચાંદખેડા પોલીસે પરિવારને 13 મેની સવારે હત્યાની જાણ કરી હતી. પોલીસે હત્યા મામલે.તપાસ હાથ ધરી હતી. મૃતકની પત્ની અજીતકૌરે પોલીસને જણાવ્યું હતું કે જસ્મિતના ચાંદખેડાની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો.આ યુવતી જસ્મિતને અવારનવાર પૈસા માટે બ્લેકમેલ કરતી હતી અને ધમકી આપતી હતી કે, હું માણસા રહેતા મારા મામાના દીકરા પાસે તારું મર્ડર કરાવી દઈશ ત્યારે ચાંદેખડા પોલીસે શંકાસ્પદ પ્રેમિકા દીપકૌર બાવરી, માનસિંગ બાદલસીંગ ટાંક સહિતના લોકોની તપાસ ચાલી રહી છે.

ચાંદખેડા પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, મૃતક જ્યારે પ્રેમિકા દીપકૌરના ઘરે હાજર હતો ત્યારે મૂળ મુંબઈ માનસિંગ ટાંકે આવીને છરીથી જીવલેણ હુમલો કરી દીધો હતો અને ત્યાંથી મૃતક ભાગતો ભાગતો મુખ્ય રોડ સુધી આવ્યો હતો.

ત્યાં માનસિંગ ટાંકે મૃતકને અસંખ્ય છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી અને દીપકૌરને લઈને ટ્રેન મારફતે ફરાર થઈને દીપકૌરના બહેન મહેમદાવાદ રહે છે ત્યાં ગયા હતા. જ્યાંથી માનસિંગ કપડાં બદલીને ફરાર થઈ ગયો હતો. ચાંદખેડા પોલીસના હાથે દીપકૌર આવી ગઈ હતી. હાલ ચાંદખેડા પોલીસે દીપકૌરની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરી છે કે, હત્યા કરવા કોણ કોણ આવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સ્થાનિકો ભડક્યા, 'મંદિરો પબ્લિકને નહીં ભાજપને નડે છે, હિન્દુના નામે ચૂંટાયા, સત્તા જતા વાર નહીં લાગે'

# રાજકોટમાં રાત્રે 8 હનુમાનજીની દેરી સહિત 12 મંદિર તોડી પડાયા

(એજન્સી) રાજકોટ। તા. 15

રાજકોટમાં 14 મેની મોડીરાત્રે એક સાથે 12 જેટલા મંદિરો પર દાદાનું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું. આ કામગીરી દરમિયાન મવડી મેઈન રોડ પર સ્થાનિકો દ્વારા રસ્તા પર બેસી મંદિર બચાવવા રામધૂન બોલાવવામાં આવી હતી અને વહેલી સવારે 4 વાગ્યે અધિકારીઓ સાથે રકઝક કરી નડતર રૂપ ન હોવાનું કહી મંદિરને તોડવા દેવામાં આવ્યું ન હતું. આ મંદિર આગામી 48 કલાકમાં નાનું બનાવી દેવા માટે ખાતરી આપતા મંદિરના બદલે રસ્તા પરમાં ઓટાને બુલડોઝર વડે તોડી પાડવામાં આવ્યો હતો.

અહીં સ્થાનિકોએ ભાજપની નીતિ સામે સવાલો ઊઠાવ્યાં હતાં. એક સ્થાનિકે કહ્યું કે, ભાજપ ધર્મના નામે મત માગીને ચૂટાઈ છે.

હિન્દુઓએ ભાજપને ભરી-ભરીને મત આપ્યાં. કોર્પોરેટરોને મત મળી ગયાં તો આજે આરામથી સૂતા છે. આજે 2 લોકો જાગ્યા, કાલે 5 હજાર જાગશે, સત્તા ક્યારે જતી રહેશે તે પણ નહિ ખબર પડે.



#### રાત્રે દોઢ વાગ્યાથી ડિમોલિશનની કામગીરી

રાજકોટ મહાનગપાલિકા દ્વારા ટ્રાફિકને અડચણ રૂપ અને રોડ રસ્તા પર આવતા નાના મંદિરો અને હનુમાનજીની ડેરી તોડી પાડવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો.

કામગીરી દરમિયાન કોઈ મોટું ઘર્ષણ ન થાય આ માટે તંત્ર દ્વારા રાત્રિના સમયે ડિમોલિશન કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. સમગ્ર ડિમોલિશનની પ્રક્રિયા રાત્રે દોઢ વાગ્યાથી શરૂ કરી 5 વાગ્યા સુધી ચાલી હતી. આ માટે તંત્ર દ્વારા ફાયર વિભાગ, PGVCL, વિજિલન્સ અને સ્થાનિક પોલીસની મદદ લેવામાં આવી હતી, જેમાં મજૂરોને પણ સાથે રાખવામાં આવ્યા હતા.

#### માલવિયા નગર વિસ્તારમાં 9 મંદિરનું ડિમોલિશન

કુલ 12 જેટલા ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા હતા, જે પૈકી રાજકોટના માલવિયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં 9 જેટલા મંદિરો તોડી પાડવા માટે નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે માલવિયાનગર પોલીસ સ્ટેશન પીઆઈ જે. એમ. કૈલા, 5 PSI અને 60 પોલીસ કર્મચારીઓન બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો.

#### મવડીમાં કેસરિયા હનુમાન મંદિરે સ્થાનિકો તોડવા ન દીધુ

માલવિયાનગર પોલીસ સ્ટેશનથી તદ્દન નજીક મવડી ચોક પાસે રસ્તા પર કેસરિયા હનુમાન મંદિર આવેલું છે, જેને તોડી પાડવા માટે RMC દ્વારા નોટિસ આપવામાં આવી હતી. જો કે આ વાતની જાણ થતા સ્થાનિક લોકો અને યુવાનો મોટી સંખ્યામાં મંદિર ખાતે એકત્રિત થઇ ગયા હતા અને રસ્તા પર રામધૂન બોલાવી હતી. સતત ચાર કલાક સુધી મંદિર બહાર બેસી રહી બાદમાં ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારી સાથે રૂબરૂ સ્થળ પર ચર્ચા કરી મંદિરથી 500 મીટર દૂર રસ્તામાં દરગાહ આવેલ હોવા છતાં તેને નોટિસ ન આપી હિન્દૂ સમાજની લાગણી દુભાઈ તે પ્રકારનું કામ થઇ રહ્યું છે.

## બિલ્ડર પુત્રને બચાવવા રાજકોટ પોલીસનો પ્રયાસ!



રાજકોટ : રાજકોટ શહેરના 150 ફૂટ રિંગ રોડ પર 13 મેને બુધવારે બપોરના 1 વાગ્યા આસપાસ બિલ્ડર મહેશભાઈ પીપળીયાના પુત્ર ધવલે બેફામ વોલ્વો કાર ચલાવી એક સાથે ચાર ફોર-વ્હીલ અને એક ટુ-વ્હિલરને હડફેટે લીધા હતાં. આ અકસ્માતમાં બાઈક સવાર દંપતીને ગંભીર ઈજા સાથે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટના સમયે હાજર લોકો અને અકસ્માતનો ભોગ બનેલા લોકોનું કહેવું છે કે, કારચાલક ચિકાર નશાની હાલતમાં હતો. જો કે, આમ છતાં હજુ સુધી કારચાલક સામે કાર્યવાહી કરવામાં ન આવતા પોલીસની કાર્યવાહી સામે સવાલો ઉભા થઇ રહ્યા છે.

એટલું જ નહીં BRTS રેલિંગને નુકસાન પહોચાડ્યું હોવા છતાં પબ્લિક પ્રોપર્ટી ડેમેજ અંગે કોઈ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી, માટે કારચાલક બિલ્ડર પુત્ર ધવલ મહેશભાઈ પીપળીયાને બચાવવાની ભૂમિકામાં પોલીસ હોય તેવું લાગી રહ્યુ છે. રાજકોટ શહેર એસીપી વી. બી. જાડેજાએ જણાવ્યું કે, ગઈકાલે માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બપોરના 1 વાગ્યા આસપાસ કાળા કલરની વોલ્વો કાર(GJ03 NF5666)નો ચાલક પુરપાટ ઝડપે બેફિકરાઈ પૂર્વક ચલાવી અન્ય ચાર મોટરકાર અને એક બાઈકને અડફેટે લીધું હતું.

## સરદાર પટેલના પ્રાણ બચાવનાર વીર શહીદ બચુભાઈ અને જાદવજીભાઈને 87મી પુણ્યતિથિએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અપર્ણ કરાઈ

(એજન્સી) ભાવનગર । તા. 15

આજથી 87 વર્ષ પૂર્વે ભાવનગરની ધરતી પર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ પર થયેલા જીવલેણ હુમલાને નિષ્ફળ બનાવી પોતાનું બલિદાન આપનાર બે વીર સપૂતો, બચુભાઈ પટેલ અને જાદવજીભાઈ મોદીની શહીદીને આજે ભાવનગરવાસીઓએ ગૌરવભેર યાદ કરી હતી, જેમાં સરદાર યુવા મંડળ દ્વારા ખારગેઈટ ચોક ખાતે એક વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ ઘટના 14 મે 1939ના રોજ ભાવનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય અધિવેશન યોજાવાનું હતું, જેમાં રેલવે સ્ટેશનથી ખુલ્લી જીપમાં સરદાર સાહેબનું ભવ્ય સરઘસ નીકળ્યું હતું, આ સમયે કણબીવાડના બે નીડર યુવાનો, બચુભાઈ પટેલ અને જાદવજીભાઈ મોદીને સરદાર પર હુમલો થવાની આશંકા જાગતા તેઓ રક્ષણ માટે જીપની નજીક જ રહ્યા હતા.,જેવું સરઘસ ખારગેઈટ ચોક પહોંચ્યું, ત્યારે નગીના મસ્જિદમાંથી અચાનક 25 થી 30 જેટલા સશસ્ત્ર હુમલાખોરોએ સરદાર પટેલ પર તલવારો વડે હુમલો કર્યો હતો, આ કટોકટીની પળે બંને યુવાનો ઢાલ બનીને સરદારની આડે આવી ગયા અને તલવારોના તમામ ઘા પોતાના શરીર પર ઝીલી લીધા હતા, આ હુમલામાં બચુભાઈ પટેલનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું, જ્યારે જાદવજીભાઈ મોદીએ સર ટી. હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. પોતાના પ્રાણની આહુતિ આપીને આ બંને વીરોએ ભાવનગરના ઈતિહાસ પર લાગનારી 'કાળી ટીલી' રોકી લીધી હતી.

## રાજ્યસભા MP શક્તિસિંહના અધ્યક્ષસ્થાને ચિત્રા ઓમ પાર્ટી પ્લોટ ખાતે સ્નેહમિલન યોજાશે

(એજન્સી) ભાવનગર । તા. 15

આગામી રવિવારે ગોહિલવાડની ધરતી પર કોંગ્રેસ સંગઠન પોતાની તાકાત બતાવવા જઈ રહ્યું છે, જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલ અને જિલ્લા પ્રમુખ પ્રવીણભાઈ રાઠોડના નેતૃત્વમાં ચિત્રા સ્થિત ઓમ પાર્ટી પ્લોટ ખાતે 'સ્નેહમિલન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમા રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને યોજાનારા આ કાર્યક્રમમાં હજારો કાર્યકરો અને આગેવાનો ઉમટી પડશે.

આ અંગે ભાવનગર શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલે જણાવ્યું હતું કે, આગામી 17 મેના રોજ સાંજે 6:00 કલાકે ચિત્રા સ્થિત ઓમ પાર્ટી પ્લોટ ખાતે ભાવગર શહેર કોંગ્રેસ પરિવારનું સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. જેમાં રાજ્યસભાના સાંસદ તથા ગુજરાત કોંગ્રેસના અગ્રણી નેતા શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને યોજનાર આ કાર્યક્રમને કોંગ્રેસના સંગઠનાત્મક શક્તિને મજબૂત કરવા માટે યોજાઈ રહ્યું છે,

લાલભા ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના કાર્યકરો જ સંગઠનની સાચી તાકાત છે કાર્યકરોના પરિશ્રમ, સમર્પણ અને સતત જનસંપર્કના કારણે કોંગ્રેસ લોકોના દિલમાં આજે પણ મજબૂત સ્થાન ધરાવે છે. આ સ્નેહમિલન માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ કોંગ્રેસ પરિવારના દરેક કાર્યકરોને સન્માન અને પ્રોત્સાહન આપવાનો અવસર બનશે. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા વર્તમાન રાજકીય પરિસ્થિતિ, સંગઠન મજબૂતી અને આવનારી રાજકીય રણનીતિ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે, કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો વચ્ચે આત્મીયતા વધે અને સંગઠન વધુ સશક્ત બને તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ભવ્ય કાર્યક્રમમાં કોંગ્રેસના હોદ્દેદારો, શહેર-જિલ્લાના આગેવાનો, બુથ સ્તરે કામગીરી સંભાળનાર કાર્યકરો તેમજ વર્ષોથી કોંગ્રેસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરનાર કાર્યકરોની ઉપસ્થિતમાં યોજાશે,કાર્યક્રમ દ્વારા કોંગ્રેસ સંગઠનમાં નવી ઉર્જા અને એકતાનો સંદેશ આપવામાં આવશે.

## કારીગરનો મોબાઈલ લઈ જવાના મામલે અરજી કર્યાની અદાવતમાં ધમકી આપ્યાની બે શખસ સામે ફરિયાદ

(એજન્સી) વડોદરા । તા. 14

ભાવનગર શહેરના ગઢેચી વડલા રોડ પર ભાયાણીની વાડીમાં રહેતા અને વિઠ્ઠલવાડી ઉદ્યોગનગરમાં હીરાનું કારખાનું ધરાવતા હિરેનભાઈ પટેલના એક કારીગર સાથે થોડા દિવસો પહેલા વિવાદ થયો હતો. ગત 13 મેના રોજ મજબૂતસિંહ જીલુભા જાડેજા નામના શખસે કારીગર સાથે ઝઘડો કરી તેનો મોબાઈલ ફોન લઈ લીધો હતો. આ બાબતે વેપારી હિરેનભાઈએ પોલીસમાં અરજી કરી હતી, જેનો ખાર રાખીને આરોપીઓએ વેપારીને ધમકાવવાનું નક્કી કર્યું હતું.




ઘરે જઈ પત્નીને આપી ધમકી જ્યારે હિરેનભાઈ પોતાના કારખાને હાજર હતા, ત્યારે બપોરના અઢી વાગ્યાના સુમારે મજબૂતસિંહ જાડેજા અને દેવેન્દ્રસિંહ ગોહિલ (બંને રહે. નિર્મળનગર) એક્ટિવા લઈને તેમના ઘરે પહોંચ્યા હતા. આરોપીઓએ ઘરની બહાર સતત હોર્ન વગાડીને વેપારીની પત્નીને બહાર બોલાવી હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલા શખ્સોએ હિરેનભાઈની પત્નીને સીધી જ ધમકી આપતા જણાવ્યું હતું કે, 'તારા ઘરવાળાને સાંજ સુધીમાં મારી નાખવાનો છે.' આટલું કહી બંને શખસો ત્યાંથી નાસી છૂટ્યા હતા. પોલીસ કાર્યવાહી આ ગંભીર ધમકી બાદ ગભરાયેલા પરિવારે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સમગ્ર મામલે હિરેનભાઈ પટેલે બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ BNS 351(3) અને 54 મુજબ ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે.

## પ્રેસ ક્વાટરના નાકા પાસેથી પેરોલ ફર્લો ટીમે દબોચી લીધા, હાદાનગર સરકારી સ્કુલ સામેથી કાર ચોર્યાની કબુલાત



ભાવનગર : ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડે શહેરના પ્રેસ રોડના નાકા પાસેથી બાતમીના આધારે વોચ ગોઠવીને નંબર પ્લેટ વગરની ચોરાઉ સ્વિફ્ટ કાર સાથે બે શખસોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓએ આશરે બે માસ પૂર્વે હાદાનગર સરકારી સ્કૂલ સામેથી આ કારની ચોરી કરી હોવાની કબૂલાત આપી છે. પોલીસે કાર કબજે કરીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે બંને શખસોને બોરતળાવ પોલીસ સ્ટેશન સોંપ્યા છે. પેરોલ ફર્લો ટીમની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, પકડાયેલા શખસોમાં મહેશ અશોકભાઈ રાઠોડ (ઉંમર વર્ષ 31, રહે. નારી ગામ, ભાવનગર) અને તોસીફ અનસભાઈ સીદાતર (ઉંમર વર્ષ 30, રહે. સર્વોદય સોસાયટી, હાદાનગર, ભાવનગર)નો સમાવેશ થાય છે. આ બંને શખસો જ્યારે કાર લઈને નારી ચોકડીથી ભાવનગર સીટી તરફ આવી રહ્યા હતા, ત્યારે જ પ્રેસ ક્વાર્ટરના નાકે પોલીસ સ્ટાફે તેમને આંતર્યા હતા. ગાડીના જરૂરી કાગળો કે આધાર પુરાવા ન હોવાથી અને સંતોષકારક જવાબ ન મળતા પોલીસે આ ફોર વ્હીલરને શંકાસ્પદ મિલકત તરીકે કબજે કરી હતી.

### સ્થાનિકે કહ્યું- જનતાને ઈંધણ બચાવવાની સલાહ

# પેટ્રોલમાં ₹2.99 અને ડીઝલમાં ₹3.09નો વધારો




(એજન્સી) સલાયા/ઓમાન । તા. 15

સરકાર દ્વારા આજે વહેલી સવારથી પેટ્રોલ-ડીઝલનાં ભાવમાં રૂ. 3નો ઓચિંતો વધારો કરવામાં આવ્યો છે. આજે સવારે 6 વાગ્યાથી અમલમાં આવેલા વધારાને લઈને લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ મામલે દિવ્ય ભાસ્કરે લોકો સાથે વાતચીત કરી તેઓની પ્રતિક્રિયા જાણવા પ્રયાસ કર્યો હતો. એક નાગરિકે સવાલ ઉઠાવ્યો હતો કે, જનતાને પેટ્રોલ બચાવવાની સલાહ અપાય છે, પણ મંત્રીઓના કાફલામાં અઢળક લિટરનો ધુમાડો થાય છે એનું શું? તો અન્ય નાગરિકે પેટ્રોલનાં ભાવ ટૂંક સમયમાં 100 થવાની શક્યતા પણ વ્યકત કરી હતી.

#### આ ભાવ વધારાથી તમામ વસ્તુ મોંઘી થશેઃ બિટ્ટુ ગાંધી

આ અંગે પોતાનો પક્ષ રાખતા બિટ્ટુ ગાંધીએ જણાવ્યું કે, પેટ્રોલ એ દરેક વ્યક્તિની દૈનિક જરૂરિયાત છે અને તેના ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટેશન અને કુરિયર ચાર્જ સહિતની તમામ ચીજ-વસ્તુઓના ભાવમાં વધારો થશે. તેમણે સરકારની નીતિઓ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, એકતરફ જનતાને પેટ્રોલ બચાવવાની અને સોનું ન ખરીદવાની સલાહ આપવામાં આવે છે, જ્યારે બીજી તરફ મંત્રીઓના કાફલામાં જે રીતે અઢળક લિટર પેટ્રોલનો ધૂમાડો કરવામાં આવે છે, તેનો કોઈ હિસાબ લેવામાં આવતો નથી.

#### 'સામાન્ય જનતા માટે આર્થિક બોજ સમાન'

મંત્રીઓના કાફલા પાછળ થતા ઈંધણના ખર્ચને તેમણે ચર્ચાનો વિષય ગણાવ્યો હતો અને જણાવ્યું કે, પેટ્રોલના ભાવમાં થયેલો વધારો મધ્યમ વર્ગના લોકોના ઘરના બજેટ પર અત્યંત ખરાબ અસર પાડશે. સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે પેટ્રોલના ભાવમાં આ પ્રકારનો ઝીંકાયેલો વધારો સામાન્ય જનતા માટે આર્થિક બોજ સમાન સાબિત થઈ રહ્યો છે.

#### મોંઘવારીમાં સામાન્ય માણસ માટે ઘર ચલાવવું પણ મુશ્કેલઃ નિલાબેન

નિલાબેન નામના નાગરિકે કહ્યું કે, તાજેતરમાં દુધના ભાવોમાં વધારો થયો હતો. તેમજ આજે પેટ્રોલના ભાવમાં પણ અચાનક વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ અને દૂધના ભાવમાં વધારો થવાથી સામાન્ય જનતાના બજેટ ખોરવાયા છે. હાલના સમયમાં પેટ્રોલ અને રાંધણ ગેસ જેવી તમામ પાયાની જરૂરિયાતોના ભાવ આસમાને પહોંચ્યા છે, તો તેના ઉપર સરકારે તાત્કાલિક ધ્યાન આપીને જનતાને રાહત આપવી જોઈએ. પેટ્રોલના ભાવ એટલા વધી ગયા છે કે અગાઉ રૂ. 100માં જે 1 લિટરથી વધુ પેટ્રોલ મળતું હતું.

### વસ્તી ગણતરીમાં ન જનારને 3 વર્ષની સજા થશે!

# રાજકોટમાં 1થી 30 જૂન સુધી જનગણના, 7,375 કર્મચારીને ફરજ સોંપાઈ

(એજન્સી) રાજકોટ । તા. 15

રાજકોટ શહેર અને જિલ્લામાં આગામી 1થી 30 જૂન દરમિયાન વસ્તી ગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે, જેમાં કુલ 7,375 કર્મચારીઓ ફરજ બજાવશે. આ કામગીરીના પ્રથમ તબક્કામાં ઘર ગણતરી કરવામાં આવશે, જે માટેની તાલીમ પણ શરૂ કરી દેવામાં આવી છે. વસ્તી ગણતરી જેવી રાષ્ટ્રીય મહત્વની કામગીરીમાં બેદરકારી દાખવનાર કે ગેરહાજર રહેનાર કર્મચારીઓ સામે કડક વલણ અપનાવતા તંત્ર દ્વારા 3 વર્ષની જેલની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.

#### કર્મચારીઓની નિમણૂક અને તાલીમ

રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટણી વિભાગના અધિકારી પ્રણય પંચાલે દિવ્ય ભાસ્કર ડિજિટલને જણાવ્યું હતું કે, અત્યારસુધીમાં વસ્તી ગણતરી માટે 4200 કર્મચારીઓના ઓર્ડર કરવામાં આવ્યા છે. જેમાં કુલ 18 વોર્ડમાં 18 ચાર્જ અધિકારીઓ ફરજ સોંપવામાં આવી છે. મહાનગરપાલિકામાં 1 થી 30 જૂનનો ફર્સ્ટ ફેઈઝ છે તેમાં તમામ 18 વોર્ડમાં પેરેલલ કામગીરી શરૂ કરવામાં આવશે. જે માટેની ટ્રેનિંગ 15 મે થી શરૂ થશે. જેમાં સુપરવાઈઝર અને ફિલ્ડ ટ્રેનર હોય છે.

#### કર્મચારીઓની નિમણૂક અને તાલીમ

રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટણી વિભાગના અધિકારી પ્રણય પંચાલે દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે, અત્યાર સુધીમાં વસ્તી ગણતરી માટે 4,200 કર્મચારીઓના ઓર્ડર કરવામાં આવ્યા છે. શહેરના 18 વોર્ડમાં 18 ચાર્જ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે અને 1થી 30 જૂન દરમિયાન તમામ વોર્ડમાં સમાંતર કામગીરી શરૂ કરવામાં આવશે. આ માટે સુપરવાઈઝર અને ફિલ્ડ ટ્રેનર્સની તાલીમ આજથી (15 મે) શરૂ થશે.

#### કડક કાર્યવાહીની તૈયારી




જે કર્મચારીઓ ઓર્ડર મળવા છતાં હાજર રહેતા નથી અથવા ચાર્જ ઓફિસરને યોગ્ય પ્રતિસાદ આપતા નથી, તેમની સામે સેન્સસ એક્ટ 1948ની વિવિધ કલમો તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ 222 અને 223 મુજબ કાર્યવાહી કરવાની તૈયારી રાખવામાં આવી છે.

### 24 કલાકમાં 4.5 ડિગ્રીના વધારા સાથે ભાવનગર સૌથી ગરમ

## સુરતના તાપમાનમાં 8°C ઘટાડા બાદ એકઝાટકે 5°Cનો ઉછાળો

(એજન્સી) સુરત। તા. 15

14 મે, ગુરુવારે પણ ગુજરાતમાં આકરી ગરમી રહી હતી અને મહત્તમ તાપમાનનો પારો 45ને પાર નોંધાયો છે. આ સીઝનમાં પહેલીવાર ભાવનગરમાં તાપમાન 45.2 ડિગ્રીએ પહોંચ્યું છે, જે ગઈકાલનું રાજ્યનું સૌથી ઊંચું તાપમાન હતું. અહીં 24 કલાકની અંદર જ તાપમાનમાં 4.5 ડિગ્રીનો ઉછાળો જોવા મળ્યો છે. તો સુરતમાં 13 મેના રોજ તાપમાનમાં 8 ડિગ્રીના ઘટાડા બાદ ગઈકાલે પારો સીધો 5 ડિગ્રી વધીને 39.4Cએ પહોંચ્યો છે. રાજ્યના છ શહેરોમાં તાપમાન 43 ડિગ્રીથી વધુ નોંધાયું છે.

છેલ્લા 24 કલાકમાં થયેલા મહત્તમ તાપમાનના મોટા ફેરફારની વાત કરીએ તો ભાવનગરમાં 4.5C, દીવમાં 3.8C અને વડોદરામાં 1.2 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. જ્યારે પોરબંદરમાં 3.2C, કંડલામાં 1.5C અને નલિયામાં 1.5Cનો ઘટાડો થયો છે. રાજ્યના અન્ય શહેરોના તાપમાનમાં પણ સામાન્ય વધઘટ નોંધાઈ છે.

આજે હવામાન વિભાગ દ્વારા રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છમાં 'યલો એલર્ટ' સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આવતીકાલથી થોડા દિવસો માટે લોકોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. પવનની દિશામાં ફેરફાર થવાને કારણે તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે અમદાવાદમાં 43C, ગાંધીનગરમાં 43 C, સુરતમાં 40C, રાજકોટમાં 43C, વડોદરામાં 42C, અમરેલીમાં 43C, ભૂજમાં 41C અને ડીસામાં 42C મહત્તમ તાપમાન નોંધાઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

### સુરતમાં 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા

## પેટ્રોલ-ડીઝલ ₹3-3 પ્રતિ લિટર મોંઘા, સરકારનો 'મિડનાઈટ શોક'

(એજન્સી) સુરત। તા. 15

દેશ સહિત ગુજરાતમાં ગઈકાલે(14 મે) મોડી રાત્રે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આકરો વધારો કરવામાં આવતા સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક બોજ પડ્યો છે. પેટ્રોલમાં પ્રતિ લિટર 2.99નો વધારો થતા નવો ભાવ 97.50 થયો છે, જ્યારે ડીઝલમાં 3.09નો વધારો થતા તે 93.29 પર પહોંચ્યું છે. સામાન્ય રીતે ઈંધણના ભાવમાં ફેરફાર રાત્રે 12 વાગ્યે થતો હોય છે, પરંતુ આ વખતે પ્રથમવાર રાત્રે 3 વાગ્યે પંપ સંચાલકોને સૂચના આપી તાત્કાલિક અસરથી નવા ભાવ લાગુ કરી દેતા ગ્રાહકોમાં આશ્ચર્ય અને આક્રોશ જોવા મળ્યો છે. અચાનક અમલી બનેલા આ વધારાને કારણે વહેલી સવારે પંપ પર પહોંચેલા વાહનચાલકોને આર્થિક ફટકો પડ્યો હતો.

પેટ્રોલ પુરાવવા આવેલા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તેઓએ કહ્યું હતું કે ચૂંટણી જીતી ગયા એટલે મોંઘવારીનો ડોઝ આપી દીધો. તો કેટલાક લોકો તો એવું પણ બોલ્યા કે ભાવ સામે પગાર વધવાનો નિયમ લાવો.

આ બધા વચ્ચે સુરતના કેટલાક વિસ્તારના કેટલાક પેટ્રોલ પંપ પર 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા છે. તો વડોદરામાં એક પેટ્રોલ પંપ પર સરકારી વાહન ટેમ્પો ભરી ડીઝલ લઈ જતું જોવા મળ્યું હતું.

સુરતના વરાછા, કતારગામ, ગોથાણ અને વેલંજા સહિતના વિસ્તારોમાં સ્ટોક ખાલી થઈ જવાને કારણે અનેક પેટ્રોલ પંપો પર 'પેટ્રોલ-ડીઝલ નથી' તેવા બોર્ડ મારીને પંપ બંધ કરી દેવાયા હતા. નવા સ્ટોકની આવક ન થવાને લીધે સર્જાયેલી આ અછત વચ્ચે કેટલાક પંપો પર માત્ર પ્રીમિયમ પેટ્રોલનું જ વેચાણ કરવામાં આવ્યું હતું, જેના કારણે સામાન્ય જનતાએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આ ભાવ વધારા અંગે સુરતના લોકોએ આકરા શબ્દોમાં પોતાની પ્રતિક્રિયા આપી હતી. હાઉસકિપિંગમાં કામ કરતા પ્રવીણભાઈએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હવે આમાં શું કરવાનું? હું અત્યારે હાલમાં 10,000માં નોકરી કરું છું, બરાબર? તો અત્યારે 106 ભાવ કર્યા સરકારે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેતા નહીં ખાસ કરીને શરાબ ટાળજો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી.

**મિથુન : ક. છ. ઘ.**

માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે.

**કર્ક : ડ. હ.**

આજે તમારૂ સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્દઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે.

**સિંહ : મ. ટ.**

તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે એ કાયર્ય કરવાનો દિવસ.

**તુલા : ર. ત.**

તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો- અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂ માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂ-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂ શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.

**મકર : ખ. જ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

## માનવ સેવા

# “સેવા જ સચ્ચો ધર્મ” : નીરોણા PHC પરિવારની અનોખી પહેલ

જગદીશ દવે | દેશલપર (ગુંતલ)

નખત્રાણા તાલુકાના નીરોણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) પરિવાર દ્વારા હાલની કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને માનવ સેવા અને આરોગ્યલક્ષી ઉત્તમ કામગીરી કરવામાં આવી રહી છે. આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓ, તેમના સગા તેમજ ગ્રામજનો માટે ઠંડા પાણી, છાસ તેમજ આરોગ્ય જાગૃતિ જેવી સેવાઓ દ્વારા રાહત પૂરી પાડવામાં આવી રહી છે.ઉનાળાની



ઋતુ દરમિયાન વધતી ગરમી અને લૂના પ્રકોપ વચ્ચે નીરોણા PHC પરિવારની આ કામગીરી સમાજ માટે પ્રેરણારૂપ બની છે. આરોગ્ય સેવા સાથે માનવતાની ભાવના જોડાઈ હોય ત્યારે સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચે છે તે અહીં જોવા મળી રહ્યું છે.ગ્રામજનોએ પણ PHC પરિવારની સેવાભાવી કામગીરીને બિરદાવી હતી. સાથે જ લોકોને અપીલ કરવામાં આવી કે તેઓ પણ પોતાના ગામ અને આસપાસના વિસ્તારોમાં પાણીની પરબ, છાસ વિતરણ, પક્ષીઓ માટે પાણીના કુંડા મૂકવા તેમજ જરૂરિયાતમંદોને સહાયરૂપ થવા જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાય.આ અંગે માહિતી આપતા કાનજીભાઈ આહીર (વી.સી.ઈ., નીરોણા ગ્રામ પંચાયત) એ જણાવ્યું હતું કે હાલની ગરમીમાં સમાજના દરેક વ્યક્તિએ સેવા અને સહકારની ભાવના સાથે આગળ આવી માનવતા માટે કાર્ય કરવું જોઈએ. નીરોણા PHC પરિવારની આ પહેલથી “સેવા જ સચ્ચો ધર્મ” નો સંદેશ સમાજ સુધી પહોંચ્યો છે.

## તલગાજરડામાં પૂજ્ય મોરારિબાપુ ના કર કમળોથી રામકથાનો પ્રારંભ

# માનસના સોપાનો ભગવાન રામજીના અંગો છે: રામેશ્વર બાપુ

| વેળાવદર | (તખુભાઈ સાંડસુર દ્વારા)




પૂજ્ય મોરારિબાપુ વિશ્વના એક એવા કથા વક્તા છે કે જેમનું શ્રવણ શરીરના તમામ અંગોને રોમાંચિત કરી દે છે. પરંતુ સમય મળે ત્યારે પૂજ્ય બાપુ પણ એક સારા શ્રોતા તરીકે હંમેશા પ્રસ્તુત થયા છે.તારીખ 14 મે ના રોજ મહુવા તાલુકાના તલગાજરડા ખાતે ગામ સમસ્ત રામકથાનો પ્રારંભ થયો. પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે કથાનો પ્રારંભ થયો. આ કથા ના વક્તા તરીકે સુખ્યાત વક્તા પૂજ્ય શ્રી રામેશ્વર બાપુ હરિયાણી છે. તેઓ કથાઓના ક્રમમાં પોતાનો સમય ફાળવીને તલગાજરડામાં કથા ગાન કરવા માટે પધાર્યા છે, તે સૌ માટે આનંદનો વિષય છે.

પૂજ્ય મોરારિબાપુએ પોતાની પ્રાસંગિક વાણીમાં કહ્યું કે દર વર્ષે આ ભૂમિ ઉપર કોઈને કોઈ કથાનો ક્રમ જળવાવો જોઈએ. નાનો હતો ત્યારથી દર વર્ષે ગામના પૂ. છગનદાદા ભાગવત કથા લાભ આપતા રહ્યા છે,તે સ્મરણ કરી લઉં. દર વર્ષે આપણે કોઈ પણ ગ્રંથની ભાગવતજી હોય રામકથા હોય કે અન્ય કોઈ સદ ગ્રંથ તેની કથા ગાવી જોઈએ. જેથી આપણા સનાતનની સંસ્કારો મજબૂત અને દ્રઢ થતા રહે. કથાનો પ્રારંભ કરતા પૂજ્ય રામેશ્વર બાપુ હરિયાણીએ કહ્યું કે રામચરિત માનસનો પહેલો દિવસ કથા મહાત્મ્યનો દિવસ છે. જેમાં અનેક વંદના કથાઓ તથા માનસનું મહાત્મ્ય આકારિત છે. વાલ્મિકી જેને કાંડ કહે પરંતુ તુલસીદાસજી મહારાજ તેને સોપાનો ગણીને આગળ વધ્યા છે. અહીં આ સોપાનો એ ભગવાન રામજીના વિવિધ અંગો છે. જેમાં સુંદરકાંડ એ ભગવાન રામજીનું હૃદય છે. મને અહીં કથા ગાવાનો અવસર મળ્યો છે. તે મારા માટે સદભાગ્ય અને ગૌરવ રૂપ ઘટના ગણું છું. બાપુ સામે બોલવું અઘરું તો છે પરંતુ હું અશ્રુ અને આશ્રયથી આગળ વધીશ.પ્રથમ દિવસે વક્તા પૂ.મહાદેવ પ્રસાદજીની ઉપસ્થિતિ રહ્યા હતા.તેમણે પ્રાસંગિક વાણીનો લાભ આપ્યો હતો.કથાના યજમાન મનોરથી તરીકે સમગ્ર ગામ તો જોડાયું છે.પણ સ્વ. રામજીભાઈનો પરિવાર વિશેષ પોતાનું યોગદાન આપી રહ્યો છે.

## ગામ સહિત સમગ્ર મથકમા શોક

# ઉગેડીના દાતાર કરસનભાઈ પોકારનું નિધન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ઉગેડી ગામના મૂળ વતની અને હાલ ચીચવડ, પુણે ખાતે નિવાસ કરતા સ્વ. વડીલ કરસનભાઈ



પરબતભાઈ પોકારનું તા. 13 મે 2026 બુધવારના રોજ 82 વર્ષની વયે દુઃખદ અવસાન થતાં ઉગેડી ગામ સહિત સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. કરસનભાઈ, જેને ગામમાં પ્રેમથી “કરસનબાપા” તરીકે ઓળખવામાં આવતા, તેઓ પોતાના સેવાભાવી સ્વભાવ, દાતારપણું અને સમાજપ્રેમ માટે જાણીતા હતા. ગામની નાની-મોટી સેવાકીય પ્રવૃત્તિઓમાં તેઓ હંમેશા આર્થિક સહયોગ આપતા અને દરેક સારા કાર્યમાં આગળ રહેતા હતા. નવરાત્રી દરમિયાન યોજાતા પગયાત્રી કેમ્પોમાં તેઓ પોતે ખડે પગે રહી પદયાત્રીઓની સેવા કરતા હતા. તેમની સેવા ભાવનાને કારણે ગામલોકોમાં તેઓ પ્રત્યે વિશેષ સન્માન અને લાગણી જોવા મળતી હતી.

ઉગેડી સીમાડે આવેલ ઈશા પીર દાદાની દરગાહ પ્રત્યે તેમને અખૂટ શ્રદ્ધા અને આસ્થા હતી. ભાદરવા મહિનાના પ્રથમ સોમવારે યોજાતા ડોભ મેળામાં છેલ્લા આશરે 30 વર્ષથી તેઓ મહાપ્રસાદના કાયમી દાતા તરીકે સેવા આપતા રહ્યા હતા. સાથે સાથે ઈશા પીર દરગાહના છાપરાના બાંધકામમાં પણ તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.ગામમાં શિક્ષણ, આરોગ્ય તેમજ અન્ય જરૂરી સામાજિક કાર્યોમાં પણ તેઓ હંમેશા સહયોગી બનતા હતા.

## કાયમી ઉકેલ

# રવાપર ગામે પાણી પ્રશ્ને તંત્ર સાથે બેઠક, કાયમી ઉકેલ માટે અશ્વિનભાઈ રૂપારેલની રજૂઆત

| મહેશ એલ.સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર ગામે પાણી સમસ્યાને લઈ ગઈકાલે તંત્રના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ગામમાં પાણીની અછત અને હાલની પરિસ્થિતિ અંગે તંત્રને રૂબરૂ માહિતગાર કરી કાયમી ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી હતી. તાલુકા પંચાયત સદસ્ય અશ્વિનભાઈ રૂપારેલ ની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠક દરમિયાન તંત્રના અધિકારી શ્રી ટાકા



સહિતના અધિકારીઓએ ગામની સ્થિતિની મુલાકાત લઈ પરિસ્થિતિથી વાકેફી મેળવી હતી. ગામમાં પાણી વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટે વિવિધ સૂચનો અને સહયોગથી ઉકેલ લાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે રવાપર સરપંચ પરેશ રૂપારેલ સહિત તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. તંત્ર દ્વારા ગ્રામજનોની માંગણીઓને યોગ્ય રીતે ધ્યાને લઈ પાણી સમસ્યાના નિવારણ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી.તાલુકા અને જિલ્લા કક્ષાએથી સહયોગ આપવાની ખાતરી બદલ ગ્રામજનોએ તંત્ર અને જનપ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જન્મોત્સવ

# શનિદેવ જન્મોત્સવ નિમિત્તે ધર્મલાભ લેવા ભક્તોને આમંત્રણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા નગરે ચત્રભુજ વળાંક મધ્યે આવેલ શનિદેવ મંદિરે આવતીકાલે તા. 16/05/2026 ના રોજ શનિ અમાસ નિમિત્તે શનિદેવ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પાવન પ્રસંગે સવારે 07:30 થી 08:30 વાગ્યા સુધી ધ્વજારોહણ કાર્યક્રમ તેમજ સાંજે 07:45 વાગ્યે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ધ્વજારોહણ કાર્યક્રમનો લાભ તમામ ભક્તોને આપવામાં આવશે.ધ્વજારોહણના દાતા તરીકે સુખદેવસિંહ સરવૈયા તથા ધ્રુવ અમિતભાઈ પલણ સેવા આપશે, જ્યારે પ્રસાદના દાતા તરીકે ગોવિંદભાઈ દેવજીભાઈ



વેલાણી (કોટડા) સેવા આપશે.મંદિરના પુજારી શ્રી ટીનુભાઈ રામવત દ્વારા તમામ શનિભક્તોને કાર્યક્રમમાં સમયસર પધારી ધર્મલાભ લેવા અપીલ કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારમાં શનિદેવ જન્મોત્સવને લઈને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

## “મહેનત જ જીવનનો સહારો”

# વડીલ અપંગ ખીમજીભાઈ સથવારાનો જીવન સંઘર્ષ : તેલના ડબ્બામાંથી વાસણ બનાવી ચલાવે છે ગુજરાન



| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નવા નગર વિસ્તારમાં રહેતા વડીલ ખીમજીભાઈ સથવારા અપંગતા હોવા છતાં જીવન સામે હાર માન્યા વગર મહેનતપૂર્વક જીવન જીવતા પ્રેરણારૂપ બન્યા છે. પરિવારનું ગુજરાન ચલાવવા માટે તેઓ જૂના તેલના ડબ્બામાંથી વિવિધ પ્રકારના વાસણો બનાવી રોજગારી મેળવી રહ્યા છે. વયના આ પડાવે અને શારીરિક મુશ્કેલીઓ વચ્ચે પણ ખીમજીભાઈ રોજ મહેનત કરીને પોતાના હાથની કળાથી તેલના ખાલી ડબ્બાઓને ઉપયોગી વાસણોમાં રૂપાંતરિત કરે છે. તેમની આ કળા અને સંઘર્ષ સ્થાનિક લોકોમાં પ્રશંસા પામી રહ્યા છે.આર્થિક રીતે નબળી પરિસ્થિતિ હોવા છતાં ખીમજીભાઈએ આત્મવિશ્વાસ ગુમાવ્યો નથી. “મહેનત જ જીવનનો સહારો” એવા ભાવ સાથે તેઓ સ્વાભિમાનપૂર્વક જીવન જીવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સ્થાનિક લોકો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ખીમજીભાઈને સહાય મળે તો તેમના જીવનમાં રાહત મળી શકે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે. વડીલ ખીમજીભાઈ સથવારાની આ સંઘર્ષમય સફર સમાજ માટે પ્રેરણાદાયી બની છે.

## આયોજિત ત્રિ દિવસીય કાર્યક્રમમાં રાસગરબા, લોક ડાયરો અને પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ

# વસાઈપુરા ગામે રામેશ્વર મહાદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

| નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના વસાઈપુરા ગામે ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગામલોકો સહિત સગા સંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ત્રણેય દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને રાસ ગરબા તથા લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાણસ્મા તાલુકાના વસાઈપુરા ગામે શ્રી રામેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આયોજિત ત્રિ દિવસીય કાર્યક્રમ દરમિયાન પ્રથમ દિવસે હવનની શરૂઆત કરવામાં આવી હતી અને રાત્રે રાસ ગરબા યોજાયા હતા. તેમજ બીજા દિવસે શોભાયાત્રા નીકળી હતી જે સમગ્ર ગામમાં પરિભ્રમણ કરીને નિજ પ્રતિષ્ઠા મહોત્સવના સ્થળે પરત ફરી હતી. ત્યારબાદ રાત્રે લોકડાયરો યોજાયો હતો. તેમજ ત્રિ દિવસીય કાર્યક્રમના અંતિમ દિવસે બપોરના સમયે શુભ મુહૂર્તમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને સાંજના સમયે હવનની પૂર્ણાહુતિ કરી પ્રતિષ્ઠા પૂર્ણ કરાવી હતી.



# રાજપીપલા BSNL કચેરી માં અધિકારી પર હુમલો

રાજપીપલા : નર્મદા જિલ્લા મથકે આવેલ BSNL ની કચેરી માં ફરજ બજાવતા અધિકારી પર ઈન્ટરનેટ મામલે તકરાર કરી હુમલો કરી અધિકારીને ઈજા કરનાર ઈસમ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવા પામી છે . પ્રાપ્ત માહિતી મુજબ અત્રે BSNL ની કચેરી માં જુનિયર ટેલિકોમ ઓફિસર તરીકે ફરજ બજાવતા વિવેકકુમાર જાટવ ને અલ્પેશ પાદરીયા નામના ઈસમે. સવારે કચેરી માં આવી મારુ ખાનગી ઈન્ટરનેટ તું હટાવી જો , પછી હું તને જોઈ લઈશ એમ કહી ધમકી આપી જતો રહ્યો હતો . ત્યારબાદ બપોરે પુનઃ BSNL ની કચેરી એ આવી તે મારુ ખાનગી ઈન્ટરનેટ કેમ હટાવ્યું ? કહી બોલાચાલી કરી વિવેકકુમાર ના માથા ના વાળ પકડી બીજા હાથે સીરામીક કાચ નો ગ્લાસ માથામાં મારી લોહીલુહાણ કરતા ટેલિકોમ અધિકારી વિવેકકુમારે રાજપીપલા પોલીસ મથકે અલ્પેશ પાદરીયા વિરુદ્ધ એટ્રોસિટી સહીત વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે .

# અકસ્માત નિવારણ સંદર્ભે ચાણસ્મા પોલિસ દ્વારા ચાણસ્મા હાઈવે પર પસાર થતાં વાહનોને રીફ્લેક્ટર લગાવાયા





| નિતીન ઠાકર | ચાણસ્મા

દિવસે-દિવસે વાહનોનો વધારો થઈ રહ્યો છે ત્યારે નાના મોટા રોડ પર અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ચાણસ્મા પોલિસ દ્વારા હાઈવે પોલીસ ચોકી પાસે અકસ્માત નિવારણ માટે હાઈવે પર પસાર થતાં વાહનોને રીફ્લેક્ટર લગાવી વાહનચાલકોને ટ્રાફિકના નિયમોને ધ્યાને રાખી વાહન ચલાવવા ટ્રાફિક પોલિસના અશોકભાઈ ચૌધરી અને નવલસિંહ પરમારે માર્ગદર્શન આપ્યું હતું છેલ્લા બે દિવસ દરમિયાન અંદાજે 200 વધારે નાના મોટા વાહનોને અકસ્માત નિવારણ અભિયાન અંતર્ગત રીફ્લેક્ટ લગાવાયા, હોવાનું ચાણસ્મા. પોલિસે જણાવ્યું હતું

## ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં

# જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા ૧૦૦૦ કિલોગ્રામ તરબૂચનું દાન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

મહાનગર પાલિકા, જુનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે.પરંતુ શહેરીજનો દ્વારા દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમો પાસેથી અનધિકૃત ઘાસ ચારો લઈ જાહેર માર્ગ પર જ ગૌવંશને આપવામાં આવે છે.જેના કારણે આસપાસના વિસ્તારમાં ગંદકી ફેલાય છે. તેમજ જાહેર માર્ગ અથવા જાહેર સ્થળોમાં ગૌવંશ અડચણરૂપ બને છે. જુનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે કાર્યવાહી કાર્યરત છે. તથા જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ



ફરમાવવામાં આવેલ છે. જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગર પાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.આ ગૌશાળામાં હાલ ૪૭૭ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા:૧૪/૦૫/૨૦૨૬ના રોજ મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા તા:૧૪/૦૫/૨૦૨૬ન રોજ રાત્રે ૧૦૦૦ કિલો તરબૂચનું દાન આપવામાં આવેલ છે. જેમાં ગિરનારી ગ્રુપના સભ્યશ્રી સમીરભાઈ દતાણી, સંજયભાઈ બુહેચા, સમીરભાઈ દવે, દિનેશભાઈ રામાણી, લલીતભાઈ ગેરીયા, દિલીપભાઈ દેવાણી, કોમલબેન જોગીયા, શ્વેતાબેન ઠક્કર, પિયુષભાઈ કાછડીયા, મોહનભાઈ ચુડાસમા, કપિલભાઈ સેતા, ચોકસીભાઈ, હિંમતભાઈ નંદવાણી સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી.

## જ્ઞાતિના વિકાસ માટે વિસ્તૃત ચર્ચાઓ

# સમસ્ત નાગર જ્ઞાતિનું સંમેલન રાજકોટમાં યોજાયું



| નરેન્દ્ર દવે | જૂનાગઢ

રાજકોટ તા.૧૫. સમસ્ત નાગર જ્ઞાતિનુ સંમેલન તાજેતરમાં તા.૧૦-૦૫-૨૬ ના રોજ સાંજના ૬.૩૦ થી ૯.૦૦ , શ્રી અનંતજી વડનગરમાં નાગર બોર્ડીગ, વિરાણી સ્કૂલ સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે યોજાય ગયું તેમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, તથા અન્ય રાજ્યો ઉપરાંત પરદેશમાં રહેતા નાગર જ્ઞાતિના પ્રતિનિધિઓએ હાજરી આપી નાગર જ્ઞાતિના વિકાસ માટે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી, આ કાર્યક્રમમાં જુનાગઢથી શ્રી રાઘુભાઈ વસાવડા તથા નિરજભાઈ વૈદ વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમના અંતે ઉપસ્થિત બધાએ સમુહમાં ભોજન કરી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં છુટા પડ્યા હતાં તેમ ડો.હેમાંગ વસાવડાની એક યાદીમાં જણાવ્યું છે.

### ઘરઆંગણે ખાંડનો પૂરવઠો જાળવી રાખી ભાવને નીચા રાખવાનો પ્રયાસ

# ખાંડની નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ

## અમેરિકા તથા યુરોપને ટીઆરક્યુ અને સીએકસએલ કવોટા હેઠળ મંજુર કરાયેલ ખાંડની નિકાસને નવો આદેશ લાગુ નહીં થાય



(એજન્સી) મુંબઈ | તા.15

૩૦ સપ્ટેમ્બર અથવા નવો આદેશ જારી ન થાય ત્યાંસુધી કેન્દ્ર સરકારે ખાંડની નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દીધો છે. ઘરઆંગણે ખાંડનો પૂરવઠો જાળવી રાખવા ભાવને નીચા રાખવાના હેતુ સાથે આ નિર્ણય આવી પડયો હોવાનું માનવામાં આવે છે. ડાયરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન પ્રમાણે, સરકારે ખાંડની નિકાસને મર્યાદિતમાંથી પ્રતિબંધિત યાદીમાં આવરી લીધી છે. આદેશ પ્રમાણે દેશમાંથી કાચી, વ્હાઈટ તથા રિફાઈન્ડ ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. આ આદેશ ૩૦ સપ્ટેમ્બર અથવા નવી સૂચના જારી ન થાય ત્યાંસુધી અમલી રહેશે. ખાંડનું ઉત્પાદન નીચુ રહેવાની શકયતા છે ત્યારે તેના ભાવમાં વધારો ન થાય તેની સરકાર ખાતરી રાખવા માગે છે. અમેરિકા તથા યુરોપને ટીઆરક્યુ અને સીએકસએલ કવોટા હેઠળ મંજુર કરાયેલ ખાંડની નિકાસને નવો આદેશ લાગુ નહીં થાય તેમ સરકારે સ્પષ્ટતા કરી છે. એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ તથા સરકાર દ્વારા સરકારને અન્ન સલામતિ માટે કરાતી નિકાસને પણ આદેશમાંથી મુક્તિ અપાઈ છે. ૨૦૨૫-૨૬ના ઓકટોબરથી સપ્ટેમ્બરની વર્તમાન ખાંડ મોસમમાં સરકારે અગાઉ ૧૫.૮૭ લાખ ટન ખાંડ નિકાસ છૂટ આપી હતી. વર્તમાન મોસમ માટે સરકારે પહેલા પંદર લાખ ખાંડ નિકાસની પરવાનગી આપી હતી. ત્યારબાદ વધુ પાંચ લાખની છૂટ આપવા નિર્ણય લેવાયો હતો પરંતુ મિલો તરફથી મંદ માગને કારણે છેવટે વધારાની પાંચ લાખમાંથી ૮૭૫૮૭ ટન વધુ ખાંડને નિકાસ માટે છૂટ અપાઈ હતી.વર્તમાન મોસમમાં અત્યારસુધીમાં ૬.૫૦ લાખ ટન ખાંડ નિકાસ થઈ ગયાનું સ્થાનિક સુત્રોએ અગાઉ જણાવ્યું હતું. આ ઉપરાંત બીજી ૪૦,૦૦૦-૬૦,૦૦૦ ટન ખાંડ નિકાસની પ્રક્રિયામાં હોવાનું ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન મોસમમાં દેશમાં ખાંડ ઉત્પાદન અંદાજ ૨.૮૨ કરોડ ટનનો મુકાયો છે. દરમિયાન ભારત દ્વારા નિકાસ પ્રતિબંધને કારણે વિશ્વ બજારમાં ખાંડના ભાવ ઊંચે જવાની શકયતા જોવાઈ રહી છે.

## News Brief

### અમેરિકી નિયામકનો કેસ ગૌતમ અદાણી સાથે સમજૂતી બાદ બંધ

ન્યૂયોર્ક : અમેરિકાના સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે દાખલ કરવામાં આવેલા બહુચર્ચિત દીવાની કાનૂની વિવાદનો આખરે સુખદ અંત આવ્યો છે. ન્યાયિક દસ્તાવેજો અને વૈશ્વિક અહેવાલો અનુસાર, બંને પક્ષો વચ્ચે કોર્ટની મંજૂરીને આધીન આ દીવાની દાવો સ્વીકારવા માટે સહમતી સધાઈ છે. આ પ્રસ્તાવિત કરાર હેઠળ ગૌતમ અદાણી ૬ મિલિયન અમેરિકી ડોલર એટલે કે આશરે પચાસ કરોડ રૂપિયા અને સાગર અદાણી ૧૨ મિલિયન અમેરિકી ડોલરનો નાણાકીય દંડ ચૂકવવા સંમત થયા છે.

મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સૌથી મહત્વની બાબત એ છે કે આ પ્રસ્તાવિત સમજૂતીમાં અદાણી જૂથ દ્વારા કોઈપણ પ્રકારના ગુના કે કાનૂની ક્ષતિની કબૂલાત કરવામાં આવી નથી.અમેરિકી નિયમનકારી સંસ્થાએ અગાઉ એવો આક્ષેપ કર્યો હતો કે વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન ભારતમાં સૌર ઊર્જાના મોટા કોન્ટ્રાક્ટ મેળવવા માટે અદાણી જૂથ દ્વારા અંદાજે ૨૫૦ મિલિયન ડોલરથી વધુની લાંચ આપવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. ન્યૂયોર્કની સ્થાનિક અદાલતમાં અદાણીના વકીલોએ આ કેસને સંપૂર્ણપણે ફગાવી દેવા માટે અરજી દાખલ કરી હતી. ન્યાયાધીશને સુપરત કરેલા સત્તાવાર પત્રમાં વકીલોએ સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકી અદાલત પાસે ભારતીય નાગરિકો અને ભારતની અંદર થયેલા વ્યવહારો પર સુનાવણી કરવાનો કોઈ કાનૂની કે પ્રાદેશિક અધિકારક્ષેત્ર નથી.

### વીમા પ્રીમિયમ તથા લોજિસ્ટિક ખર્ચમાં વધારો થતા ઘરઆંગણે ક્રૂડતેલની પડતર ઊંચી

# ક્રૂડ તેલના 100 ડોલર ઉપર ભાવથી જીડીપીમાં અડધા ટકાનો ફટકો પડશે

(એજન્સી) મુંબઈ | તા.15

ક્રુડ તેલના પ્રતિ બેરલ ભાવ જો ૩-૬ મહિના સુધી ૧૦૦ ડોલરની ઉપર રહેશે તો વર્તમાન વર્ષ માટેના ભારતના આર્થિક વિકાસ દરમાં અડધા ટકાનો ફટકો પડી શકે છે, એમ સરકાર દ્વારા અંદાજ મુકાયો છે. ક્રુડ તેલના આંતરરાષ્ટ્રીય ભાવ ઉપર તેને ઘરઆંગણે ડિલિવરી પાછળ પંદર ટકા જેટલો ખર્ચ લાગી જાય છે. પશ્ચિમ એશિયા કટોકટીને કારણે ઊર્જાના ભાવમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી દેશના નીતિવિષયકોએ ફુગાવા, બહારી પરિબળો તથા રાજકોષિય જોખમો પરના નિરીક્ષણને વધુ વ્યાપક બનાવ્યું છે.ભારત તેની ક્રુડ તેલની આવશ્યકતામાંથી ૮૫ ટકાથી વધુ આયાત કરે છે અને મોટાભાગની આયાત હોર્મુઝ ખાડી મારફત થાય છે. આ ખાડી વ્યૂહાત્મક રીતે વિશ્વનો મહત્વનો શિપિંગ માર્ગ છે. નૂર દરમાં વધારા, યુદ્ધના જોખમને કારણે ઊંચા વીમા પ્રીમિયમ, પરિવહન ખર્ચમાં વધારા તથા પૂરવઠા ખલેલને પરિણામે ભારતનું ક્રુડ




તેલનું અસરકારક બિલ નોંધપાત્ર રીતે વધી ગયું છે.બ્રેન્ટ ક્રુડ તેલના ભાવ ૩-૬ મહિના સુધી પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની ઉપર જળવાઈ રહેશે તો ભારતના આર્થિક વિકાસ દર પર અડધા ટકાનો ફટકો પડી શકે છે, કારણ કે નૂર દરમાં વધારા, યુદ્ધના જોખમને કારણે ઊંચા વીમા પ્રીમિયમ તથા ઊંચા લોજિસ્ટિક ખર્ચને ધ્યાનમાં લેતા ક્રુડ તેલનો ભાવ પ્રતિ બેરલ ૧૧૫ ડોલર જેટલો પડે છે, એમ એક સરકારી અધિકારીએ ગણતરી મૂકતા જણાવ્યું હતું.

## ઝાયડેક્સ પેઇન્ટ્સે ભારતીય બજારમાં ઉતારી દેશની પ્રથમ 'સિલિકેટ મિનરલ પેઇન્ટ ટેક્નોલોજી'

(એજન્સી) અમદાવાદ | તા.15

ચોમાસામાં ભારતીય ઈમારતોને દિવાલોમાં ભેજ, પોપડી પડતા પેઈન્ટ, લીલ અને સપાટી બગડવા જેવી જાણીતી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. મકાન માલિકો અને બાંધકામ વ્યવસાયિકોના આ જ પડકારોનો લાંબા ગાળાનો ઉકેલ લાવવા માટે, ઝાયડેક્સ પેઈન્ટ્સે (Zydex Paints) ભારતની પ્રથમ 'સિલિકેટ મિનરલ પેઈન્ટ ટેક્નોલોજી' (Silicate Mineral Paint Technology) રજૂ કરી છે. આ એક શ્વાસ લઈ શકે તેવી (breathable) અને ટકાઉ પ્રણાલી છે જે ઈમારતોને ભેજથી થતા નુકસાનથી બચાવે છે. ઝાયડેક્સનો સિલિકેટ મિનરલ પેઈન્ટ દિવાલની સપાટી સાથે રાસાયણિક રીતે જોડાઈ જાય છે. આ ટેક્નોલોજી ફસાયેલી વરાળને બહાર નીકળવા દે છે, જેનાથી ભેજ અને પોપડી બનવાની સમસ્યા મોટાભાગે ઓછી થઈ જાય છે. કંપનીએ ભારતીય આબોહવાને અનુકૂળ એક્સ્ટીરિયર અને ઈન્ટીરિયર એમ બંને પ્રકારના પેઈન્ટ રજૂ કર્યા છે, જે રંગ ઊડવા, પોપડી નીકળવા અને ગંદકી જમા થવાથી બચાવે છે.

કંપનીની વ્યૂહાત્મક દિશા પર ટિપ્પણી કરતા, ઝાયડેક્સ ગ્રૂપના ચેરમેન અને એમડી, ડૉ. અજય રાંકાએ જણાવ્યું હતું કે, "ભારતની બાંધકામ ઈકોસિસ્ટમ હવે એવી સામગ્રીઓ તરફ આગળ વધી રહી છે જે ટકાઉપણું, સ્થિરતા અને લાંબા ગાળાની સુરક્ષા પ્રદાન કરે છે. ઝાયડેક્સમાં, અમારું ધ્યાન સિલિકેટ મિનરલ પેઈન્ટ ટેક્નોલોજીને ભારતીય ઈમારતો માટે વધુ સુલભ અને પ્રાસંગિક બનાવવા પર છે. ગ્રાહકોની મજબૂત સ્વીકૃતિ સાથે, અમે આ શ્રેણીને વધુ વધારવાની મહત્વપૂર્ણ તકો જોઈ રહ્યા છીએ. આ ટેક્નોલોજી-આધારિત અભિગમને બજારમાં શાનદાર સ્વીકૃતિ મળી છે, જેનાથી ઝાયડેક્સ પેઈન્ટ્સની વારંવાર ખરીદી થઈ રહી છે અને બિલ્ડરો તેમજ આર્કિટેક્ટ્સમાં રસ વધી રહ્યો છે."

### પાવર કેબલ્સ અને કંડક્ટર્સની વધતી માંગને કારણે ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ₹10,000 કરોડના માર્કેટ કેપ સીમાચિહ્નને પાર કર્યું

મુંબઈ: પાવર ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કેબલ્સ અને કંડક્ટર્સના અગ્રણી ઉત્પાદક ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (DICABS) એ નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે કારણ કે તેનું બજાર મૂડીકરણ 10,000 કરોડને વટાવી ગયું છે.તાજેતરના ટ્રેડિંગ સત્રોમાં શેરમાં તીવ્ર વધારો થયો છે, જે કંપનીની મજબૂત ઓર્ડર બુક, વ્યૂહાત્મક ક્ષમતા વિસ્તરણ અને ભારતના તેજીમય પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર સાથેના ઊંડા સંબંધોમાં રોકાણકારોના મજબૂત વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. શેરમાં 1 મહિનામાં 35% નો વધારો થયો છે જે 1 વર્ષનું વળતર 102% છે.વડોદરા સ્થિત આ કંપની, જે 400 kV સુધીના લો-વોલ્ટેજ (LV), મીડિયમ-વોલ્ટેજ (MV), હાઈ-વોલ્ટેજ (HV), એક્સ્ટ્રા-હાઈ-વોલ્ટેજ (EHV) કેબલ્સ, કંટ્રોલ કેબલ્સ, ફાયર-રેઝિસ્ટન્ટ કેબલ્સ, સોલર ડીસી કેબલ્સ, EV ચાર્જિંગ કેબલ્સ અને AL-59 એલોય કંડક્ટર જેવા સ્પેશિયાલિટી કંડક્ટર સહિત વિવિધ પ્રકારના ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે, તે છેલ્લા ચાર વર્ષમાં નાટકીય રીતે બદલાઈ ગઈ છે.એક સમયે નાદારી કાર્યવાહી હેઠળ નાદાર થયેલી કંપની, ડાયમંડ પાવર હવે પાવર ઈવેક્યુએશન, રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ, ટ્રાન્સમિશન લાઈન્સ અને ઔદ્યોગિક એપ્લિકેશન્સ માટે મહત્વપૂર્ણ ઘટકો સપ્લાય કરતી મુખ્ય કંપની છે.૨૦૨૨ માં, કંપનીને GSEC લિમિટેડ દ્વારા NCLT પ્રક્રિયા દ્વારા લગભગ ૫૦૦ કરોડમાં હસ્તગત કરવામાં આવી હતી જ્યારે તેનું બજાર મૂડીકરણ આશરે ૧,૦૦૦ કરોડ હતું. નવા વ્યાવસાયિક સંચાલન અને પ્રમોટર દેખરેખ હેઠળ, ડાયમંડ પાવરે મલ્ટિબેગર પ્રદર્શન કર્યું છે. ત્રણ વર્ષમાં શેર ૫૦૦% થી વધુ વધ્યા છે, માર્કેટ મૂડીકરણ ૧,૦૦૦ કરોડથી નીચેથી વધીને વર્તમાન ૧૦,૦૦૦ કરોડ+ ના સીમાચિહ્નરૂપ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૫ માં ૧,૧૧૫ કરોડની આવક નોંધાવી હતી અને પાવર ટ્રાન્સમિશન, રિન્યુએબલ અને ઈલેક્ટ્રિફિકેશનમાં ભારતના મોટા મૂડીખર્ચ વચ્ચે ઝડપી વૃદ્ધિના માર્ગ પર છે.

## AU સ્મોલ ફાઈનાન્સ બેંકે મધર્સ ડેની ઉજવણી માટે સમગ્ર ભારતમાં 500+ હાઈપરલોકલ કોમ્યુનિટી એક્ટિવેશન્સ પૂર્ણ કર્યા



મુંબઈ : ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક અને એક દાયકાથી વધુ સમય પછી ભારતીય રિઝર્વ બેંક તરફથી યુનિવર્સલ બેંકમાં રૂપાંતર માટે સૈદ્ધાંતિક મંજૂરી મેળવનાર પ્રથમ સંસ્થા, AU સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB) એ ૮ થી ૧૪ મે ૨૦૨૬ દરમિયાન સમગ્ર ભારતમાં ૫૦૦ થી વધુ હાઈપરલોકલ એક્ટિવેશનનું આયોજન કરીને મધર્સ ડેની ઉજવણી કરી. આ ઝુંબેશમાં ૪૦,૦૦૦ થી વધુ સહભાગીઓ - મુખ્યત્વે મહિલાઓ - સામેલ થયા, જે ઈન્ટરેક્ટિવ અનુભવો, પ્રશંસા-આધારિત જોડાણો, અર્થપૂર્ણ વાતચીતો અને કૃતજ્ઞતા અને એકતામાં મૂળ રહેલા શેર કરેલા ક્ષણો દ્વારા સમુદાયોને એકસાથે લાવ્યા. અર્થપૂર્ણ પડોશી-આગેવાની હેઠળની ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા મહિલાઓ અને માતાઓને ઉજવણી કરવા અને જોડવા માટે રચાયેલ, આ પહેલ દેશભરના 30 થી વધુ શહેરોમાં રહેણાંક સમુદાયો, RWA, કોર્પોરેટ પાર્ક, ગ્રાહક સંપર્ક બિંદુઓ અને સ્થાનિક જોડાણ કેન્દ્રોમાં હાથ ધરવામાં આવી હતી. 500 થી વધુ AU SFB શાખાઓએ આ પહેલમાં ભાગ લીધો હતો, જેનાથી દિલ્હી NCR, ચંદીગઢ, લખનૌ, જયપુર, ઉદયપુર, અમદાવાદ, સુરત, મુંબઈ, પુણે, ઈન્દોર, ભોપાલ, બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, કોચી, કોઈમ્બતુર, કોલકાતા, ભુવનેશ્વર, ગુવાહાટી અને અન્ય ઘણા બજારો સહિત ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં ફેલાયેલા મુખ્ય બજારોમાં સ્થાનિક સક્રિયકરણો શરૂ થયા હતા.ઓન-ગ્રાઉન્ડ કોમ્યુનિટી જોડાણો ઉપરાંત, AU SFB એ તેના ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ગ્રાહકો માટે ખાસ ક્યુરેટ કરેલ મધર્સ ડે ઝુંબેશ પણ શરૂ કરી, જેમાં સુંદર જ્વેલરી, વેલનેસ, ગિફ્ટિંગ, ટ્રાવેલ, હેલ્થકેર અને ટેકનોલોજી સહિતની શ્રેણીઓમાં વિશિષ્ટ ડીલ્સ અને ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યા. આ ઝુંબેશ 10 પ્રખ્યાત બ્રાન્ડ્સને એકસાથે લાવી, ઉજવણીને ભૌતિક સક્રિયતાથી આગળ વધારી અને દેશભરના ગ્રાહકોને વિચારપૂર્વક ક્યુરેટ કરેલા અનુભવો અને ઑફર્સ દ્વારા તેમના જીવનની સૌથી ખાસ મહિલાઓની ઉજવણી કરવા સક્ષમ બનાવ્યા.આ પહેલ AU SFB ના હાઈપરલોકલ આઉટરીચ દ્વારા સમુદાય જોડાણ અને સંબંધ-આધારિત જોડાણને મજબૂત બનાવવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરે છે. ડિજિટલ પ્લેટફોર્મથી આગળ ઉજવણીઓને પડોશી સમુદાયો અને ગ્રાહક ઈકોસિસ્ટમમાં લઈ જઈને, બેંકનો ઉદ્દેશ્ય વિશ્વાસ, ભાગીદારી અને સ્થાનિક જોડાણમાં મૂળ અર્થપૂર્ણ અનુભવો બનાવવાનો હતો, જ્યારે સ્થાનિક રીતે સંબંધિત અને સાંસ્કૃતિક રીતે પ્રતિધ્વનિ જોડાણ પ્લેટફોર્મ દ્વારા સમુદાય સંબંધોને વધુ ગાઢ બનાવવાનો હતો.

## સંગીતા જિંદાલ ક્રાફ્ટ શિલાનો શિલાન્યાસ સમારંભ

### કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ ખાતે હસ્તકલા પ્રદર્શનો અને વર્કશોપ્સ માટેનું ભાવિ સ્થળ

(એજન્સી) અમદાવાદ | તા.15

કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ સંગીતા જિંદાલ ક્રાફ્ટ શિલાના શિલાન્યાસ સમારંભની જાહેરાત કરે છે, જે હસ્તકલાના પ્રદર્શન અને સર્જનાત્મક અભ્યાસ માટે સમર્પિત નવા સ્થળના નિર્માણની ઔપચારિક શરૂઆતને દર્શાવે છે. આ સમારંભ આજે, 15 મે (શુક્રવાર)ના રોજ અમદાવાદ સ્થિત કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સના ઉર્મિલા કૈલાશ બ્લેક બોક્સ ખાતે યોજાયો હતો. ભારતીય હસ્તકલા પરંપરાઓને વધુ ઓળખ અને વિકાસ મળે તે માટે સતત સહયોગ આપનાર સંગીતા જિંદાલના સન્માનમાં આ સ્થળને "સંગીતા જિંદાલ ક્રાફ્ટ શિલા" નામ આપવામાં આવ્યું છે. કનોરિયા સેન્ટરના કેમ્પસમાં આ સ્થળની એક જીવંત અને સતત વિકસતા સર્જનાત્મક મંચ તરીકે કલ્પના કરવામાં આવી છે.આ પ્રોજેક્ટની રચના સ્ટુડિયો સંગાથ દ્વારા કરવામાં આવી છે, જે ખુશ્નુ પંથકી હૂફ અને સોનકે હૂફના નેતૃત્વ હેઠળ કાર્યરત એડી100 આર્કિટેક્ચર ફર્મ છે. આ સ્ટુડિયોએ અગાઉ કનોરિયા આર્ટ શોપ (ગેલેરિયા30) અને ઉર્મિલા કૈલાશ બ્લેક બોક્સની ડિઝાઈન પણ તૈયાર કરી હતી અને સંસ્થા સાથેનો તેનો લાંબા સમયનો સંબંધ યથાવત્ રહ્યો છે.



પ્રદર્શન સ્થળ અને સક્રિય વર્કશોપ પરિસર, બંને રૂપે કલ્પાયેલ સંગીતા જિંદાલ ક્રાફ્ટ શિલા એવો માહોલ ઊભો કરશે, જ્યાં હસ્તકલા માત્ર પ્રદર્શિત નહીં થાય, પરંતુ એક જીવંત સર્જનાત્મક પ્રક્રિયા તરીકે પણ અનુભવાશે. આ સ્થળ પ્રદર્શનો, પ્રત્યક્ષ વર્કશોપ્સ, પ્રદર્શનાત્મક રજૂઆતો અને સહયોગાત્મક પ્રવૃત્તિઓ દ્વારા હસ્તકલા કારીગરો, કલાકારો, ડિઝાઈનરો અને દર્શકોને એકત્રિત કરશે.એવા સમયમાં જ્યારે હસ્તકલા માત્ર સંરક્ષણ પૂરતી મર્યાદિત ન રહી નવી વિચારસરણી અને ચર્ચાઓ તરફ આગળ વધી રહી છે, ત્યારે સંગીતા જિંદાલ ક્રાફ્ટ શિલા હસ્તકલાની પરંપરાઓ સાથે જોડાયેલા જ્ઞાન, કૌશલ્ય અને વાર્તાઓને ઉજાગર કરવાનો પ્રયાસ કરશે. આ સ્થળ લોકોમાં સર્જન પ્રક્રિયાને વધુ નજીકથી સમજવાની અને અનુભવવાની પ્રેરણા આપશે, સાથે સાથે કારીગરો અને પ્રેક્ટિશનર્સને નવી દિશાઓ અને કાર્યપદ્ધતિઓ શોધવામાં પણ સહાયરૂપ બનશે.આ શિલાન્યાસ સમારંભ દરમિયાન સ્મારક તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું, જે કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સમાં ઉમેરાઈ રહેલા આ નવા અધ્યાયની શરૂઆતનું પ્રતિક છે.

## ભારત ઈજિપ્ત આર્થિક સહયોગ વધારવા બંને દેશો વચ્ચે મંત્રણા

નવી દિલ્હી: દેશના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ઈજિપ્તના વિદેશ મંત્રી ડૉ. બદ્ર અબ્દેલત્તીના નેતૃત્વમાં આવેલા એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે નવી દિલ્હીમાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ ઉચ્ચ સ્તરીય મંત્રણાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે પરસ્પર વિકાસના નવા ક્ષેત્રોની ઓળખ કરવાનો, આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવાનો અને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત સપ્લાય ચેઈનનું નિર્માણ કરવાનો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ અંગેની સત્તાવાર માહિતી આપતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે આ ઉત્પાદક ચર્ચા દરમિયાન બંને દેશો વચ્ચે વ્યાપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બિઝનેસ-ટુ-બિઝનેસ સંપર્કોને વધારવા માટેની વિવિધ તકો પર વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં એવા વિશિષ્ટ ઔદ્યોગિક ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું જેમાં બંને દેશો એકબીજાના પૂરક બનીને કામ કરી શકે છે. ભારત અને ઈજિપ્ત વચ્ચે ફાર્માસ્યુટિકલ્સ એટલે કે દવા ઉદ્યોગ, ઊર્જા, લોજિસ્ટિક્સ, ડિજિટલાઈઝેશન, પ્રવાસન, ઉત્પાદન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અદ્યતન તકનીકી ક્ષેત્રોમાં નવી સંભાવનાઓ શોધવા માટે સહમતી સધાઈ છે. બંને નેતાઓએ બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીના વ્યાપને વધુ વિસ્તારવા માટે પોતાની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો, જેનાથી આગામી સમયમાં દ્વિપક્ષીય વેપારને એક નવી દિશા અને ગતિ મળશે તે નક્કી છે. આ અગાઉ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જર્મનીના વરિષ્ઠ નેતાઓ અને નીતિ નિર્માતાઓ સાથે પણ બેઠકોની એક અલગ શ્રેણી યોજી હતી. આ વાર્તાલાપનો મુખ્ય હેતુ ભારત અને જર્મની વચ્ચેના આર્થિક સંબંધોને મજબૂત કરવાની સાથે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના વ્યાપારિક સંબંધોને વધુ આગળ ધપાવવાનો હતો.

## સેમિકન્ડક્ટર ઉત્પાદન ટેકનોલોજી ક્ષેત્રે તાઈવાનનો નવો વૈશ્વિક ધમાકો

તાઈપેઈ: વૈશ્વિક ટેકનોલોજી જગતમાં અત્યારે સેમિકન્ડક્ટર એટલે કે માઈક્રોચિપ ઉત્પાદન ક્ષેત્રે વર્ચસ્વ જમાવવા માટે મોટી સ્પર્ધા ચાલી રહી છે. આ વૈશ્વિક રેસમાં તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની એટલે કે ટીએસએમસીએ પોતાની આગામી પેઢીની ચિપમેકિંગ પ્રક્રિયામાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે. સિંચુ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમ દરમિયાન કંપનીએ તેના ૨-નેનોમીટર રોડમેપ અને ચિપ પ્રોસેસિંગ ક્ષેત્રના અત્યાધુનિક માળખાની જાહેરાત કરી છે. કંપનીના ઉચ્ચ અધિકારીઓએ આ વૈશ્વિક સંમેલનમાં નવી એ૧૩, એ૧૨ અને એનરયુ પ્રોસેસ ટેકનોલોજીનું અનાવરણ કર્યું હતું. આ સાથે જ કંપનીએ વિશ્વના સૌથી મોટા ચિપ-ઓન-વેફર-ઓન-સબસ્ટ્રેટ એટલે કે કોવોસ પેકેજિંગ સોલ્યુશનના મોટા પાયે વ્યાવસાયિક ઉત્પાદનની પણ સત્તાવાર પુષ્ટિ કરી છે. ચિપ ઉત્પાદનની ક્ષમતા અને ગુણવત્તાના માપદંડો પર વિશ્વભરના નિષ્ણાતોની નજર લાગેલી છે. ટીએસએમસીના વ્યાપાર વિકાસ વિભાગના ઉપપ્રમુખ યુઆન લી-પેને જણાવ્યું હતું કે તેમની નવીનતમ ૫.૫-રેટિકલ-સાઈઝ કોવોસ ટેકનોલોજીએ ૯૮ ટકાથી વધુની અસાધારણ સફળતાનો દર મેળવ્યો છે. આ આંકડા અન્ય પ્રતિસ્પર્ધી કંપનીઓ જેવા કે ઈન્ટેલ અને સેમસંગ કરતા ઘણા વધારે છે. અહેવાલો મુજબ, ઈન્ટેલની અદ્યતન પેકેજિંગ ટેકનોલોજીનો સફળતાનો દર આશરે ૯૦ ટકાની આસપાસ છે, જ્યારે સેમસંગની ૨-નેનોમીટર પ્રક્રિયાની સફળતાનો દર માત્ર ૫૫ ટકાની રેન્જમાં નોંધાયો છે. આ સરખામણી દર્શાવે છે કે તાઈવાનની કંપની હાલમાં સમગ્ર વિશ્વના ઉદ્યોગ જગતમાં સૌથી મોખરાનું સ્થાન ધરાવે છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ અને હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ નોડ્સની સતત વધી રહેલી માંગને પહોંચી વળવા માટે કંપનીએ પોતાના ઓપરેશનલ પ્લાનમાં મોટો વિસ્તાર કર્યો છે.

### ટ્રમ્પ અને શી જિનપિંગની બેઠક સફળ રહી

## ચાઈનીઝ અર્થતંત્રની મજબૂતી અંગે અમેરિકન ઉદ્યોગપતિઓ ભારે આશાવાદી

બેઈજિંગ: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે બેઈજિંગમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય ઐતિહાસિક બેઠક બાદ વૈશ્વિક વેપાર જગતમાં એક નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ મહત્વપૂર્ણ ચર્ચા દરમિયાન અમેરિકાની અગ્રણી કંપનીઓના અબજોપતિ વડાઓએ ચાઈનીઝ અર્થતંત્રની મજબૂતી અને ભવિષ્યમાં બંને મહાસત્તાઓ વચ્ચે પરસ્પર આર્થિક સહયોગ વધવાની સંભાવનાઓ અંગે ભારે આશાવાદ વ્યક્ત કર્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા સત્તાવાર અહેવાલ મુજબ, આ બેઠક માત્ર બંને દેશોના દ્વિપક્ષીય સંબંધો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની આર્થિક સ્થિરતા માટે ખૂબ જ સકારાત્મક અને નિર્ણાયક સાબિત થઈ રહી છે.મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ટેસ્લાના મુખ્ય કાર્યકારી અધિકારી ઈલોન મસ્કે આ વાટાઘાટો અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ બેઠકના પરિણામો ખૂબ જ શાનદાર અને બંને પક્ષો માટે ફાયદાકારક રહેશે. ક્વોલકોમના પ્રમુખ ક્રિસ્ટિયાનો એમોને ચીનની આર્થિક વ્યવસ્થાને અતિ જીવંત ગણાવી હતી, જ્યારે એનવીડિયા કોર્પોરેશનના વડા જેન્સન હુઆંગે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈના ક્ષેત્રમાં ચીન દ્વારા લેવામાં આવી રહેલા પગલાંની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

આ ઉપરાંત સિટીગ્રુપના વડા જેન ફ્રેઝર અને બ્લેકરોકના વડા લોરેન્સ ફિંકે આ ક્ષણને ઐતિહાસિક ગણાવીને આશા વ્યક્ત કરી હતી કે આ ચર્ચાથી બંને દેશો વચ્ચે વેપાર અને શાંતિના એક નવા યુગની શરૂઆત થશે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીનના વડાપ્રધાન લી કિયાંગે બેઈજિંગના ગ્રેટ હોલ ઓફ ધ પીપલ ખાતે પ્રમુખ ટ્રમ્પ સાથે આવેલા અમેરિકાના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ખાસ મુલાકાત કરી હતી. આ બેઠકમાં એપલ, મેટા, બોઈંગ, ગોલ્ડમેન સેક્સ, વિઝા, માઈક્રોન ટેકનોલોજી, માસ્ટરકાર્ડ અને ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ જેવી દુનિયાની સૌથી મોટી અને પ્રભાવશાળી કંપનીઓના વડાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ઈન્ડિયન ઓઈલનું આયોજન સો ટકા સફળ, ગ્રીન હાઈડ્રોજન બસ સેવા શરૂ કરાઈ

# ઘરેલું ઈંધણનો પુરવઠો જાળવવા ઈન્ડિયન ઓઈલ કંપની રાતદિવસ કાર્યરત

(એજન્સી) નવી દિલ્હી | તા.15

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયેલા નજીવા વધારા પછી ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડની તમામ રિફાઈનરીઓ હાલમાં પોતાની સંપૂર્ણ ક્ષમતા કરતા



પણ વધુ એટલે કે ૧૦૦ ટકાથી વધુ સ્તરે કામ કરી રહી છે. દેશના કોઈપણ ખૂણે આવેલા પેટ્રોલ પંપ પર ઈંધણની અછત કે કટોકટી ન સર્જાય તે માટે કંપનીએ આ ભગીરથ પ્રયાસ શરૂ કર્યો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના વધતા દબાણ વચ્ચે સ્થાનિક બજારમાં કરવામાં આવેલો આ ભાવવધારો ખૂબ જ સામાન્ય છે. કંપનીના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, દેશની તમામ ૧૦ રિફાઈનરીઓ ચોવીસ કલાક કાર્યરત છે જેથી પેટ્રોલ પંપો પર તેલનો જથ્થો ખૂટે નહીં. આ કટોકટીના સમયે દેશના નાગરિકોને પણ ઈંધણની બચત કરવા અપીલ કરવામાં આવી છે.કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લિટર દીઠ ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યા બાદ દેશના તમામ મોટા શહેરોમાં નવી કિંમતો લાગુ થઈ ગઈ છે. રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૯૭.૭૭ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૦.૬૭ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. આ જ પ્રમાણે મુંબઈમાં પેટ્રોલ ૧૦૬.૬૮ રૂપિયા અને ડીઝલ ૯૩.૧૪ રૂપિયા પર પહોંચ્યું છે, જ્યારે કોલકાતામાં પેટ્રોલ ૧૦૮.૭૪ રૂપિયા અને ચેન્નાઈમાં ૧૦૩.૭ રૂપિયા પ્રતિ લિટરના સ્તરે પહોંચી ગયું છે. મીડિયા અહેવાલ અનુસાર, વૈશ્વિક સ્તરે ખાડી દેશોના સંકટને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ વચ્ચે પણ ભારતમાં કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે સરકારી તેલ કંપનીઓ મોટું આર્થિક દબાણ સહન કરી રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પેટ્રોલિયમ પેદાશો પરની લાંબા ગાળાની નિર્ભરતા ઘટાડવા માટે હવે ગ્રીન એનર્જી તરફ ઝડપથી પગલાં ભરવામાં આવી રહ્યા છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને બે અત્યાધુનિક હાઈડ્રોજન સંચાલિત બસો સોંપવામાં આવી છે. આ બસો સેન્ટ્રલ સેક્રેટરિએટથી સેવા તીર્થ મેટ્રો સ્ટેશન અને સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં આવેલા મહત્વના સરકારી ભવનો વચ્ચે દોડશે. સંપૂર્ણપણે શૂન્ય કાર્બન ઉત્સર્જન ધરાવતી આ બસો પર્યાવરણની સુરક્ષા માટે ગેમ ચેન્જર સાબિત થશે. પ્રદૂષણ મુક્ત જાહેર પરિવહન વ્યવસ્થા તરફનું આ ભારતનું એક મોટું અને પ્રશંસનીય કદમ છે.

આ ખાસ ગ્રીન હાઈડ્રોજન બસોના ઈંધણની વ્યવસ્થા ફરીદાબાદ ખાતે આવેલા કંપનીના સંશોધન અને વિકાસ કેન્દ્રમાં કરવામાં આવી છે, જ્યાં પર્યાવરણને અનુકૂળ ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થાય છે. આ બસો ચાલ્યા પછી ધુમાડાને બદલે માત્ર પાણી બહાર કાઢે છે, જે તેની પર્યાવરણીય સંવેદનશીલતા દર્શાવે છે. ૩૫ મુસાફરોની બેઠક ક્ષમતા ધરાવતી આ બસોમાં સીસીટીવી કેમેરા અને જીપીએસ ટ્રેકિંગ જેવી આધુનિક સુરક્ષા પ્રણાલીઓ લગાવવામાં આવી છે. અહેવાલો મુજબ, લોકોને ખાનગી વાહનો છોડીને જાહેર પરિવહનનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે, જેથી બહારથી મોંઘા ભાવે આયાત કરવામાં આવતા ક્રૂડ ઓઈલનો વપરાશ ઘટાડી શકાય અને દેશના અર્થતંત્ર પરનું વૈશ્વિક દબાણ ઓછું કરી શકાય.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ વદ-15

# કેસી વેણુગોપાલનું પત્તુ કેમ કપાયું

છેવટે કેરળની મડાગાંઠનો અંત આવ્યો છે. મુખ્યમંત્રી બનવા માટે કેરળમાં ભારે ગડમથલ થઈ હતી. કોંગ્રેસ હાઈકમાન્ડે વીડી સતીશનને કેરળના મુખ્યમંત્રી બનાવવાનું નક્કી કર્યું છે. કેરળના મુખ્યમંત્રીપદ માટે ત્રણ નેતાઓ રેસમાં હતા. વીડી સતીશન, રમેશ ચેન્નીથલા અને કેસી વેણુગોપાલ. કેરળમાં એવો દાવો થઈ રહ્યો હતો કે મોટા ભાગના ધારાસભ્યો કેસી વેણુગોપાલને સમર્થન આપે છે. કેસી વેણુગોપાલ રાહુલ ગાંધીના જમણા હાથ ગણાય છે. જે રીતે યુપીએ સરકાર વખતે અહમદ પટેલ સોનિયા ગાંધીના વિશ્વાસુ હતા એ જ રીતે કેસી વેણુગોપાલ રાહુલ ગાંધીના વિશ્વાસુ છે. જોકે પ્રિયંકા ગાંધીના મત વિસ્તાર વાયનાડ સહિત કેરળમાં એવા પોસ્ટરો લગાડવામાં આવ્યા હતા કે જો વેણુગોપાલને મુખ્યમંત્રી બનાવવામાં આવશે તો વાયનાડથી બીજી વખત કોંગ્રેસ જીતી શકશે નહીં. દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓ સમજી ગયા કે વેણુગોપાલ ભલે રાહુલ ગાંધીના માનીતા હોય, પરંતુ કેરળમાં વીડી સતીશન જ ચાલશે. તામિલનાડુમાં મહિલા યોજના હેઠળ આપવામાં આવનાર રકમનો હપ્તો હજી સુધી મળ્યો નથી. ડીએમકેના પ્રમુખ એમ કે સ્ટાલીનએ મુખ્યમંત્રી વિજયની ટીકા કરતા પ્રશ્ન કર્યો હતો કે, દર મહિને ૧૫ તારીખ સુધીમાં મહિલાઓને અપાતો રૂા. ૧,૦૦૦નો હપ્તો શા માટે ચૂકવવામાં આવ્યો નથી. સ્ટાલીને સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકી છે. આ પોસ્ટમાં એમણે નવી સરકારની ટીકા કરી છે. એમનું કહેવું છે કે, પહેલાથી ચાલી રહેલી યોજના ચાલુ રાખવામાં શું તકલીફ છે? વિધાનસભામાં એક દિવસ પહેલા સરકારે દાવો કર્યો હતો કે દ્રવિડ મોડલ સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ ચાલુ રાખશે. મહિને રૂા. ૨,૫૦૦ આપવાનું વચન આપનાર સરકાર રૂા. ૧,૦૦૦ આપવામાં પણ મોડુ કરી રહી છે. શું આ જ બદલાવ છે? કલાઈગનાર મહિલા અધિકાર સહાયતા યોજના ડીએમકે સરકારે શરૂ કરી હતી અને એનું નામ ભૂતપૂર્વ મુખ્યમંત્રી એમ કરુણાનિધિના નામ પરથી રાખવામાં આવ્યું હતું.કર્ણાટકમાં જ્યારે ભાજપની સરકાર હતી ત્યારે ૨૦૨૨ના વર્ષમાં સરકારે હુકમ કર્યો હતો કે સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ હિજાબ, જનોઈ, પાઘડી, શિવમાળા અને રૂદ્રાક્ષ પહેરી શકશે નહીં. કર્ણાટકની હમણાની કોંગ્રેસ સરકારે આ હુકમ રદ કર્યો છે અને સ્કૂલ - કોલેજના વિદ્યાર્થીઓને હિજાબ, જનોઈ, પાઘડી, શિવમાળા અને રૂદ્રાક્ષ પહેરવાની સંમતી આપી છે. આ નિયમ આગામી શૈક્ષિણક વર્ષથી લાગુ કરવામાં આવશે. હુકમમાં કહેવામાં આવ્યું છે કે, 'પારંપારીક અને રીતિરિવાજ આધારીત પહેરવેશ યુનિફોર્મ સાથે બુદ્ધિપુર્વક પહેરી શકાશે. આ હુકમ યુનિફોર્મની મૂળ ભાવનાને નબળો પાડશે નહીં. શિષ્ટ, સુરક્ષા અને વિદ્યાર્થીની ઓળખમાં આ નિયમને કારણે કોઈ અડચણ આવવી જોઈએ નહીં. ૨૦૨૨માં હિજાબ બાબતે મોટો વિવાદ થયો હતો અને આ વિવાદના પડઘા આખા દેશમાં પડયા હતા. હવે એવી ચર્ચા થઈ રહી છે કે મુસ્લિમ મતદારોને રીઝવવા માટે કોંગ્રેસ સરકારે આ છૂટછાટ આપી છે.'દિલ્હી મહિલા આયોગના ભૂતપૂર્વ પ્રમુખ અને બીજેપીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલિવાલે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને ઝાડી નાખ્યા છે. એમણે કહ્યું છે કે આજથી બરાબર બે વર્ષ પહેલા કેજરીવાલે એમના ઘરમાં મને માર મરાવ્યો હતો. હવે કેજરીવાલ મને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપે છે. અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં એક નવો કેસ દાખલ કરાવ્યો હોવાનો આક્ષેપ થયો છે. સ્વાતિ માલિવાલે સોશ્યલ મીડિયા એક્સ પર એક પોસ્ટ મુકીને લખ્યું છે કે મીડિયા દ્વારા મને જાણવા મળ્યું છે કે કેજરીવાલે પંજાબમાં મારી સામે ખોટી ફરિયાદ દાખલ કરાવી છે. મારો ગુનો ફક્ત એટલો હતો કે હું સાચું બોલી હતી. પંજાબ જેવા સંવેદનશીલ સરહદી રાજ્યનું સુકાન એવા મંત્રીના હાથમાં છે કે તેઓ કદી હોંશમાં હોતા નથી. ભગવંત માન દારૂના નશામાં ચકચૂર થઈને મંદિર, ગુરુદ્વાર અને વિધાનસભામાં જાય છે. તેઓ નશાની હાલતમાં ફાઈલ સાઈન કરે છે. પંજાબના લોકોને જાણવાનો હક છે કે એમની સરકાર હોશમા ચલાવવામાં આવે છે કે નશામાં. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી પહેલા મમતા બેનર્જીએ સુપ્રિમ કોર્ટમાં જાતે હાજર રહીને એક કેસમાં દલીલો કરી હતી. ચૂંટણીમાં મળેલી હાર પછી તેઓ કલકત્તા હાઈકોર્ટમાં વકીલનો ડ્રેસ પહેરીને પહોંચી ગયા હતા. મમતાના આ પગલા બાબતે જ્યારે પત્રકારોએ મુખ્યમંત્રી શુભેંદુ અધિકારીને પૂછયું તો શુભેંદુ અધિકારીએ કટાક્ષ કરતા કહ્યું હતું કે આવી ફાલ્તુ બાબતો વિશે ટીપ્પણી કરવા કરતા એમની પાસે બીજા ઘણા અગત્યના કામો છે. મારો સમય ખૂબ કિંમતી છે અને કારણ વગરના મુદ્દાઓ વિશે મારે ચર્ચા કરવી નથી.

જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા મિશનની સમીક્ષા બેઠક યોજાઈ

# સમીક્ષા બેઠકમાં ગ્રામ્ય પાણી પુરવઠા, જળ સેવા સહિત સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કામગીરીની સમીક્ષા કરાઈ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ (વાસ્મો) ની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક કોન્ફ્રન્સ હોલ પાલનપુર ખાતે યોજાઈ હતી. આ બેઠક દરમિયાન ગત બેઠકના નિર્ણયો તથા કાર્યવાહી નોંધને મંજૂરી અપાઈ હતી.આ બેઠક દરમિયાન જિલ્લાની ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ, 'જળ સેવા'ની સમીક્ષા, પાણી પુરવઠા સંબંધિત ફરિયાદો અને તેના નિવારણ સહિત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે જિલ્લા જળ અને સ્વચ્છતા મિશન સમિતિના સભ્યોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપતા જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝનમાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સુલભતા અને ગુણવત્તા જાળવવી એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધુમાં લોકોની ફરિયાદોને ઝડપી નિવારણ લાવવા ખાસ સલાહ-સૂચનો કર્યા હતાં.

આ બેઠકમાં યુનિટ મેનેજરશ્રી (વાસ્મો), જિલ્લા પાણી પુરવઠા અધિકારીશ્રી સહિત જિલ્લા જળ અને સ્વચ્છતા મિશનના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બિનવારસુ વાછડીને ગૌરક્ષક દળે પહોંચાડી સારવાર

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ નખત્રાણા ટીમની માનવતાભરી કામગીરી

નખત્રાણા તાલુકાના નેત્રા આગળ વિસ્તારમાં એક બિનવારસુ વાછડી ગંભીર હાલતમાં જોવા મળતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં જ હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ નખત્રાણા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

ટીમના કાર્યકરોએ વિલંબ કર્યા વગર વાછડીને સુરક્ષિત રીતે બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે મોકલી આપી હતી. ગંભીર હાલતમાં રહેલી વાછડીને સમયસર સારવાર મળતા જીવ બચાવવાના પ્રયાસ હાથ ધરાયા હતા.

ગૌસેવા અને નિરાધાર પશુઓની સેવા માટે સતત કાર્યરત ગૌરક્ષક દળની આ કામગીરીને સ્થાનિક લોકો દ્વારા પ્રશંસા મળી રહી છે. સંગઠનના સભ્યોએ જણાવ્યું હતું કે કોઈપણ ઈજાગ્રસ્ત અથવા બિનવારસુ પશુ અંગે જાણ થાય તો ટીમ તરત જ મદદ માટે પહોંચી જાય છે.

# જુનાગઢ જિલ્લાના ખમીદાણા-ઘેડમાં નૂતન સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નો ભવ્ય પ્રારંભ

કેશોદ તા.૧૫ જુનાગઢના પંચાળા પ્રદેશના ખમીદાણા-ઘેડ ગામે ઈષ્ટદેવ ભગવાનશ્રી સ્વામિનારાયણની કૃપાથી નૂતન સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ત્રિદિનાત્મક મહા વિષ્ણુ યાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. 11 મે થી 13 મે દરમિયાન યોજાયેલા આ ધાર્મિક મહોત્સવે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો,પ.પૂ. 108 આચાર્ય મહારાજશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ.ધ.ધૂ. 108 ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી યોજાયેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો અને સંતમંડળ જોડાયા હતા. પ.પૂ. 108 શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના વરદહસ્તે શ્રી ગણપતિ મહારાજ, શ્રી હનુમાનજી મહારાજ તથા ઈષ્ટદેવ ભગવાનશ્રી સ્વામિનારાયણની વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરવામાં આવી હતી. મહોત્સવના પ્રથમ દિવસે હેમાદ્રી વિધિ યોજાઈ હતી. બીજા દિવસે ભવ્ય કળશ યાત્રા, નગર યાત્રા તથા જ્વારા યાત્રા ગામના મુખ્ય માર્ગો પરથી નીકળતા સમગ્ર ગામ ભક્તિમય બની ગયું હતું. યજ્ઞવિધિ દરમિયાન વિદ્વાન આચાર્ય શાસ્ત્રીશ્રી રવિન્દ્ર જગદીશચંદ્ર જોષી (રવિઅદા બાંટવા વાળા) તથા વિપ્રવૃંદ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે મહા વિષ્ણુ યાગ સંપન્ન કરાયો હતો.અંતિમ દિવસે પૂ.લાલજી મહારાજના આગમન સાથે ધાર્મિક સભા અને આશીર્વચન કાર્યક્રમ યોજાયો હતો. અભિજિત મુહૂર્તમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા બાદ અન્નકૂટ આરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો.



# બનાસકાંઠામાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ ૬૧ ટકા કામગીરી પૂર્ણ

પાલનપુર | નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (NMNF) અંતર્ગત ડિસ્ટ્રિક્ટ લેવલ મોનીટરીંગ કમિટી (DLMC)ની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠક દરમિયાન કલેકટરશ્રીએ જિલ્લામાં યોજનાની અમલવારી અને પ્રગતિ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (NMNF) યોજના અંતર્ગત જિલ્લામાં કુલ ૬૧ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. યોજના હેઠળ જિલ્લામાં કુલ ૧૮ બાયો ઈનપુટ રિસોર્સ સેન્ટર (BRC) યુનિટ સ્થાપિત કરવામાં આવ્યા છે. ઉપરાંત ૬૨ કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન (CRP)ની નિમણૂક કરવામાં આવી છે.

ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ ફેલાય તે માટે ગ્રામ પંચાયત કક્ષાએ કુલ ૧૮૬ અવેરનેસ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. તેમજ યોજનાના અંતર્ગત ૩૧ ક્લસ્ટરમાં કુલ ૩૮૭૫ ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતીનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ખેડૂતોને માર્ગદર્શન અને તાલીમ આપવા માટે જિલ્લામાં કુલ ૩૫ ઓરિએન્ટેશન કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૬-૨૭ માટેની કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ વર્ષ માટે ભૌતિક લક્ષ્યાંક ૩૯૩૮ તેમજ રૂ. ૧૯૨.૨૦ લાખની નાણાકીય ફાળવણી કરવામાં આવી અને તેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જિલ્લામાં કાર્યરત બાયો ઈનપુટ રિસોર્સ સેન્ટર (BRC) યુનિટ મારફતે અંદાજિત ૬૦૦૦ લીટર જીવામૃત અને ૫૦૦૦ કિલોગ્રામ ઘન જીવામૃતનું વેચાણ થઈ રહ્યું છે, જે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.

# બનાસકાંઠા જિલ્લામાં વસ્તી ગણતરી પ્રક્રિયા-૨૦૨૭ અંતર્ગત કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને આજરોજ કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે રાષ્ટ્રીય વસ્તી ગણતરી પ્રક્રિયા-૨૦૨૭ અંતર્ગત ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન વસ્તી ગણતરીની કામગીરીને સુચારુ અને અસરકારક રીતે અમલમાં મૂકવા અંગે જરૂરી માર્ગદર્શન તથા ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી રાષ્ટ્રીય વસ્તી ગણતરી પ્રક્રિયા અંતર્ગત રાજ્યમાં વસ્તી ગણતરી-૨૦૨૭ ની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે. વસ્તી ગણતરી એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય છે, જેના દ્વારા વસ્તી, સામાજિક, આર્થિક તથા આવાસ સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવે છે, જે વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા વિકાસકાર્યોના આયોજન અને અમલીકરણ માટે ઉપયોગી બને છે. કલેકટરશ્રીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં ૧૭મી મે ૨૦૨૬થી વસ્તી ગણતરી પ્રક્રિયા હાથ ધરાશે. જિલ્લામાં ૧૭ થી ૩૧ મે ૨૦૨૬ સુધી સ્વ-ગણતરી (Self Enumeration) ની સુવિધા ૧૭ મે, ૨૦૨૬ થી ૩૧ મે, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે, જેના દ્વારા નાગરિકો નિર્ધારિત સ્વ-ગણતરી પોર્ટલ (se.census.gov.in) પર પોતાની માહિતી સ્વયં નોંધાવી શકશે. ત્યારબાદ ઘરયાદી અને મકાનોની ગણતરી (HLO) ની કામગીરી ૦૧ જૂન, ૨૦૨૬ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે, જેમાં વસ્તી ગણતરી કર્મચારીઓ ઘર-ઘર જઈ માહિતી એકત્રિત કરશે અને જેઓના દ્વારા સ્વ-ગણતરી કરવામાં આવી છે તેઓના SE id એકત્રિત કરશે.કલેકટરશ્રીએ બનાસકાંઠા જિલ્લાના તમામ નાગરિકોને આહવાન કર્યું છે કે તેઓ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યમાં સક્રિય સહભાગી બને અને સ્વ-ગણતરી (Self Enumeration) ની સુવિધાનો લાભ મેળવે. સ્વ ગણતરી નોંધણી કરાવ્યા બાદ દરેક નાગરિકે ૧૧ આંકડાની પોતાની આઈ.ડી સાચવીને રાખવી પડશે. વસ્તી ગણતરી અંતર્ગત ટીમ જ્યારે નાગરિકો સુધી પહોંચે ત્યારે આ આઈ.ડી આપવું જરૂરી છે. આ તમામ માહિતી વસ્તી ગણતરી અધિનિયમ મુજબ સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે.

# જૂનાગઢ જિલ્લાની શાન 'ગીર કેસર કેરી, આધુનિક ટેકનોલોજી અને GI ટેગના સંગમથી વૈશ્વિક ઓળખ મજબૂત બની

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૧૫. જૂનાગઢ અને ગીર વિસ્તારની "ગીર કેસર કેરી' ગુજરાતને પણ આગવી ઓળખ અપાવે છે. તેની અનોખી મીઠાશ, આકર્ષક કેસરિયા રંગ, સુગંધ અને રસાળ પલ્પને કારણે આ કેરી દેશ-વિદેશમાં ખૂબ લોકપ્રિય બની છે. ગીરના વિશિષ્ટ હવામાન, જમીન અને કુદરતી પરિસ્થિતિ ઓને કારણે અહીં ઉત્પન્ન થતી કેરીમાં વિશેષ ગુણવત્તા જોવા મળે છે. ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લાના ખેડૂતો વર્ષોથી પરંપરાગત રીતે કેસર કેરીનું ઉત્પાદન કરતા આવ્યા છે, જેના કારણે આ વિસ્તાર "કેસર બેલ્ટ" તરીકે પણ ઓળખાય છે. તેમાં પણ કેસરને વર્ષ ૨૦૧૧માં ભૌગોલિક સંકેત (Geographical Indication - GI Tag) પ્રાપ્ત થયો. આમ, "ગીર કેસર" નામને કાનૂની સુરક્ષા મળી છે અને ગીર વિસ્તાર સિવાય અન્યત્ર ઉત્પન્ન થતી કેરીને આ નામથી વેચી શકાતી નથી. આ માન્યતા મળવાથી ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજારમાં વિશ્વસનીયતા અને વધુ સારો ભાવ મળવા લાગ્યો છે. ગુજરાતના GI ટેગ ધરાવતા કૃષિ ઉત્પાદનોમાં ગીર કેસરનું વિશેષ સ્થાન છે અને તે રાજ્યની કૃષિ ગૌરવનું પ્રતિક માનવામાં આવે છે. ગીર કેસર કેરીનું ઉત્પાદન છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વધ્યું છે. હાલમાં ગુજરાતમાં અંદાજે ૪૪,૦૦૦ હેક્ટર વિસ્તારમાં કેસર કેરીની ખેતી થાય છે અને સરેરાશ ૩.૧૫ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થાય છે. જેમા મુખ્યત્વે કેરી પકવતા જિલ્લાઓમા જૂનાગઢ જીલ્લા મા ૯૫૧૦ હેક્ટર, ગીર સોમનાથ જીલ્લામા ૧૯૧૮૩ હેક્ટર, અમરેલી જીલ્લામા ૮૨૪૩ હેક્ટરમા વાવતેર થયેલ છે, જેનુ સરેરાસ અંદાજીત ઉત્પાદન ૨.૬૦ લાખ મેટ્રીક ટન ઉત્પાદન થાય છે. સૌરાષ્ટ્ર વિસ્તારમા તાલાળા માર્કેટ યાર્ડ ગીર કેસરનું સૌથી મોટું વેપાર કેન્દ્ર ગણાય છે, જ્યાં દર વર્ષે લાખો બોક્સ કેરીની હરાજી થાય છે. કેસર કેરીનું મુખ્ય સિઝન એપ્રિલ થી જૂન સુધી ચાલે છે. ગીર કેસર કેરીની આંતર રાષ્ટ્રીય માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને મધ્ય પૂર્વના દેશોમાં ગીર કેસરની નિકાસ કરવામાં આવે છે. ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૫-૨૬(એપ્રીલ સુધી) અંદાજે ૫૩૫ મેટ્રીક ટન, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આશરે ૮૫૬ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આશરે ૬૮૯ મેટ્રિક ટન કેરીની નિકાસ થઈ હતી.0

# માળિયા હાટીના તાલુકામાં 'ટીબી મુક્ત ભારત' અભિયાન અંતર્ગત અત્યાધુનિક હેન્ડ હેલ્ડ એક્સ-રે મશીન દ્વારા સ્કીનીંગની કામગીરી શરૂ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા. ૧૫ પ્રધાનમંત્રીશ્રીના 'ટીબી મુક્ત ભારત' ના સંકલ્પને સાકાર કરવા માટે જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકામાં ૧૦૦ દિવસના ટીબી કેમ્પેઈન અંતર્ગત સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં અત્યાધુનિક હેન્ડ હેલ્ડ એક્સ-રે મશીન (Handheld X-Ray Machine) દ્વારા ગામડાઓમાં જઈને સ્થળ પર જ તપાસ કરવામાં આવી રહી છે.

આ કામગીરી જૂનાગઢ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી (CDHO) ડો.અલ્પેશ સાલ્વી, જિલ્લા ક્ષય અધિકારી (DTO) ડો. સી.એલ.વ્યાસ અને માળિયા હાટીના તાલુકા આરોગ્ય અધિકારી (THO) ડો. એન.જી.ડાભી ના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહી છે.આ કેમ્પેઈન અંતર્ગત તાલુકાના ખાસ પસંદ કરાયેલા ગામોમાં ટીબીના શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓ તેમજ ૧૪ વર્ષથી ઉપરની વયના તમામ લોકોનું સ્કીનીંગ કરવામાં આવી રહ્યું છે. હેન્ડ હેલ્ડ એક્સ-રે મશીનની મદદથી મિનિટોમાં જ ફેફસાની તપાસ કરી ટીબીની શક્યતા ચકાસવામાં આવે છે.

# જૂનાગઢમાં ૧૦૦ શિબિરાર્થીઓએ એડવેન્ચર કોર્સની તાલીમ મેળવી : પ્રમાણપત્રો એનાયત કરાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૫ જૂનાગઢ ખાતેના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રમાં રાજ્યભરના ૧૩ જિલ્લાના ૧૦૦ જેટલા શિબિરાર્થીઓએ પર્વતારોહણની ૭- દિવસીય એડવેન્ચર કોર્સની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરતા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. પૂર્ણાહુતી સમારોહમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી શિવરાજસિહ ગોહિલ, આસિસ્ટન્ટ લેવલ કમિશનર આર. એસ બ્રહ્મભટ્ટ, મદદનીશ વન સંરક્ષકશ્રી કપિલ ભાટિયા, પ્રાંત યુવા વિકાસ અધિકારી, અમરેલી અશરફ કુરેશી, અને LIC જૂનાગઢના જીતેન્દ્રસિંહ ગોહિલ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી શિવરાજસિહ ગોહિલે જણાવ્યું હતું કે, આ પ્રકારની તાલીમથી આંતરિક વિકાસ શક્ય બને છે. બાળકોના વાલીઓએ અચૂક પણે તાલીમમાં મોકલવા જોઈએ. જેથી તેમાં માનસિક પ્રેશર સહન કરવાની શક્તિ વિકસે, જે તેમને કોઈ પણ ક્ષેત્રમાં ઉપયોગી થઈ પડે છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઇંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે અનોખી પહેલ કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૫, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અનુસાર મધ્યપૂર્વ દેશોમાં કટોકટીની પરિસ્થિતિને કારણે આપણા દેશમાં ઉર્જાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં પણ ઉર્જા બચત માટે સક્રિયપણે કામગીરી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ પ્રવાસ જરૂરિયાત મુજબ જ કરવો, પ્રવાસ માટે એક જ જગ્યાએ એકથી વધુ અધિકારી/કર્મચારી ઓને જવાનું થાય ત્યારે કોમન વાહનમાં અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટમાં પ્રવાસ કરવાનો આગ્રહ રાખવો. તેમજ શક્ય તેટલી મીટીંગો ઓનલાઈન કરવી, જ્યાં ખાસ જરૂરિયાત હોય ત્યાં જ રૂબરૂ મીટીંગનું આયોજન કરવું. આ ઉપરાંત કચેરી કે ફાર્મ ઓફિસમાં કોઈ અધિકારી/કર્મચારી હાજર ન હોય તો લાઈટ, પંખા, એ.સી. તેમજ અન્ય ઈલેક્ટ્રિક ઉપકરણો બંધ રહે તે સુનિશ્ચિત કરવું અને વીજળી બચતને પ્રાધાન્ય આપવામાં આવશે.

# અમદાવાદમાં જય જલારામ પ્રસાદ સેવા કેન્દ્રમા નિશુલ્ક છાશ વિતરણ

અમદાવાદ : જય જલારામ સેવા કેન્દ્ર, ઈસનપુર થી નારોલ રોડ, મોની હોટેલ ની બાજુમાં, ફર્નિચરવર્લ્ડ શો રૂમ અમદાવાદ ખાતે માનવતાના અનોખા દર્શન થયા છે. અહી નિશુલ્ક છાશ વિતરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉનાળાના ધોમધખતા તાપ અને અસહ્ય ગરમીના ઉકળાટ વચ્ચે મુસાફરો અને સ્થાનિક જનતાને ટાઢક પહોંચાડવાના શુભ આશય સાથે હાથ ધરાયેલા આ સેવાયજ્ઞએ લોકોના દિલ જીતી લીધા હતા. અત્યારે જ્યારે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે અને શરીરને દઝાડે તેવી ગરમી પડી રહી છે, ત્યારે જાહેર સ્થળે મુસાફરોની હાલત કફોડી બનતી હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંસ્થાના સ્વયંસેવકો દ્વારા સેંકડો મુસાફરો, શ્રમજીવીઓ, છૂટક મજૂરી કરનારા ગરીબ લોકો તેમજ સ્થાનિક રહીશોને કાળઝાળ ગરમીમાં સેવાનું અમૃત સમાન ઠંડી છાશનું વિતરણ કરી ગરમીમાં મોટી રાહત પૂરી પાડવામાં આવી હતી. મુસાફરો માટે આ છાશ ઉનાળાની લૂ સામે રક્ષણ આપનારું અમૃત સાબિત થઈ હતી. આ સેવાકીય પ્રવૃત્તિમાં સામાન્ય નાગરિકોએ હોંશભેર લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વ. જ્યોત્સનાબેન અતુલભાઈ શાહ અને સ્વ. અતુલભાઈ શાંતિલાલ શાહ ના સ્મરણાર્થે તેમના સુપુત્ર અલ્પન અતુલભાઈ શાહ તરફથી સહયોગ આપ્યો હતો.

# જાફરાબાદના કડિયાળીમાં સિંહનો કહેર, યુવકનો ચમત્કારિક બચાવ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના જાફરાબાદના કડિયાળી ગામે મધરાતે સિંહો ત્રાટક્યા હોવાની ઘટના સામે આવી છે. ગામની સૂમસામ શેરીઓમાં શિકારની શોધમાં નીકળેલા સિંહોના આંટાફેરા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.મોત સામે મુલાકાત: કડિયાળીની શેરીમાં જ્યારે એક સિંહ પશુ પાછળ શિકાર માટે દોટ લગાવી રહ્યો હતો, ત્યારે અચાનક એક સ્થાનિક યુવક તેની સામે આવી ગયો હતો.રુંવાડા ઉભા કરી દેતા દ્રશ્યો: સિંહને નજર સામે જોઈને યુવક ફફડી ઉઠ્યો હતો અને જીવ બચાવવા ઊભી પૂંછડીએ ભાગ્યો હતો.ચમત્કારિક બચાવ:



સિંહે પશુનો શિકાર કર્યા બાદ યુવક તરફ પણ દોટ લગાવી હતી, પરંતુ મહામુસીબતે યુવકનો જીવ બચ્યો છે.ગામની મુખ્ય બજારમાં સિંહોના આ પ્રકારે પ્રવેશથી સ્થાનિકો માં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. વનવિભાગ આ બાબતે સતર્ક બને અને વન્ય પ્રાણીઓને માનવ વસ્તીમાં આવતા અટકાવે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યા છે.

# પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ કરવા અને શિક્ષણ-આંગણવાડી પર વિશેષ ભાર મૂકતા મહીસાગર જિલ્લા પ્રભારી સચિવશ્રી કે. એલ. બચાણી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા પ્રભારી સચિવશ્રી કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં અમલી વિવિધ પ્રજાહિતલક્ષી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી અને વહીવટી કામગીરીને વધુ વેગવંતી બનાવવા જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.આ સમીક્ષા બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ શિક્ષણ પર સૌથી વધુ ભાર મૂકતા જણાવ્યું હતું કે, 'શિક્ષણનો પાયો મજબૂત હશે તો જ આપણે પ્રગતિના પંથે આગળ વધી શકીશું.' તેમણે 'બેક ટુ સ્કૂલ' (Back to School) ઝુંબેશ અંતર્ગત શાળા પ્રવેશોત્સવ પૂર્વે સર્વેની કામગીરી પૂર્ણ થાય અને શાળામાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા અને બાળકોને ફરીથી શાળામાં લાવવા સઘન પ્રયત્નો કરવા સૂચન કર્યું હતું. આ સાથે જ 'ઉલ્લાસ નવભારત અભિયાન' અંતર્ગત જે લોકો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે, તેમના પર વિશેષ લક્ષ્ય કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.આ ઉપરાંત, 'પ્રોજેક્ટ સહકાર' હેઠળ 'એડોપ્ટ આંગણવાડી' (આંગણવાડી દત્તક લેવી) કાર્યક્રમમાં વધુ સક્રિયતા દાખવવા સૂચનો કર્યા હતા. તેમણે આ કાર્યને એક સેવાનું માધ્યમ ગણાવતા ઉમેર્યું હતું કે, આંગણવાડી માટે કામ કરવું એ સમાજનું ઋણ અદા કરવાનો એક ઉત્તમ મોકો છે.નાગરિકોને સરકારી યોજનાઓની સરળતાથી માહિતી મળી રહે તે માટે 'મારી યોજના'નો વધુમાં વધુ લાભ લેવા અને લોકો સુધી તેનો પ્રચાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી છેવાડાના માનવી સુધી તમામ યોજનાઓ પહોંચી શકે અને પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ થાય. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને પ્રિ-મોન્સુન કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરતા પ્રભારી સચિવશ્રીએ તાકીદ કરી હતી કે, ભૂતકાળના ડેટાના આધારે જે વિસ્તારોમાં વધુ તકલીફો પડી હોય તેનું અગાઉથી જ સુદ્રઢ પ્લાનિંગ કરવું અત્યંત જરૂરી છે. તેમણે આપત્તિ વ્યવસ્થાપન માટે નવા સાધનોની ઉપલબ્ધિ, સંબંધિત અધિકારીઓનું લિસ્ટ અને 'આપદા મિત્ર' ની યાદી સતત અપડેટ રાખવા સૂચના આપી હતી. આ સાથે માર્ગ અને મકાન વિભાગ,વન વિભાગ, mgvcl વિભાગ અને અન્ય વિભાગ દ્વારા કરવામાં આવતી ચોમાસા પૂર્વેની કામગીરીની પણ સઘન સમીક્ષા કરી તાકીદ કરી હતી.



# મહીસાગર જિલ્લાની સરકારી આઇ.ટી.આઇ.(ITI)માં પ્રવેશસત્ર-૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)માં પ્રવેશસત્ર-૨૦૨૬ માટેના પ્રવેશફોર્મ ભરવાના શરૂ થઈ ગયા છે. મહીસાગર જિલ્લામાં ITI ના વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ માટે itiadmission.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાનું રહેશે.

પ્રવેશ પ્રક્રિયાના નિયમો અનુસાર, ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ પોતાના તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી નજીકની સરકારી ITI ખાતે રૂબરૂ જઈને કરાવવાની રહેશે. દસ્તાવેજ ચકાસણી બાદ રૂ. ૫૦/- ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી ભરીને પ્રવેશફોર્મ રજીસ્ટર કરાવવાનું રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ઉમેદવારે પોતાની પસંદગીના અભ્યાસક્રમ અને સંસ્થા (ITI) માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરવાની રહેશે.પ્રથમ રાઉન્ડ માટે ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૩/૦૬/૨૦૨૬ નિર્ધારિત કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના વિદ્યાર્થીઓની સુવિધા માટે જિલ્લાની સરકારી ITI ખાતે કાર્યરત 'Admission Helpdesk' પર વિનામૂલ્યે પ્રવેશ ફોર્મ ભરી આપવાની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેથી ITI માં પ્રવેશ મેળવવા ઈચ્છુક મહત્તમ ઉમેદવારોને આ સુવિધાનો લાભ લેવા અને સમય મર્યાદામાં પોતાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

# બેઠકનો હિડન એજન્ડા : અમેરિકાને ઈરાન અને ચીનને તાઈવાન જોઈએ છે!



ચીનનો સંદેશ સ્પષ્ટ હતો કે, અમેરિકા ચીન સાથે વાટાઘાટો કરવા માગે છે, મદદ માગે છે કે પછી જોડાણ કરવા માગે છે તો તેમાં ચીનના પોતાના પણ હિત સધાવા જોઈએ. ઈરાન, ટ્રેડિંગ, ટેરિફ અને રેર અર્થ મિનરલ્સ મુદ્દે અમેરિકાની વાત સાંભળવામાં ત્યારે જ આવશે જ્યારે અમેરિકા પણ તાઈવાન મુદ્દે પોતાનેં વલણ બદલશે અને ચીનને લાભ થાય તેવું વલણ દાખવશે : ચીનને ખબર છે કે, અમેરિકી પ્રમુખની શું કિંમત લગાવી શકાય અને તેમને શું ઓફર કરી શકાય. ખાસ કરીને રેર અર્થ મિનરલ્સ થકી તે ધારે તે કામ કઢાવી શકે છે. તે રેર અર્થ મિનરલ્સની સાથે સાથે બોઈંગના વિમાનોની ખરીદી, અમેરિકી સોયાબીનની ખરીદી અને રોકાણ અંગે પણ તેમની સાથે જોડાણ કરી શકે છે : ૭૦ના દાયકામાં અમેરિકી પ્રમુખોએ જ ચીનને મદદ કરી હતી પણ વિકાસની સાથે ચીન બદલાયું નહીં. આ સિવાય અમેરિકાએ યુરોપને સાચવવામાં રશિયા સામે વેર વહોરી લીધું અને ચીન તથા રશિયા એકબીજાની પડખે આવી ગયા. તેનું લાંબાગાળે પરિણામ એ આવ્યું કે, બાઈડને યુક્રેનમાં અમેરિકાને ફસાવ્યું હતું અને હવે ઈરાનમાં ટ્રમ્પ ફસાયા છે. હાલમાં ટ્રમ્પ ફરી એક વખત સોદાબાજી કરવા નીકળ્યા છેઅમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તાજેતરમાં ચીનના પ્રવાસે પહોંચી ગયા છે. ઈરાન સાથેના યુદ્ધમાં જ્યાં વિરામ લેવાયો છે અને સ્થિતિનો હજી પણ ઉકેલ આવ્યો નથી ત્યાં અમેરિકી પ્રમુખની એકાએક ચીનની યાત્રાએ ઘણા સવાલ ઊભા કર્યા છે. વૈશ્વિક રાજકારણના વર્તુળોમાં અનેક ચર્ચાચો ચાલે છે. તેમ છતાં એક એવો અંદાજ લગાવી શકાય છે કે, અમેરિકા અને ચીન પોતપોતાના સ્વાર્થ સાધવા માટે એકબીજાની સાથે જોડાણ કરી રહ્યા છે. ટ્રમ્પ પોતાના ટૂંકાગાળાના લાભ મેળવવા અને જિનપિંગ પોતાના લાંબાગાળાના આયોજનો પાર પાડવા માટે એક મંચ ઉપર આવ્યા છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે, ચીન ક્યારેય પોતાના મનમાં રહેલી બાબતોને છતું કરતું નથી. તે બતાવે છે કંઈક જુદુ અને તેની પાછળના અર્થઘટનો અને ઈચ્છાઓ કંઈક જુદા જ હોય છે. ટ્રમ્પ પોતે પણ કેટલાક અંશે આવા જ છે. તેઓ જ્યાં જાય છે અથવા તો જેમની સાથે હોય છે તેમના થઈ જવાની કૂટનીતિને અનુસરતા હોય છે. તેમ છતાં ચીન અને અમેરિકાની રણનીતિઓમાં ઘણો તફાવત છે. ટ્રમ્પની સ્ટ્રેટેજી કામ તાત્કાલિક પરિણામ લાવનારી, ઝડપી અસર દેખાડનારી અને કદાચ એમ કહી શકાય કે ટૂંકાગાળાનો વિજય રજૂ કરનારી છે. બીજી તફ જિનિપિંગ અને ચીન એકાદ દાયકા જેટલું લાંબું આયોજન કરીને બેઠા હોય છે. તેઓ લાંબાગાળાની યોજના સાથે ડીલ કરે છે. ટ્રમ્પ જ્યારે આગામી મહિના-બે મહિના કે છ મહિના માટે નેગોશિયેશન કરતા હશે કે પછી એકાદ વર્ષ માટે નેગોશિયેશન કરશે તેની સામે જિનપિંગ આગામી દાયકાના આયોજન અંગે તેની સાથે નેગોશિયેશન કરશે.ઉલ્લેખનીય છે કે, આમ તો આ બેઠકનો એજન્ડા વેપાર, ટેરિફ વોર અને અન્ય સમસ્યાઓ સાથે જોડાયેલો છે. બીજી તરફ ઈરાન અને રેર અર્થ મિનરલ્સ પણ આ શિખર સંમેલનનો એક મહત્ત્વનો ભાગ છે. ખાસ કરીને ચીનની નજર તો તાઈવાન ઉપર છે. તેના કાણે જ તાઈપેઈમાં લોકો ગભરાયેલા છે. દેખીતી રીતે લાગી રહ્યું છે કે, ઈરાનને નાથવા માટે અમેરિકા દ્વારા ચીનની મદદ લેવામાં આવશે. જાણકારોના મતે થોડા સમય પહેલાં ચીની વિદેશ મંત્રી વાંગ યી દ્વારા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબુયોને તાઈવાન અંગે મોઘમ ચેતવણી આપવામાં આવી જ હતી. વાંગ યીએ તે સમયે જણાવ્યું હતું કે, ચીન અને અમેરિકાના સંબંધો સુધરવામાં સૌથી મોટી અડચણ તાઈવાન છે. ચીનનો સંદેશ સ્પષ્ટ હતો કે, જો અમેરિકા ચીન સાથે વાટાઘાટો કરવા માગે છે, મદદ માગે છે કે પછી જોડાણ કરવા માગે છે તો તેમાં ચીનના પોતાના પણ હિત સધાવા જોઈએ. ઈરાન, ટ્રેડિંડ, ટેરિફ અને રેર અર્થ મિનરલ્સ મુદ્દે અમેરિકાની વાત સાંભળવામાં ત્યારે જ આવશે જ્યારે અમેરિકા પણ તાઈવાન મુદ્દે પોતાનું વલણ બદલશે અને ચીનને લાભ થાય તેવું વલણ દાખવશે. જાણકારનો મતે ચીનને લાગી રહ્યું છે કે, અમેરિકી દ્વારા સહમતી સાધવામાં આવશે. તેની પાછળ ઘણા કારણો છે. તેમ છતાં થોડા સમય પહેલાનું ટ્રમ્પનું જ નિવેદન જોઈએ તો તેમણે કહ્યું હતું કે, અમેરિકા શા માટે તાઈવવાનો બચાવ કરે. આ પહેલાં કોઈ અમેરિકી પ્રમુખોએ આવી વાત કરી નહોતી. ટ્રમ્પે તો આરોપ મુક્યા હતા કે, તાઈપેઈ દ્વારા અમેરિકાની સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી ચોરી લેવામાં આવી છે. આ સિવાય તેમણે તાઈવાની પ્રમુખને અમેરિકા ખાતે ટ્રાન્ઝિટ સ્ટોપેજ આપવાની પણ મનાઈ કરી હતી. તે ઉપરાંત તાઈપેઈને મોટા હથિયારો પણ આપ્યા નથી. ટ્રમ્પના આવા વલણને કારણે જ ચીન માની રહ્યું છે કે, ટ્રમ્પ કોઈ વિરોધી કે સ્પર્ધક નહીં પણ વેપારી છે. તે પોતાને ગમતી બાબતોને ચોક્કસ કિંમત ચુકવી શકે છે અને ઘણી વખત બાર્ટર પણ કરી શકે છે.બીજી ખાસ વાત એ છે કે, ચીનને ખબર છે કે, અમેરિકી પ્રમુખની શું કિંમત લગાવી શકાય અને તેમને શું ઓફર કરી શકાય. ખાસ કરીને રેર અર્થ મિનરલ્સ થકી તે ધારે તે કામ કઢાવી શકે છે. તે રેર અર્થ મિનરલ્સની સાથે સાથે બોઈંગના વિમાનોની ખરીદી, અમેરિકી સોયાબીનની ખરીદી અને રોકાણ અંગે પણ તેમની સાથે જોડાણ કરી શકે છે. ચીનને એ પણ ખબર છે કે, તાઈવાન હકિકતે તો અમેરિકા માટે લક્ષ્મણરેખા સમાન છે. તે મિલિટરી એક્શન લઈ શકે તેમ નથી. તેની સ્ટ્રેટેજી પણ સરળ છે. તેઓ ધીમે ધીમે અવિસ્વાસ દૂર કરશે, ભાગલા પાડવાની કામગીરી વધારશે અને કામને વધુ આકરું બનાવશે. તેનાથી દૂર રહેવા માટે જ ચીને પોતાની ચાલ પહેલેથી જ ચાલીને અમેરિકાને ગમતી દુનિયા ઊભી કરી લીધી છે. એક વખત ટ્રમ્પ આ સોદાબાજી માટે રાજી થઈ ગયા પછી ચીનને તાઈવાન મેળવતા કોઈ રોકી શકે તેમ નથી. જિનપિંગ પોતાની અઠંગ કૂટનીતિ થકી પણ ટ્રમ્પને ફસાવે તેવી ચર્ચા ચાલી રહી છે. હકિકતે ચીને પોતાની કૂટનીતિ થકી તાઈવાનમાં વિરોધ પક્ષને સાધી લીધો છે. તાઈવાનના વિરોધપક્ષના નેતા ચેંગ લી વુન ઘણા વખતથી બેઈજિંગનું જ સમર્થન કરે છે. તેઓ જણાવે છે કે, તાઈવાનના નેતાઓમાં દેશને આગળ લઈ જવાની ક્ષમતા નથી અને દેશનું અર્થતંત્ર અને સમાજતંત્ર પણ મુખ્ય પ્રવાહથી સાવ ફંટાઈ ગયું છે. આ રીતે જિનપિંગે તાઈવાનમાં પોતાના મહોરા ગોઠવી દીધા છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં ૮૪ અબજ ડોલરનો વર્જિનિયા મેમોરેન્ડમ ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં ચીન સાથે કર્યો હતો જે આજદિન સુધી પૂરો થયો નથી. બીજી વાત એવી પણ છે કે, ટ્રમ્પ ૨૦૧૭માં જે રીતે આવ્યા હતા તેનાથી અત્યારે તેમની પરિસ્થિતિ તદ્દન જુદી છે. તે સમયે તેઓ અમેરિકાના પ્રમુખ તરીકે પોતાની ક્ષમતાઓનો પરચો આપવા ગયા હતા. આ વખતે તે ચીન અને અમેરિકાના સંબંધો સુધારવા માટે ગયા હોય તેમ લાગી રહ્યું છે.

## 1991માં ફોરેક્સ રિઝર્વ માત્ર એક અબજ હતું, આજે 690 અબજ ડોલર

સોનાની આયાતમાં વધારો થતાં જ સોના-ચાંદીના ભાવોમાં ઉછાળો આવ્યો છે. આયાત પરની ૧૫ ટકા ડ્યૂટીએ ભાવમાં ભડકો કર્યો છે. સોનાની એક તોલાની કિંમત ૧.૬૫ લાખની સપાટીએ, જ્યારે ચાંદી ૨.૭૫ લાખ પર પહોંચી છે. દેશની આથક સ્થિતિને મજબૂત બનાવી રાખવા વડાપ્રધાન મોદીએ સોના-ચાંદીના ઘરેણાં નહીં ખરીદવા અપીલ કરી છે. દેશની બહુમતી પ્રજા તોલા દીઠ ૧.૬૫ લાખની કિંમતનું મોંઘુદાટ સોનું આમેય ખરીદી શકે તેમ નથી. આ ભાવે તો ચાર તોલાની બંગડીની કિંમત છ લાખથી ઉપર થવા જાય છે, અને તેમાં પાછી ઘડામણની કિંમત ઉમેરવાની બાકી રહે છે.એક અંદાજ પ્રમાણે, ભારતના ઘરોમાં આશરે ૨૫,૦૦૦ થી ૩૪,૦૦૦ ટન સોનાનો જથ્થો છે, જેની કિંમત પાંચ ટ્રિલિયન ડોલર જેટલી થવા જાય છે. ગરીબોને બાદ કરતાં મોટા ભાગના પરિવારો પાસે વત્તે-ઓછે અંશે સોનું હોવાનું. બાળકના જન્મથી લગ્ન સુધીના વિવિધ તબક્કામાં તેને સોનાની નાની ચીજો કાં તો ભેટમાં મળતી હોય છે અથવા તો સાનાનાં ઘરેણાં ઘડાવવામાં આવતાં હોય છે. આજે પણ કેટલાક સમાજમાં લગ્ન સમયે સોનાનાં ઘરેણાં ચડાવવાનો આગ્રહ રખાય છે ત્યારે એક વર્ષ માટે સોનું નહીં ખરીદવાની વડાપ્રધાનની અપીલ દેશની આથક સ્થિતિ ટકાવી રાખવા માટે જરૂરી છે. આમ છતાં તેમની આ અપીલની ટીકા થઈ રહી છે. ભૂતકાળ પર નજર કરીએ તો અનેક વાર દેશના સત્તાધીશો સોનાનો વપરાશ ઘટાડવાની અપીલ કરી ચૂક્યા છે. ૧૯૬૨માં ચીન સાથેના યુદ્ધને જીતવા માટે સરકારને સોનું દાનમાં આપો એવી અપીલ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કરી હતી. તે વખતે ઈન્દિરા ગાંધીએ તેમનું મંગળસૂત્ર દાનમાં આપ્યું હોય તેવી તસવીરો અખબારોમાં છપાઈ હતી. ઈન્દિરા ગાંધીએ ૩૬૭ ગ્રામ સોનાનું દાન કર્યું હતું. અનેક મહિલાઓ આ દાનની સરવાણીમાં જોડાઈ હતી. જોકે, ચીન સામેના યુદ્ધમાં ભારતની હાર થઈ હતી, ત્યારબાદ દાનમાં મેળવેલા સોનાનો શું ઉપયોગ થયો તે જાહેર કરાયું નહોતું.જૂન ૧૯૬૭માં, કે જ્યારે વડાપ્રધાન પદે ઈન્દિરા ગાંધી હતાં, ત્યારે દુકાળનો સામનો કરી રહેલા દેશનું વિદેશી હૂંડિયામણ સાવ તળિયે હતું. ત્યારે તેમણે પણ સોનું તેમજ સોનાનાં ઘરેણાં નહીં ખરીદવા અપીલ કરી હતી. સોનાની કિંમત એટલી ઊંચે ગઈ છે કે પાંચ તોલાના ઘરેણાં ખરીદવા ૧૦ લાખ રૂપિયા જોઈએ. પાંચ તોલા સોનું ખરીદીને અંતે તો તેને લોકરમાં જ મૂકવાનું હોય, તો તેને ખરીદવાનો શો મતલબ? દેશની આથક સ્થિતિ પાંગળી થવાના સંકેત મળી રહ્યા છે. તેલની ખરીદી માટે ભારત અખાતી અને અન્ય દેશો પર નિર્ભર છે ને વળી તેની ખરીદી ડોલરમાં થાય છે. આપણે સોનાની પણ જંગી આયાત કરવી પડે છે, સરકારે તેના માટે ડોલરમાં ચૂકવણી કરવી પડે છે. સરકાર સામે દેખાઈ રહેલા આથક સંકટનો સામનો કરવા માટે આગોતરા કરકસરનાં પગલાં લઈ રહી છે. ફોરેક્સ રિઝર્વ બહુ મહત્ત્વનું છે અને તેને ટકાવી રાખવું પડે છે. ૧૯૯૧માં જ્યારે 'બેલેન્સ ઓફ પેમેન્ટ'નું સંકટ હતું અને હર્ષદ મહેતાના કૌભાંડનો પર્દાફાશ થયો ત્યારે ભારત પાસે માત્ર એક અઠવાડિયા ચાલે એટલું જ રિઝર્વ બચ્યું હતું, જે ઘટીને માત્ર એક અબજ ડોલર પર પહોંચી ગયું હતું.

## "પેણુ ગા ઈ પેણુ ગા, રઉ ગા ઈ રઉ ગા..."

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



આ કચ્છી કહેવત માત્ર શબ્દો નથી, પણ આહીર સમાજની સહકાર, સ્નેહ અને સંસ્કારથી ભરપૂર જીવનશૈલીનું જીવંત પ્રતિબિંબ છે."બધે નું હિયારો ને બધે નું ભાણુ" – એટલે દરેકના સુખમાં સહભાગી થવું અને દરેકના દુઃખમાં ખભે ખભો મિલાવી ઉભા રહેવું. આ પરંપરા માત્ર એક સમાજની ઓળખ નથી, પરંતુ માનવતા અને ભાઈચારાનો અમૂલ્ય વારસો છે.મહાભારત કાળથી ચાલતી આવતી આ મહાન પરંપરાએ સમાજને એકતા, સહકાર અને સંવેદનાની અનોખી દિશા આપી છે. ગામડાની સંસ્કૃતિમાં આજે પણ આ ભાવના જીવંત છે, જ્યાં એકના ઘરે પ્રસંગ હોય તો આખું ગામ પરિવાર બની જાય છે.આવી લોકસંસ્કૃતિ અને માનવતાભરી પરંપરાને દિલથી વંદન અને પ્રણામ.આપણી ધરોહર, આપણી ઓળખ અને આપણી શાન – આહીર સમાજની અખંડ એકતા.

## જંગલની જમીન આપી દેવાશે તો સિંહ સંરક્ષણ પર પાણી ફરી વળશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના પૂર્વ સભ્યએ ભીતિ દાખવી ગીર પૂર્વ વન વિભાગ હેઠળ આવતા જાફરાબાદ તાલુકાના બાબરકોટ વિસ્તારમાં કંપની દ્વારા ૭૫. ૬૪ હેક્ટર જમીન પર માઈનિંગની કરવામાં આવેલી દરખાસ્ત સંદર્ભે સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના પૂર્વ સભ્ય ભૂષણ પંડ્યાએ મુખ્યમંત્રીને પત્ર લખીને આ દરખાસ્ત તાત્કાલિક રદ કરવા રજૂઆત કરી છે.સુપ્રીમ અને હાઈકોર્ટે અનેક ચુકાદાઓમાં વન્યજીવોના કોરિડોરમાં ખલેલ ન પહોંચાડવા કડક નિર્દેશ આપ્યા છે.આ કોસ્ટલ બેલ્ટમાં છેલ્લા ત્રણ-ચાર મહિનામાં ૪૦થી ૫૦ સિંહોની હાજરી નોંધાઈ છે. માઈનિંગને કારણે આ સિંહો અને દીપડાના કુદરતી રહેઠાણો કાયમી ધોરણે નાશ પામશે. અહીં માઈનિંગની મંજૂરી આપવી એ ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ- ૧૯૮૦ અને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. જો આ પ્રોજેક્ટને લીલી ઝંડી આપવામાં આવશે તો વિસ્તારના અંદાજે ૫,૦૦૦ જેટલાં ઘટાદાર વૃક્ષો કાપી નાખવામાં આવશે જે પર્યાવરણ માટે મોટું નુકસાન સાબિત થશે.

## સિંહના વંશવારસનો કરુણ અંત: હાઈવે પર મોતનું તાંડવ!

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ફરી એકવાર વન્યજીવો માટે 'ડેથ ઝોન' સાબિત થયો છે. રાજુલાના દાતરડી ગામ પાસે કાળમુખા વાહને સિંહના એક માસૂમ બાળનો ભોગ લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.રસ્તા ઓળંગતી વખતે માત્ર એક વર્ષના સિંહબાળને અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સિંહબાળનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. વનવિભાગના કાફલાએ તાત્કાલિક દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે.

### રાજસ્થાની વાહનચાલકની બેદરકારી અને સિંહબાળનું મોત: વનવિભાગે ગણતરીની કલાકોમાં શિકારીને ઝડપ્યો!

પ્રાથમિક તપાસમાં વનવિભાગને મોટી સફળતા મળી છે. સિંહબાળને કચડી નાખનાર વાહનચાલક રાજસ્થાન તરફનો હોવાનું સામે આવ્યું છે, જેને વનવિભાગે ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.આ વિસ્તારમાં અગાઉ પણ અનેક સિંહો અને દીપડાઓ અકસ્માતનો શિકાર બન્યા છે. હાઈવે પર વાહનોની અનિયંત્રિત ગતિ અને વનવિભાગની નબળી સુરક્ષા વ્યવસ્થાને લઈને સિંહપ્રેમીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શું વન્યજીવોની સુરક્ષા માત્ર કાગળ પર જ રહેશે? એવો વેધક સવાલ અત્યારે ઉઠી રહ્યો છે. હાઈવે પરથી પસાર થતા ભારે અને લક્ઝરી વાહનોના ચાલકો વનવિભાગના સ્પીડ લિમિટના બોર્ડને નજરઅંદાજ કરીને જે રીતે બેફામ ગતિએ વાહનો હંકારી રહ્યા છે, તેના કારણે ગીર કિનારાની વન્યજીવ સૃષ્ટિનું અસ્તિત્વ હવે જોખમમાં મુકાઈ ગયું છે.

## જાફરાબાદ ખાતે, વાળંદ સમાજ દ્વારા સંત શ્રી સેન મહારાજ ની જન્મ જયંતી શ્રદ્ધા ભક્તિ પૂર્વક ઉજવણી કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજરોજ તારીખ ૧૪/૦૫/૨૦૨૬ નાં રોજ જાફરાબાદ માં આવેલ શ્રી ઠાકોર હનુમાનજી મંદિર ખાતે સમસ્ત વાળંદ સમાજ ના સતગુરુ સંત શ્રી સેન મહારાજ ની ૭૨૬ મી જન્મજયંતિ નિમિત્તે પુજન અર્ચન આરતી પ્રસાદ સાથે ભક્તિમય વાતાવરણમાં સમાજ દ્વારા સંત શ્રી સેન મહારાજ ની પૂજા કરવામાં આવી હતી.જેમા જ્ઞાતિ અગ્રણીઓ શ્રી હરેશભાઈ ચૌહાણ, નિલેશભાઈ ભટ્ટી, નરેશભાઈ ચૌહાણ નિતીનભાઇ પરમાર, હાર્દિકભાઈ પરમાર, નવનીતભાઈ, ભાર્ગવ ભાઈ ચૌહાણ, શૈલેષભાઈ ભટ્ટી, હીરેન ભાઈ પરમાર, શ્રેયસ ચૌહાણ, અશોકભાઈ પરમાર જીગ્નેશભાઈ ભટ્ટી, ભાવીનભાઈ ચૌહાણ રાજુભાઈ, ઉમેશભાઈ ચૌહાણ, ચિરાગ ભાઈ, હાર્દિકભાઈ અશોકભાઈ તથા,હેમાશુ વાજા તેમજ સમગ્ર સમાજના ભાઈઓ અને બહેનો બાળકો એ ભક્તિમય વાતાવરણમાં ઉત્સાહ પૂર્વક શ્રદ્ધા ભક્તિ પૂર્વક ઉજવણી કરી હતી.. અને સમાજ ના ઉત્કર્ષ માટે સમાજ ના સતગુરુ સંત શ્રી સેન મહારાજ ને પ્રાર્થના કરી હતી.

## જાફરાબાદ તાલુકાના વઢેરાના ખારીયા ધામ ખાતે ચાલતી વિશ્વકર્મા મહાપુરાણ કથામાં સુર્યનારાયણ ભગવાનના લગ્ન ઉત્સવ યોજાયો હતો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના વઢેરાના ખારીયા ધામ ખાતે વિશ્વકર્મા મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન,ચાલી રહ્યું છે ત્યારે આજે કથા પાંચ મા દિવસે રાંદલમાં અને સૂર્યનારાયણ દેવ ના વિવાહ ઉત્સવ હોય જેથી જાફરાબાદ, ના જુની જીકાદ્રી ગામ થી ભગવાન સૂર્યદેવ નારાયણ ની ,જાન વાજતે ગાજતે જાન કથા મંડપ માં પહોંચી હતી જૂની જીકાદ્રી થી વરુ પરિવાર તરફથી આવેલી ભગવાન સૂર્યદેવની જાનમાં આશરે દસ જેટલા ઘોડા તેમજ અસંખ્ય મોટર કાર તેમજ મોટી સંખ્યામાંકાઠી દરબાર પરિવાર સાથે આ જાન લઈ ખારીયાધામ વઢેરા ખાતે આવી પહોંચી હતી જ્યાં જાનનું ભવ્ય સામૈયું સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત કથા ના વક્તા શાસ્ત્રી શ્રી જયંતીભાઈ શાસ્ત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા અને શાસ્ત્રીજી નું પણ સન્માન કરવામાં આવ્યું હતું અને આ ઉત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તોજનો ઉમટી પડયા હતા તેમજ વિશ્વકર્મા વંશજ પરિવાર દ્વારા આ પ્રસંગે દરેક નું સન્માન કરવામાં આવ્યું હતું આ તકે પત્રકાર પરિષદના તમામ પત્રકારો નું પણ પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



## રાજુલા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મસમાજ કોમ્યુનિટી હોલ નું ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતુ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કોમ્યુનિટી હોલ નું ભુમિ પુજન કરવામાં આવ્યું શ્રી કરૂણાનિધાનદાસબાપુ ગુરૂશ્રી રામબાલકદાસબાપુ (વાકુનીધાર) ના વરદ હસ્તે રાખવામાં આવેલ, આ પ્રસંગે બ્રહ્મસમાજ પ્રમુખશ્રી ભાનુદાદા રાજગોર તેમજ જયભાઈ જે. તેરૈયા તથા નગરપાલિકા પ્રમુખના પ્રતિનિધિ મયુરભાઈ દવે તેમજ ભરતભાઈ મહેતા તથા કનકભાઈ જાની તથા જીતુભાઈ તેરૈયા તથા સંજીવભાઈ જોષી તથા ભરતભાઈ જાની તથા હરેશભાઈ તરૈયા તથા પ્રવિણભાઈ ત્રિવેદી તથા પ્રહલાદ ભાઈ જાની તથા મનોજભાઈ મહેતા તથા બિપીનભાઈ વેગડા તેમજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સંજયભાઈ ધાખડા તથા મહેન્દ્ર ભાઈ ધાખડા બ્રહ્મસમાજ ના ટ્રસ્ટીશ્રીઓ તથા બ્રહ્મસમાજ મહિલા મંડળ ના બહેનો એ હાજરી આપી. આ માંગલિક પ્રસંગે રાજુલા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રેષ્ઠીઓ અને ભાઈ-બહેનો એકત્રિત થયા હતા. સમગ્ર વાતાવરણ વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદથી ગુંજી ઉઠતા ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# ૧૫ મેને વિશ્વ પરિવાર દિવસ નિમિતે મનાવે છે



પરિવાર દિવસ
- રુપાલી દવે

સ્વર્ગ સે સુંદર સ્વપ્નો સે પ્યારા હૈ આપના ઘર દ્વાર..

હમ પર રાહે બરસતા સદા તુમ્હારા પ્યાર,
તુમ્હારા પ્યાર ન રૂઠે,કભી ઘર દ્વાર ન તૂટે..

૧૫મી મે ને વિશ્વ પરિવાર દિવસ નિમિતે મનાવે છે આ વાત વિશે મને જાણ નહતી. સોશિયલ મીડિયા એ એક એવુ મેસેન્જર છે ને કે "ડાકીયા ડાક લાયા" ના દિવસો ને તાજા કરે છે. આમ તો પરિવાર ની વ્યાખ્યા એક છત નીચે માબાપની પ્રેમાળ હૂંફ માં સચવાતા સભ્યો નો સમૂહ એવી થાય છે. સંયુક્ત અને વિભક્ત પરિવારની વ્યાખ્યા પણ આના અનુરૂપ બની છે. લગ્ન બાદ સાસરે આવી ત્યારે મારા સાસુ એના બે માળ ના બંગલા ને દેખાડતા બોલતા હતા કે નીચે ના ફ્લોર માં મોટો રહેશે અને ઉપરના ફ્લોર માં નાનો એના પરિવાર સાથે રહેશે. અફસોસ!!મારા સાસુ એ ખુલ્લી આંખે જોયેલ સંયુક્ત પરિવાર ના સ્વપ્ના રિસાઈ જતા નાનો દીકરો દોઢ વર્ષ બાદ નોકરી અર્થે નીકળી ગયો ને મોટો લગ્ન બાદ પંદર વર્ષ સુધી માબાપ સાથે રહીને અચાનક એને ધંધાર્થે વતન થી દૂર પોતાના પરિવાર સાથે જવું પડ્યું. સંયુક્ત પરિવારની ખુશીને પસંદ કરતા હતા છતાંય બે માળ ના બંગલા માં એને મને કમને રહેવું પડતું હતું. તાજેતરમાં મારે બે પ્રસંગ માં જવાનું થયું એમાં મેં જોયું કે "હું અને મારી વહુ એમાં આપણે સહુ" ના સ્વાર્થ માં પોતાનું અલગ વિશ્વ બનાવનારા ના પ્રસંગો પણ એકલતા અનુભવી રહ્યા હતા. સામન્ય રીતે પ્રસંગ માં જે પરિવાર ની ચહલ પહલ અને ઉત્સાહ જોવા મળતો હોય છે એવો નહતો.

ઘર આંગન મે ખેલે મેરે સુરજ,ચાંદા તારે,
ઈનકે લિયે હૈ જીના મુઝકો યે જાન સે હૈ પ્યારે..

પરિવાર એટલે લોહીના સબંધોથી બનતો ખાસ મેળવડો એમાં પુરુષનો પરિવાર આવે છે. "બ્લડ ઈઝ થીકર ધેન વોટર" આમ જ થોડું કીધું છે. પ્રસંગમાં કાકા,ફઈ ફુવા,ભાઈઓનો પરિવાર વગેરે વગેરેની હાજરી હોવી ખાસ જરૂરી સમજો. સગાઓની ચહલ પહલ માં પ્રસંગ ની રોનક આપમેળે વધી જશે. વર્તમાન સમય ની મોટા માં મોટી સમસ્યા એ છે કે નોકરીધંધે અર્થે સંતાનો ને એના વતન થી દૂર એકલું વસવું પડતું હોય છે. અચાનક એની એકલતા ભરી લાઈફ માં લગ્ન બાદ પત્ની નું આગમન થાય છે ત્યારે એની દુનિયા પત્ની અને જીવન સાસરિયા ધીમે ધીમે બનવા લાગે છે. આ કારણોસર એ અમુક સમય બાદ "પત્ની છોડી ને જતી રહેશે તો" આ ભય માં લગ્ન બાદ શરૂઆત ના જીવન માં સંતાનો એ એના સાસરિયા સાથે પરાણે સમાધાન કરવું પડતું હોય છે.

એક વખત નું પરાણે કરેલ સમાધાન અમુક સમય બાદ દિલ નું બની જતા યુવકો એના માતા પિતાના લાખો અહેસાન ને ભૂલી ને સ્વાર્થી બની જાય છે. સંતાનો ને લાગતું હોય છે કે માબાપ એના સ્વાર્થી વ્યવહાર ને સમજતા નથી પરંતુ બાપ ચૂપ રહેવાનું પસંદ કરે છે ને માતા આંખના આંસુઓ છુપાવી શકતી નથી. દિકરા એ માતા ની જગ્યા સાસુ ને આપી દીધી છે એની જાણ માતા ના દિલ ને થઈ જતા એનું જીવન લાંબુ ટકતું હોતું નથી.જે રોગ એના જીવન માં સામન્ય છે એ જ રોગ એના મૃત્યુ નું કારણ બનતું હોય છે. આપણા સમાજ માં એવા ઘણા લેભાગુ પરિવારો છે જે ખુદ ના માળા નું જતન તો જીવની જેમ કરે છે પરંતુ અન્ય ના સુખી સંપન્ન પરિવારમાં ફૂટ ફાટ પડાવવા ખૂબ પ્રયત્નો કરતા હોય છે.

થોડા દિવસ પહેલાં એક કિસ્સો ઈન્સ્ટા પર જોયો ત્યારે થયું કે સફળતા ની સીડી એ પહોચેલા સંતાનો એના પેરેન્ટસ પ્રત્યે કેટલા બધા અમાનવીય વ્યવહાર કરતા હોય છે. વૃદ્ધાશ્રમ માં અંતિમ સમય પસાર કરી રહેલ વૃદ્ધા ના દીકરા ને વૃદ્ધાશ્રમ ના સંચાલકે ફોન કરી ને એની માતા ની તબિયત વિશે જાણકારી આપી. દિકરા એ વૃદ્ધાશ્રમ ના સંચાલક ને ઉદ્ધતાઈ થી જવાબ આપતા કહ્યું કે કોણ મા? કોની મા? મારી મા તો જન્મતાવેંત દેવ થઈ છે. આ મારી મા નથી આને જ્યારે વૃદ્ધાશ્રમ ના દરવાજે છોડવા આવ્યો હતો ત્યાર થી એની સાથે મારા બધા સબંધો મેં તોડી નાખ્યા છે.વૃદ્ધાશ્રમ ના સંચાલક ને થયું કે કદાચ પારિવારિક આંતરિક ખટરાગ નો ભોગ વૃદ્ધા બની હશે એટલે એમણે તાત્કાલિક વૃદ્ધા ની દીકરી ને ફોન જોડ્યો. દીકરી એ તો સંચાલક સાથે એની માતા અંગે વાત સાંભળવાની સ્પષ્ટ ના પાડીને ફોન કટ કરી દીધો. ખેર વૃદ્ધા ના અંતિમ શ્વાસ ચાલતા હતા એટલે એના મૃત્યુ બાદ વૃદ્ધાશ્રમ એ એની અંતિમ વિધિ પૂરી કરી હતી.વૃદ્ધાના રૂમ માં પડેલ બેગ ખોલી ત્યારે પેટી ની અંદર પડેલ કવર માં સાચવી ને મુકેલ કાગળ વાંચતા વૃદ્ધાશ્રમ ના સ્ટાફ અને સંચાલક ની આંખો માંથી આંસુ વહેવા લાગ્યા. કળયુગી સંતાનોની છળ કપટ નો ભોગ બનેલ વિધવા વૃદ્ધા એ માથા પરથી છત અને પતિ ની જીવનભર ની બચત ગુમાવી એનું દર્દ એના પત્ર માં એણે વેદના સાથે લખ્યું હતું. ગુજરાતી કવિ ઈન્દુલાલ ગાંધી નું કાવ્ય "આંધળી માં નો કાગળ" વાંચતા થાય છે કે જ્યારે સંતાન એના ઉપકાર ભૂલી જાય છે ત્યારે પરિવાર શબ્દ રચનાર પરમાત્મા ને એના સર્જન માં ભૂલ દેખાતી હોય છે.

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર

એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર.

હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માગવા વારો.

ભગવાન એ પશુ પક્ષીઓ,જીવજંતુઓ માં મનુષ્ય ની જેમ જ ભૂખ,તરસ અને ઈચ્છાઓ મૂકી છે પણ બુદ્ધિ અને લાગણીઓ માત્ર મનુષ્ય ને જ આપી છે.સંતાનો ને સમજવાની જરૂર છે કે માબાપ ની નિસ્વાર્થ સહાયતા વગર એનું જીવન સફળતા પામી શકતું ન હોત.પક્ષીઓ ઈંડા મૂકવાના છે એટલે માળો બનાવે છે ને જેવા બચ્ચા ને પાંખ આવે છે એ ભેગા એ માળો વિખેરી નાખે છે. કેમ? જવાબદારી શબ્દની માયાજાળ માં માત્ર મનુષ્ય જ ફસાઈ ને જીવનના સુખ ભોગ ત્યાગ કરીને સંતાનો ના સુખ માટે માંડ માંડ મળેલ જીવન ને અપેક્ષા આકાંક્ષા ઓમા વિતાવી નાખે છે. જો માબાપ પણ સ્વાર્થ શબ્દ ને સમજતા હોત તો એ પણ પક્ષીઓની માફક સંતાનો સમજણા થયા બાદ એને ત્યજી દેતા હોત.પરિવાર ની આપસી સમજૂતી મજબુત હશે ને તો બાહરી લોકોની લાખ કાનભંભેરણી બાદ પણ પરિવાર તૂટશે નહી.

એકલા ના અભરખા અંત બગાડશે,
જે તમે કર્યું એજ વ્યાજ સાથે મળશે,

# કાનમાં કૃષ્ણ રંગથી રંગાઈ સિંગર આરતી ખેત્રપાલ...

## હાથમાં ગીતા, ગળામાં તુલસીની માળા અને 'રાધે-રાધે' મંત્રજાપ સાથે રેડ કાર્પેટ વૉક; તારા સુતારિયાનું ગ્લેમરસ ડેબ્યૂ



(એજન્સી) મુંબઈ | તા 15 કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026માં આલિયા ભટ્ટ લોરિયલ પેરિસ ગાલા ડિનર દરમિયાન જોવા મળી હતી, જ્યાં તેણે ફ્લોરલ બ્રોકેડ આઉટફિટ પહેર્યો હતો. તો ગુરુવારે સિંગર-ઈન્ફ્લુએન્સર આરતી ખેત્રપાલનો સનાતન ધર્મ થીમ વાળો લુક સામે આવ્યો, જેમાં તે કાનના રેડ કાર્પેટ પર હાથમાં ભગવદ્ ગીતા, ગળામાં તુલસીની માળા અને 'હરે રામ' લખેલા પર્સ સાથે જોવા મળી હતી. દુનિયાભરનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન્સ 12 મેથી શરૂ થયો છે. ફેસ્ટિવલ 23 મે સુધી ફ્રાન્સના ફ્રેન્ચ રિવેરામાં ચાલુ રહેશે. કાન્સમાંથી આલિયાના અત્યાર સુધી 5 લુક સામે આવી ચૂક્યા છે. આરતીએ તેના લહેંગાને ભારે ભરતકામવાળા બ્લાઉઝ સાથે જોડીને એક અલગ શાહી ટચ આપ્યો. વી-નેક બ્લાઉઝ, જેમાં હાફ-સ્લીવ્સ હતી, તે સુંદર ફ્લોરલ પેટર્નથી શણગારેલું હતું. આ ડિઝાઈનમાં લીલા-વાદળી રંગના હળવા શેડ્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં સોનેરી દોરામાં ઘણી બારીકાઈ હતી જે નાજુક વેલા જેવી ડિઝાઈન બનાવી રહી હતી.

આરતી સુંદર, સોનેરી રંગના લહેંગામાં જોવા મળી હતી. આ આઉટફિટમાં વૃંદાવનની આધ્યાત્મિક તસવીર, મંદિરોનું ચિત્રણ અને ભગવાન કૃષ્ણ પ્રત્યેની ભક્તિની ઝલક સ્પષ્ટપણે દેખાતી હતી. ગળામાં તુલસીની માળા પહેરીને અને ભગવદ્ ગીતાની હાથમાં રાખી મંત્રોચ્ચાર માટે પાઉચ લઈને, તે રેડ કાર્પેટ પર ચાલી હતી. પોલ્કી જ્વેલરી, લાલ લિપસ્ટિક અને ખુલ્લા વાળ સાથે, તેનો આખો દેખાવ એક શાહી આભા પ્રગટાવતો હતો.







**1. પહેલો લુક: જૂનો હોલિવૂડ ગ્લેમર (બ્લેક એન્ડ વ્હાઈટ ગાઉન)**
તારાએ પોતાના રેડ કાર્પેટ ડેબ્યૂ માટે 'હેલ્સા સ્ટુડિયો'નો એક ખૂબ જ સુંદર બ્લેક એન્ડ વ્હાઈટ સ્ટ્રેપલેસ ગાઉન પસંદ કર્યું હતું.

**2. બીજો લુક: 'રેડ સી વુમન ઈન સિનેમા' ઈવેન્ટ**
તારા સુતારિયાને 'રેડ સી ફિલ્મ ફાઉન્ડેશન' ના 'વુમન ઈન સિનેમા ગાલા' ઈવેન્ટમાં આમંત્રિત અને સન્માનિત કરવામાં આવી હતી. આ ખાસ સાંજ માટે તેણે રોમાનિયાઈ ડિઝાઈનર 'રિયા કોસ્ટા' નો એક સ્લીક બ્લેક ડ્રેસ પહેર્યો હતો, જેમાં એક ઓફ-શોલ્ડર કોર્સેટ ટોપ અને ફિટેડ મિડી સ્કર્ટ સામેલ હતું.

**3. ત્રીજો લુક: વિવિયન વેસ્ટવુડ આઈવરી ગાઉન**
આ જ ગાલા ડિનર નાઈટ દરમિયાન તારાએ પ્રખ્યાત બ્રાન્ડ 'વિવિયન વેસ્ટવુડ' નો અત્યંત સુંદર આઈવરી સેટિન ગાઉન પહેર્યો હતો.
-પંજાબી એક્ટ્રેસ રૂપ ગિલે કાન્સ રેડ કાર્પેટ પર પોતાનું ડેબ્યુ કર્યું. આ દરમિયાન તે દેશી લુકમાં જોવા મળી. તેણે ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કરતા લખ્યું 'કાનના કાર્પેટ પર પંજાબની માટી'. તેણે પોતાના ડ્રેસ પર પંજાબીમાં 'ચઢદી કલા' લખાવ્યું હતું.

# સગર્ભાઓ પર આતંકી હુમલાથી 'ગોપી વહુ' ભડકી

(એજન્સી) મુંબઇ | તા 15

'સાથ નિભાના સાથિયા' સિરિયલમાં ગોપી બહુના નામથી ફેમસ દેવોલીના ભટ્ટાચાર્જીએ નાઈજીરીયામાં મહિલાઓ પર થયેલા આતંકી હુમલા પર ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ ઘટનામાં આતંકીઓએ સગર્ભાઓ અને બાળકો સાથે ઘણી ક્રૂરતા કરી, જેને જોઈને એક્ટ્રેસે આ હુમલાખોરોને 'રાક્ષસ' અને 'શૈતાન' ગણાવ્યા છે.

'નરકમાં ખાસ જગ્યા મળશે' દેવોલીનાએ આ બર્બર ઘટના પર નારાજગી વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, 'એકદમ રાક્ષસ અને શૈતાની પ્રવૃત્તિ. આ રાક્ષસો માટે નરકમાં ખાસ જગ્યા છે, જેને તેઓ સ્વર્ગ સમજે છે.'

એક્ટ્રેસ તે વીડિયો પર ભડકી ગઈ હતી, જેમાં આતંકીઓએ નિર્દોષ પરિવારો અને ગર્ભવતીઓને પોતાના નિશાન બનાવ્યા.

સગર્ભાઓ સાથે કરાયેલી ક્રૂરતા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નાઈજીરીયાના એક ખ્રિસ્તી ગામ પર આતંકવાદીઓએ હુમલો કર્યો. જે પરિવારો ત્યાંથી ભાગી ન શક્યા, તેમના પર આતંકવાદીઓએ કુહાડીઓ વડે હુમલો કર્યો. વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે, 'આ આતંકવાદીઓએ ગર્ભવતી મહિલાઓને પકડી લીધી અને તેમના પેટ પર હુમલા કર્યા. એટલું જ નહીં, તે મહિલાઓને તેમના બાળકોને તેમની આંખો સામે મરતા જોવા માટે મજબૂર કરવામાં આવી.'

11 ખ્રિસ્તીઓની હત્યા સીબીએન (CBN) ન્યૂઝના રિપોર્ટ અનુસાર, આ હુમલો 8 મેની રાત્રે થયો હતો. હથિયારબંધ ફુલાની આતંકવાદીઓ એ આ ખ્રિસ્તી સમુદાય પર હુમલો કર્યો, જેમાં વૃદ્ધો, બાળકો અને સગર્ભાઓ સહિત 11 લોકોની હત્યા કરવામાં આવી. હુમલામાં બંદૂકો અને ચાકુઓનો ઉપયોગ થયો હતો.

બંગાળ ચૂંટણીમાં પણ ચર્ચામાં રહી હતી દેવોલીના ભટ્ટાચાર્જી તાજેતરમાં ત્યારે પણ ચર્ચામાં રહી હતી, જ્યારે તેણે મે 2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો પર પ્રતિક્રિયા આપી હતી. તેણે ભાજપની જીતનું સમર્થન કર્યું હતું અને મમતા બેનર્જીને બંગાળ માટે 'ખરાબ સ્વપ્ન' ગણાવ્યા હતા.



# 'તિરછી ટોપીવાલે' કોપીરાઈટ વિવાદ; 'ધુરંધર 2'ને રાહત...



## દિલ્હી હાઈકોર્ટે ફિલ્મની OTT રિલીઝ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો

દિલ્હી | દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે ત્રિમૂર્તિ ફિલ્મ્સ અને ફિલ્મ 'ધુરંધર 2'ના નિર્માતાઓ વચ્ચેના કોપીરાઈટ વિવાદમાં ત્રિમૂર્તિ ફિલ્મ્સને વચગાળાની રાહત આપવાનો ઈનકાર કર્યો. આ મામલો 'તિરછી ટોપીવાલે (ઓયે ઓયે)' ગીત સાથે સંબંધિત છે. ત્રિમૂર્તિ ફિલ્મ્સે 'ધુરંધર 2' ની OTT રિલીઝ રોકવાની માંગ કરી હતી. જેને કોર્ટે રોકવાનો ઈનકાર કર્યો. જોકે, જસ્ટિસ તુષાર રાવ ગેડેલાએ સુપર કેસેટ્સને ચાર અઠવાડિયાની અંદર કોર્ટમાં 50 લાખ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપ્યો.

આ મામલામાં ફરિયાદી ત્રિમૂર્તિ ફિલ્મ્સ છે અને પ્રતિવાદીઓમાં સુપર કેસેટ્સ અને B62 સ્ટુડિયોનો સમાવેશ થાય છે. સુપર કેસેટ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડને ટી-સિરીઝના નામથી ઓળખવામાં આવે છે.

કોર્ટે કહ્યું કે આ સમયે વાદીની માંગ મુજબ અંતરિમ આદેશ આપવો શક્ય નથી, પરંતુ ત્રિમૂર્તિ ફિલ્મ્સના દાવાને સુરક્ષિત કરવા માટે જમા રકમની માંગણી કરવી યોગ્ય રહેશે. બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, કોર્ટે નિર્દેશ આપ્યો કે આ રકમ રજિસ્ટ્રાર જનરલના નામે જમા કરવામાં આવે અને ઓટો-રિન્યુઅલમાં રાખવામાં આવે. ટ્રાયલના અંતે સફળ પક્ષને તેનો લાભ મળશે.

પ્રોડક્શન કંપની ત્રિમૂર્તિ ફિલ્મ્સ દ્વારા કોપીરાઈટ ઉલ્લંઘનનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કંપનીનો આરોપ હતો કે ફિલ્મ 'ધુરંધર 2'ના ગીત 'રંગ દે લાલ (ઓય ઓય)'માં 1989ની ફિલ્મ 'ત્રિદેવ'ના પ્રખ્યાત ગીત 'તિરછી ટોપીવાલે (ઓય ઓય)' અને તેના જેવી જ ધૂનનો પરવાનગી વગર ઉપયોગ કરવામાં આવ્યો હતો.

કંપનીએ ફિલ્મના થિયેટર રિલીઝ, ડિજિટલ પ્લેટફોર્મ્સ અને પ્રમોશનલ કન્ટેન્ટમાં ગીતના વ્યાવસાયિક ઉપયોગ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. 'તિરછી ટોપીવાલે' મુખ્યત્વે નસીરુદ્દીન શાહ અને સોનમ પર ફિલ્માવવામાં આવ્યું હતું. ગીતનું સંગીત કલ્યાણજી-આનંદજીએ તૈયાર કર્યું હતું. તેને અમિત કુમાર અને સપના મુખર્જીએ ગાયું હતું અને તેના બોલ આનંદ બક્ષીએ લખ્યા હતા. જ્યારે, નવા વર્ઝન 'રંગ દે લાલ (ઓય ઓય)' ને જાસ્મિન સેન્ડલસ, અફસાના ખાન, અમિત કુમાર અને રેબલે અવાજ આપ્યો છે. તેનું સંગીત શાશ્વત સચદેવે તૈયાર કર્યું છે અને ગીતમાં કલ્યાણજી-આનંદજીને પણ ક્રેડિટ આપવામાં આવ્યું.

# શાહરુખે ચાર કરોડની ઈમ્પોર્ટેડ કેડિલેક એસયુવી ખરીદી

## શાહરુખ પાસે દસથી વધુ વૈભવી કાર : કારમાં 36 ઈંચનું ઓએલઈડી ડિસ્પ્લે, ઈન બિલ્ટ ફ્રિજ, વેન્ટિલેટેડ મસાજ સીટની સગવડ



મુંબઈ: શાહરુખ ખાને આશરે ચાર કરોડ રુપિયાની કેડિલેક એસ્કેલેડ એસયુવી આયાત કરી છે. તાજેતરમાં આ કાર મુંબઈના રસ્તાઓ પર દોડતી દેખાઈ હતી.

આ કાર ભારતમાં વેચાતી નથી. શાહરુખે ખાસ પોતાના માટે તે અમેરિકાથી આયાત કરી છે. અમેરિકાના ધનાઢ્યોની તે માનીતી એસયુવી ગણાય છે.

આ એસયુવીમાં ૩૬ ઈંચનું કર્વ્ડ ઓએલઈડી ડિસ્પ્લે, ઈન બિલ્ટ ફ્રિજ, પ્રિમિયમ સાઉન્ડ સિસ્ટમ તથા વેન્ટિલેટેડ મસાજ સીટ સહિતની આધુનિક સગવડો હોવાનું કહેવાય છે.

શાહરુખે આ કાર પર જંગી આયાત ડયૂટી તથા અન્ય વેરા ચૂકવ્યા હોવાનું કહેવાય છે. બજાર સૂત્રોના મતે શાહરુખને આ કાર ચાર કરોડની ઓનરોડ પ્રાઈઝમાં મળી હોય તે શક્ય છે. ભારતમાં હાલ આટલી કિંમતની કાર બહુ જુજ છે. બોલિવુડ સૂત્રોના જણાવ્યા અનુસાર શાહરુખ પાસે આશરે દસથી વધુ વૈભવી કારોનો કાફલો છે. બુગાટી, રોલ્સ રોયસ, બીએમડબલ્યૂ તથા બેન્ટલી સહિતની અનેક વૈભવી કારો તેના ગેરેજમાં હોવાનું કહેવાય છે.

# રણબીર કપૂરે અયોધ્યામાં ₹3.31 કરોડની જમીન ખરીદી



(એજન્સી) મુંબઇ | તા 15

એક્ટર રણબીર કપૂરે અયોધ્યાના રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ 'ધ સરયૂ'માં જમીન ખરીદી છે. આ પ્રોજેક્ટ ધ હાઉસ ઓફ અભિનંદન લોઢા (HoABL)નો પ્રીમિયમ પ્લોટેડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ છે.

પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે કંપનીની સત્તાવાર જાહેરાત અનુસાર, આ ડીલ 3.31 કરોડ રૂપિયામાં થઈ છે. ખરીદવામાં આવેલી જમીનનું કુલ ક્ષેત્રફળ 2,134 વર્ગ ફીટ છે.

અમિતાભ બચ્ચન પછી 'ધ સરયૂ'માં રોકાણ કરનાર રણબીર કપૂર બીજા મોટા એક્ટર બન્યા છે. 'ધ સરયૂ' 75 એકરમાં ફેલાયેલો પ્રોજેક્ટ છે, જે સરયૂ નદીના કિનારે આવેલો છે. આ પ્રોજેક્ટમાં ગ્રાન્ડ ક્લબ હાઉસ, 35થી વધુ લાઈફસ્ટાઈલ સુવિધાઓ અને ધ લીલા હોટેલ્સનો પાંચ એકરમાં બનનારો શુદ્ધ શાકાહારી લક્ઝરી હોટેલ સામેલ છે.

રણબીરે નિવેદનમાં કહ્યું કે તેને લાગે છે કે અયોધ્યાએ તેને પસંદ કર્યો છે. તેણે કહ્યું કે અયોધ્યા ભારતના ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાનો મહત્વનો ભાગ છે અને 'ધ સરયૂ'માં આ જમીન તેના પરિવારની વારસાનો ભાગ બનશે.

HoABLના ચેરમેન અભિનંદન લોઢાએ કહ્યું કે અયોધ્યા સાંસ્કૃતિક અને આર્થિક પુનરુત્થાનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. તેણે કહ્યું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટુરિઝમ અને દુનિયાભરનું ધ્યાન ખેંચવાને કારણે શહેરમાં લાંબા સમય સુધી વિકાસની સંભાવના છે. તેણે કહ્યું કે રણબીર કપૂરનું રોકાણ દર્શાવે છે કે ખરીદદારો અયોધ્યાને ફક્ત ભાવનાત્મક રીતે જ નહીં પરંતુ ભવિષ્યના દૃષ્ટિકોણથી પણ એક મહત્વપૂર્ણ રોકાણ સ્થળ તરીકે જોઈ રહ્યા છે. આ રોકાણ એવા સમયે સામે આવ્યું છે, જ્યારે રણબીર ડિરેક્ટર નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં ભગવાન શ્રીરામની ભૂમિકા ભજવી રહ્યા છે. હનુમાન જયંતિના અવસરે ફિલ્મમાંથી રણબીરનો ભગવાન રામના રૂપમાં લુક પણ સામે આવ્યો હતો.

# 'કર્તવ્ય'માં સૈફનો 'લંગડા ત્યાગી' જેવો દેશી અંદાજ

મુંબઈ | 'ભક્ષક' ફિલ્મ પછી ડિરેક્ટર પુલકિત હવે OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર 'કર્તવ્ય' ફિલ્મ લઈને આવી રહ્યા છે, જેમાં સૈફ અલી ખાન પોલીસ અધિકારી બન્યો છે. પુલકિતે ફિલ્મના બેકડ્રોપ, સૈફની કાસ્ટિંગ વગેરે વિશે વાત કરી...

પુલકિત કહે છે, ''કર્તવ્ય' કોઈ એક સાચી ઘટના પર આધારિત નથી. આ વિચાર મારા મગજમાં ઘણા વર્ષોથી ચાલી રહ્યો હતો. આપણે અવારનવાર આપણા અધિકારોની વાત કરીએ છીએ, પરંતુ આપણા 'કર્તવ્યો' પર ચર્ચા ઓછી થાય છે. એક માણસ તરીકે આપણી શું જવાબદારી છે? એક પિતાનું કામ ફક્ત બાળક પેદા કરવાનું નથી, પરંતુ તે બાળકને જીવનમાં શું સાચું છે અને શું ખોટું, તે શીખવવું પણ તેની ફરજ છે.'

'હું વાર્તા દ્વારા તે જ કર્તવ્યની વ્યાખ્યા શોધી રહ્યો હતો. હું એક એવી દુનિયા બનાવવા માંગતો હતો, જ્યાં કર્તવ્ય અને માણસાઈ (માનવતા) વચ્ચેનો સંઘર્ષ દેખાય. ઘણા વર્ષો સુધી આ વિચાર મારા મનમાં બંધ હતો, જેને હવે મેં આ ફિલ્મ રૂપે બહાર કાઢ્યો છે.

પુલકિત જણાવે છે કે, ''ભક્ષક' પછી રેડ ચિલીઝ અને નેટફ્લિક્સ સાથેનો સંબંધ વધુ મજબૂત બન્યો. જ્યારે 'કર્તવ્ય' લખી ત્યારે સૌથી પહેલા તેમને સંભળાવી અને તેઓ તરત જ તૈયાર થઈ ગયા. સૈફ જ મારી પહેલી પસંદ હતા. હું આ સ્ક્રિપ્ટ લઈને બીજા કોઈ એક્ટર પાસે ગયો જ નહીં.'

ફિલ્મની દુનિયા વિશે પુલકિત કહે છે, 'અમે 'ઝામલી' નામની એક કાલ્પનિક જગ્યા બનાવી છે, જેનો ટોન પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને હરિયાણા બોર્ડર જેવો રાખવામાં આવ્યો છે. 'ઓમકારા'માં સૈફનું 'લંગડા ત્યાગી' વાળું પાત્ર મારા મગજમાં હંમેશા રહ્યુ. મને મજા આવે છે જ્યારે તમે બાંદ્રામાં રહેતા, અંગ્રેજી બોલતા એક્ટરને નાના શહેરની ધૂળ-માટીમાં નાખી દો છો.'

પુલકિત માને છે, ''ઓમકારા પછી બહુ ઓછા ડિરેક્ટરોએ સૈફના તે દેશી અને રૉ અંદાજનો ઉપયોગ કર્યો. 'આરક્ષણ' અને 'તાંડવ'માં પ્રયાસ જરૂર થયો, પરંતુ મને તે સૈફ ન મળ્યો, જે 'લંગડા ત્યાગી'માં દેખાયો હતો. મારા મનમાં તે જ ઈમેજ હતી, તેથી હું તેમને ફરીથી તે જ દુનિયામાં પાછા લઈ ગયો.'

પોતાના સિનેમાના મૂળ વિશે વાત કરતા પુલકિત કહે છે, 'હું પોતે નાના શહેરથી આવું છું, તેથી મને આવી વાર્તાઓમાં મજા આવે છે. 99% હિન્દુસ્તાન નાના શહેરો અને કસબાઓમાં વસે છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## સાઉદી અરેબિયામાં T20 લીગ રમાશે; યુવરાજ સિંહ લીગનો એમ્બેસેડર બન્યો



(એજન્સી) સાઉદી અરેબિયા | તા. 15

સાઉદી અરેબિયા આ વર્ષે ઓક્ટોબરમાં તેની પ્રથમ ફ્રેન્ચાઇઝી ક્રિકેટ લીગ શરૂ કરવા જઈ રહ્યું છે. ક્યુન્સ લીગ T20 નામની આ લીગ 6 ટીમ સાથે રમાશે.

ESPNcricinfoના રિપોર્ટ અનુસાર, તેમાં એવા ખેલાડીઓ ભાગ લઈ શકે છે, જેણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે, પરંતુ હજુ પણ વિશ્વભરની ફ્રેન્ચાઇઝી લીગ્સમાં રમી રહ્યો છે.

લીગને સાઉદી અરેબિયા ક્રિકેટ ફેડરેશન (SACF)ની મંજૂરી મળી ચૂકી છે. મેચ જેદ્દાહ પાસેના તાઈફ શહેરમાં રમાશે. આ લીગને સ્પોર્ટ્સ એશિયન નેટવર્ક અને બે ટેલેન્ટ એજન્સીઓ સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. જેમાં યુનિક સ્પોર્ટ્સ ક્લબ અને પ્રોલિથિકનો સમાવેશ થાય છે.

યુનિક સ્પોર્ટ્સ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર જેવા ખેલાડીઓને મેનેજ કરે છે, જ્યારે પ્રોલિથિક ભારતીય બેટર અભિષેક શર્મા સાથે કામ કરે છે. પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહને લીગના એમ્બેસેડર બનાવ્યો છે. SACF એ ગયા વર્ષે આ લીગની પ્રારંભિક યોજનાની જાહેરાત કરી હતી. બોર્ડે કહ્યું હતું કે તેનો હેતુ સાઉદી અરેબિયાને ગ્લોબલ ક્રિકેટ મેપ પર લાવવાનો અને સ્થાનિક ખેલાડીઓને આગળ વધારવાનો છે. રિપોર્ટ અનુસાર, લીગમાં વધુમાં વધુ ચાર એવા ખેલાડીઓ રમી શકશે, જેમણે છેલ્લા બે વર્ષમાં કોઈ ફૂલ-મેમ્બર દેશ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યું હોય. આનાથી લીગ ICCની તે મર્યાદામાં રહેશે, જ્યાં અલગથી મંજૂરીની જરૂર પડતી નથી.

## જેમી ઓવરટન ઈજાના કારણે ઈંગ્લેન્ડ પરત ફર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

ચેન્નઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર જેમી ઓવર્ટન જમણી જાંઘની ઈજાને કારણે ઈંગ્લેન્ડ પરત ફર્યો છે. ફ્રેન્ચાઈઝીએ બુધવારે રાત્રે સોશિયલ પ્લેટફોર્મ X પર આ માહિતી આપી હતી. જોકે, ટીમે સ્પષ્ટ કર્યું નથી કે તે કેટલો સમય બહાર રહેશે, પરંતુ IPL સિઝનમાં બાકીની લીગ મેચોમાં તેનું રમવું મુશ્કેલ લાગી રહ્યું છે. તે આ સિઝનમાં ચેન્નઈના ટોપ વિકેટ ટેકર્સની યાદીમાં બીજા સ્થાને છે.

CSK એ પણ જણાવ્યું કે તેણે ઈજાગ્રસ્ત ઓલરાઉન્ડર રામકૃષ્ણ ઘોષના સ્થાને કર્ણાટકના ઓલરાઉન્ડર મેકનિલ નોરોન્હાને ટીમમાં સામેલ કર્યો છે. ઘોષને 3 મેના રોજ મુંબઈ ઈન્ડિયન્સ સામેની તેની ડેબ્યૂ મેચમાં ઈજા થઈ હતી. પગમાં ફ્રેક્ચર થવાને કારણે તેને આખી સિઝનમાંથી બહાર થવું પડ્યું હતું. ઘોષે તેની એકમાત્ર મેચમાં 24 રન આપીને 1 વિકેટ લીધી હતી.

મેકનિલ નોરોન્હા હાલમાં ઘરેલુ ક્રિકેટમાં શાનદાર ફોર્મમાં રહ્યો છે. તાજેતરમાં BCCIના વાર્ષિક 'નમન એવોર્ડ્સ'માં તેમને એમએ ચિદમ્બરમ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યો હતો. તે 2024-25ની કર્નલ સીકે નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. તેણે મહારાજા ટ્રોફી 2025માં મંગલુરુ ડ્રેગન્સ માટે રમતા 10 ઈનિંગ્સમાં 253 રન બનાવ્યા અને ઓફ-સ્પિનથી 10 વિકેટ પણ લીધી હતી.

ટીમની સૌથી મોટી ચિંતા પૂર્વ કેપ્ટન એમએસ ધોનીને લઈને બનેલી છે. ધોની પિંડલીમાં ખેંચાણને કારણે આ સિઝનમાં અત્યાર સુધી એક પણ મેચ રમી શક્યો નથી. તેના સિવાય ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર સ્પેન્સર જોનસન પણ અનફિટ હોવાને કારણે બેન્ચ પર છે. મિડલ ઓર્ડર બેટ્સમેન ડેવાલ્ડ બ્રેવિસ પણ શરૂઆતની ત્રણ મેચ રમી શક્યો ન હતો, જેના કારણે ટીમને શરૂઆતમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

આટલી ઈજાઓ અને સમસ્યાઓ છતાં ચેન્નઈ સુપર કિંગ્સ પ્લે-ઓફની રેસમાં ટકી રહી છે. ટીમ 11 મેચમાં 12 પોઈન્ટ સાથે પોઈન્ટ્સ ટેબલમાં 5મા સ્થાને છે. પ્લે-ઓફમાં સ્થાન નિશ્ચિત કરવા માટે ચેન્નઈને તેની બાકીની ત્રણેય મેચ જીતવી પડશે. ટીમનો આગામી મુકાબલો શુક્રવારે લખનઉ સુપર જાયન્ટ્સ સામે અટલ બિહારી વાજપેયી ઈકાના સ્ટેડિયમમાં થશે.

# MI એ PBKS ને સતત પાંચમી હાર આપી, તિલક ખરાબ સ્થિતિમાં પણ શાંત રહ્યો



મુંબઈ : તિલક વર્મા (75 n.o., 33 બોલ, 6x4, 6x6) એ વધતી જતી માંગણી દર સાથે ચાલુ રાખ્યું, અંત સુધી ટકી રહ્યો, અને ગુરુવારે (14 મે, 2026) ધર્મશાલાના HPCA સ્ટેડિયમ ખાતે IPL 2026 માં પંજાબ કિંગ્સ પર મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટથી વિજય અપાવ્યો.

સતત બીજી રમત માટે, PBKS એ જીતની સ્થિતિમાંથી બચાવ ગુમાવ્યો, જેના કારણે તેનો હારનો દોર પાંચ રમતો સુધી લંબાયો અને તેની પ્લેઓફની આશાઓને મજબૂત બનાવી દીધી.

પાંચ ઓવર બાકી હતી ત્યારે ઘરઆંગણે ટીમ ફેવરિટ હતી અને MI ને 72 રનની જરૂર હતી. પરંતુ તિલક અને શેરફેન રધરફોર્ડે 16મી ઓવરમાં યુઝવેન્દ્ર ચહલને 20 રન માટે ફટકાર્યા પછી MI ખરેખર વિશ્વાસ કરવાનું શરૂ કર્યું, જેમાં શોર્ટ ફાઈન લેગમાં એક શોધક સ્વિચ હિટનો સમાવેશ થતો હતો.

માર્કો જેન્સન દ્વારા ફેંકાયેલી ૧૮મી ઓવરમાં ૨૨ રનના બાઉન્ડ્રીમાં તિલકના બીજા ૧૬ રન ઉમેર્યા, જેનાથી મુંબઈ વધુ નજીક આવી ગયું. તેણે મિડવિકેટ પર છ વિકેટ ફટકારીને શરૂઆત કરી અને પછી ૧૦ રન માટે પેસરને પાછળ છોડીને બે હિટ ફટકારી. વિલ જેક્સે ઉપાંત્ય અને અંતિમ ઓવરના પહેલા બોલમાં છગ્ગા ફટકાર્યા અને તિલક પરનું દબાણ ઓછું કર્યું. છેલ્લા ત્રણ બોલમાં આઠ રનની જરૂર હતી ત્યારે, સાઉથપાવએ સતત બે છગ્ગા ફટકારીને પીછો સીલ કર્યો. રાયન રિકેલ્ટને ૨૩ બોલમાં ૪૮ રન બનાવીને મુંબઈને આદર્શ શરૂઆત અપાવી હતી. પહેલી ઈનિંગમાં, પીબીકેએસને આઠ વિકેટે ૨૦૦ રન બનાવવા માટે સખત મહેનત કરવી પડી હતી અને તે ફક્ત અઝમતુલ્લાહ ઓમરઝાઈના અંતમાં થયેલા આક્રમણને કારણે જ શક્ય બન્યું.

# રઘુવંશી - નાઈટ રાઈડર્સ દ્વારા બતાવેલ વિશ્વાસનું વળતર

***અંગક્રિશ રઘુવંશીએ IPL 2026 માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મહત્વપૂર્ણ મેચમાં પરિપક્વતા અને કૌશલ્યનું પ્રદર્શન કરીને પ્રભાવ પાડ્યો***

મુંબઈ : કોલકાતા નાઈટ રાઈડર્સનો અંગક્રિશ રઘુવંશી 13 મે, 2026 ના રોજ છત્તીસગઢના રાયપુરમાં RCB અને KKR વચ્ચેની IPL ક્રિકેટ મેચ દરમિયાન પોતાની અડધી સદીની ઉજવણી કરે છે.

કોલકાતા નાઈટ રાઈડર્સનો અંગક્રિશ રઘુવંશી 13 મે, 2026 ના રોજ છત્તીસગઢના રાયપુરમાં RCB અને KKR વચ્ચેની IPL ક્રિકેટ મેચ દરમિયાન પોતાની અડધી સદીની ઉજવણી કરે છે.

રાયપુરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે કોલકાતા નાઈટ રાઈડર્સનો IPL 2026 ના મુકાબલાની પૂર્વસંધ્યાએ, સહાયક કોચ શેન વોટસને મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં અંગક્રિશ રઘુવંશી વિશે ગીતાત્મક શબ્દોમાં વાત કરી.

"હું IPL માં ઘણા વર્ષોથી ખૂબ જ ભાગ્યશાળી રહ્યો છું કે મને કેટલાક હાસ્યાસ્પદ પ્રતિભાશાળી યુવા ક્રિકેટરો જોવા મળ્યા," ઓસ્ટ્રેલિયન ખેલાડીએ કહ્યું.

"મને યાદ છે કે મેં પહેલી વાર સંજુ સેમસનને જોયો હતો. મેં ક્યારેય 17 વર્ષના ખેલાડીમાં આટલી કુશળતાનો વિકાસ જોયો નથી. હું વૈભવ સૂર્યવંશી સાથે પણ તે જોઉં છું. અંગક્રિશ તેમાંથી એક છે," તેમણે કહ્યું.

"મને ખબર છે કે આપણે કૌશલ્યનો સતત વિસ્ફોટ જોયો નથી, પરંતુ અમે કરીશું. વિવિધ પરિસ્થિતિઓ, વિવિધ બોલરો સાથે અનુકૂલન કરવાની તેની ક્ષમતા અને શક્ય તેટલી સારી રીતે તેને નેવિગેટ કરવા માટે સક્ષમ બનવા માટે બધા કૌશલ્ય વિકલ્પો અને શોટ વિકલ્પો જોવા માટે સક્ષમ થવું મારા માટે મનને ઉજાગર કરે છે," તેમણે ઉમેર્યું.

બુધવારે (13 મે, 2026), RCB સામે, 21 વર્ષીય ખેલાડીએ તેના કોચે એક દિવસ પહેલા શું સમજાવ્યું હતું તેનું સ્પષ્ટ વર્ણન કર્યું. વહેલી વિકેટ પડ્યા પછી બેટિંગ કરવા આવતા અને તેના કેપ્ટનને તરત જ જતા જોઈને, મુંબઈના યુવાન બેટ્સમેનની પીઠ દિવાલ સામે હતી.



પરંતુ એક ઈનિંગ દરમિયાન જેમાં તેણે ખૂબ જ પરિપક્વતા અને ઓફર પરની પરિસ્થિતિઓનું અસાધારણ વાંચન દર્શાવ્યું, આ પાતળા બેટ્સમેનએ IPLમાં પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો અને તેની ટીમ માટે બેટથી આગળ નીકળી ગયો. 'તે જે રીતે બેટિંગ કરી તેનાથી હું ખૂબ પ્રભાવિત થયો કારણ કે શરૂઆતમાં બોલ ખરેખર આસપાસ નિપ કરી રહ્યો હતો. [જોશ] હેઝલવુડ અને ભુવી [ભુવનેશ્વર કુમાર] લેન્થ પર હિટ કરી રહ્યા હતા. મને લાગ્યું કે તે યુક્તિની રીતે ખૂબ જ ચતુર હતો,' KKR ના મુખ્ય કોચ અભિષેક નાયરે રમત પછી કહ્યું.

# વાંધાજનક શબ્દો વાપરવા પોલાર્ડને ભારે પડ્યા, IPLના નિયમ ભંગ બદલ થઈ મોટી સજા

મુંબઈ : મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને પંજાબ કિંગ્સ (PBKS) વચ્ચે રમાયેલી રોમાંચક મેચ બાદ મુંબઈના બેટિંગ કોચ કીરોન પોલાર્ડ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. મેચ દરમિયાન ફોર્થ અમ્પાયર સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરવા બદલ આઈપીએલ કમિટીએ પોલાર્ડને દંડ ફટકાર્યો છે.

### શું છે સમગ્ર મામલો?

ગુરુવારે રમાયેલી મેચમાં જ્યારે મુંબઈની ટીમ લક્ષ્યાંકનો પીછો કરી રહી હતી, ત્યારે બીજી ઈનિંગની 19મી ઓવરમાં આ ઘટના બની હતી. મેદાન પર ચાલી રહેલી રમત દરમિયાન પોલાર્ડ અને ફોર્થ અમ્પાયર વચ્ચે કોઈ બાબતે ઉગ્ર દલીલ થઈ હતી. આ દરમિયાન પોલાર્ડે અમ્પાયર માટે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. જે આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાય છે.

### બોર્ડ દ્વારા કાર્યવાહી

આઈપીએલે પોલાર્ડને આચાર સંહિતાના લેવલ-1 ના ઉલ્લંઘનનો દોષી માનતા તેમની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકાર્યો છે. આર્થિક દંડની સાથે પોલાર્ડના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. લીગના જણાવ્યા અનુસાર, પોલાર્ડે અનુચ્છેદ 2.3નું ઉલ્લંઘન કર્યું છે, જે મેચ દરમિયાન અભદ્ર ભાષાના ઉપયોગ સાથે જોડાયેલું છે.

### પોલાર્ડે ભૂલ સ્વીકારી

મેચ બાદ મેચ રેફરી પંકજ ધરમાણી દ્વારા પોલાર્ડને સજા સંભળાવવામાં આવી હતી. કીરોન પોલાર્ડે પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને સજાનો સ્વીકાર કર્યો છે. જેના કારણે હવે આ મામલે આગળ કોઈ સુનાવણી હાથ ધરવામાં આવશે નહીં. આ સજાને પોલાર્ડે મંજૂર રાખી છે. જેથી હવે કોઈ અન્ય કાર્યવાહીનો પ્રશ્ન રહેતો નથી.

### પોલાર્ડ અનેકવાર કરી ચુક્યો છે ભુલ

નોંધનીય છે કે, કીરોન પોલાર્ડ અગાઉ પણ અનેકવાર આઈપીએલની આચાર સંહિતાના દાયરામાં આવી ચૂક્યા છે. જોકે, મેદાન પર મુંબઈ ઈન્ડિયન્સે પંજાબને 6 વિકેટે હરાવીને શાનદાર જીત નોંધાવી હતી, પરંતુ કોચની આ હરકતે જીતની ખુશીમાં થોડો ભંગ પાડ્યો હતો.



## RCBના ખેલાડીની પ્રામાણિકતાનું શાનદાર ઉદાહરણ

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

ક્રિકેટ મેચો સામાન્ય રીતે મોટા સ્કોર, ચોગ્ગા, છગ્ગા અને સદી માટે યાદ કરવામાં આવે છે. પરંતુ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની IPL 2026 ની મેચ સોનાની ચેઈનને કારણે ચર્ચાનો વિષય બની ગઈ છે.

પહેલા બેટિંગ કરતા કોલકાતાએ 192 રન બનાવ્યા. જ્યારે બેંગલુરુએ પોતાની પહેલી વિકેટ ગુમાવી ત્યારે RCBના ખેલાડી દેવદત્ત પડિકલે પ્રામાણિકતા દર્શાવીને ફેન્સના દિલ જીતી લીધા.

આ ઘટના વાસ્તવમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના ખેલાડી જેકબ બેથેલ સાથે સંબંધિત છે. 193 રનના ટાર્ગેટનો પીછો કરતા, આરસીબીએ વિરાટ કોહલી અને જેકબ બેથેલ સાથે ઈનિંગની શરૂઆત કરી.

બેંગલુરુની ઈનિંગની ચોથી ઓવરમાં જેકબ બેથેલ 12 બોલમાં 15 રન બનાવીને આઉટ થયો. કાર્તિક ત્યાગીનો શોર્ટ-પિચ બોલ બેથેલના હાથ અને પછી તેના હેલ્મેટ પર વાગ્યો. બોલ તેના હેલ્મેટ પર વાગવાના આંચકાથી તેના ગળામાંથી સોનાની ચેઈન પડી ગઈ.

જેકબ બેથેલને ખ્યાલ ન આવ્યો કે તેની સોનાની ચેઈન પીચ પર પડી ગઈ છે અને આઉટ થયા પછી તે મેદાનની બહાર ચાલ્યો ગયો. જ્યારે આરસીબીનો આગામી બેટ્સમેન દેવદત્ત પડિકલ, બેટિંગ કરવા આવ્યો, ત્યારે તેને પીચ પરથી ચેઈન ઉપાડી અને મેચ અધિકારીઓને આપી.

# અર્શદીપ સિંહ ફરી વિવાદોમાં, તિલક વર્માને કહ્યું - 'ઓએ અંધેરે', પછી બેટથી મળ્યો જવાબ

મુંબઈ : પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ પહેલા એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મોટો વિવાદ સર્જાયો છે. પંજાબના બોલર અર્શદીપ સિંઘે મુંબઈના બેટર તિલક વર્મા પર કરેલી એક ટિપ્પણી બાદ મેદાન પર ગરમાવો જોવા મળ્યો હતો.

### શું હતો સમગ્ર વિવાદ?

સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં તિલક વર્મા ક્યાંક જઈ રહ્યા હતા ત્યારે અર્શદીપ સિંઘે તેમને અટકાવ્યો હતો. અર્શદીપે તિલકને 'ઓય અંધેરે' કહીને પોતાની પાસે બોલાવ્યો હતો અને વધુમાં મજાક કરતા પૂછ્યું હતું કે, 'તે સનસ્ક્રીન નથી લગાવ્યું?' જોકે, તે સમયે તિલક વર્માએ કોઈ પ્રતિક્રિયા આપી નહોતી, પરંતુ મેદાનમાં ઉતરીને તેમણે અનોખી રીતે આ ટિપ્પણીનો બદલો લીધો હતો.

### મેદાન પર તિલકનું તોફાન અને અનોખું સેલિબ્રેશન

પંજાબ સામેની મેચમાં તિલક વર્માએ માત્ર 33 બોલમાં 75 રનની આક્રમક ઈનિંગ રમી હતી, જેમાં 6 ચોગ્ગા અને 6 છગ્ગાનો સમાવેશ થાય છે.

મેચ જીતાડ્યા બાદ તિલકે પોતાની ટી-શર્ટ ઊંચી કરીને અર્શદીપ સિંહ તરફ ઈશારો કર્યો હતો, જે જાણે અર્શદીપના 'અંધેરે' વાળા કમેન્ટનો સીધો જવાબ હોય તેવું લાગતું હતું.

### મુંબઈની 6 વિકેટે જીત

પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા પ્રભસિમરન સિંહના 57 રનની મદદથી 8 વિકેટે 200 રનનો સ્કોર બનાવ્યો હતો. મુંબઈ તરફથી શાર્દુલ ઠાકુરે 4 વિકેટ ઝડપી હતી.



### પંજાબની પ્લેઓફની આશા અંધારામાં

આ હાર સાથે પંજાબ કિંગ્સની સતત આ પાંચમી હાર છે. તિલક વર્માની આ ઈનિંગે પંજાબની પ્લેઓફમાં પહોંચવાની આશાઓને ધૂંધળી કરી દીધી છે. હાલમાં પંજાબ 12 મેચમાં 13 પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે, જ્યારે મુંબઈ 8 પોઈન્ટ સાથે નવમા સ્થાને છે.

# મહાન ક્રિકેટર સારા ટેલરે રચ્યો ઈતિહાસ, પુરુષ ક્રિકેટ ટીમની કોચ બનનારી પહેલી મહિલા બની



(એજન્સી) ઇંગ્લેન્ડ | તા. 15

મહિલા ક્રિકેટના ઈતિહાસની મહાન ખેલાડીઓમાંથી એક ગણાતી 37 વર્ષીય ટેલરે એન્ડ્રુ ફ્લિન્ટોફના નેતૃત્વમાં ઈંગ્લેન્ડ લાયન્સ (ઈંગ્લેન્ડ A) ટીમ સાથે પણ કામ કર્યું છે. ત્યાં તેના શાનદાર પ્રદર્શનને કારણે તેને સિનિયર ટીમના સપોર્ટ સ્ટાફમાં સ્થાન મળ્યું છે.

તમામ ફોર્મેટમાં કુલ 226 મેચ રમનાર ટેલરે સસેક્સની પુરુષ ટીમની સાથે માન્ચેસ્ટર ઓરિજિનલ્સ સાથે પણ કામ કર્યું છે. તેને ફિલ્ડિંગ કોચ તરીકે ટૂંકા ગાળાના કરારની ઓફર કરવામાં આવી છે. આ પદ પર તે કાર્લ હોપકિન્સનની જગ્યા લેશે જે હાલમાં IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથે કામ કરી રહ્યા છે. કીએ બુધવારે પત્રકારો સાથે વાત કરતા કહ્યું, મને લાગે છે કે તે તેના કામમાં માહિર અને શ્રેષ્ઠ લોકોમાંની એક છે. તેનું પ્રદર્શન અસાધારણ રહ્યું છે. તેણે એન્ડ્રુ ફ્લિન્ટોફ અને એડ બર્ની (પર્ફોર્મન્સ ડાયરેક્ટર) સાથે ઘણું કામ કર્યું છે. આ બંને તેની ખૂબ પ્રશંસા કરે છે. તેથી જેવું અમને દેખાઈ રહ્યું છે, તે તેના ક્ષેત્રના શ્રેષ્ઠ લોકોમાંથી એક છે. તેમણે કહ્યું, તે (ટેલર) જે રીતે પોતાનું કામ કરે છે તેનાથી અમે સંપૂર્ણ અને અવિશ્વસનીય રીતે પ્રભાવિત છીએ. કીએ કહ્યું, કાર્લ હોપકિન્સનની વાત કરીએ તો આજના ક્રિકેટ જગતના ચલણ મુજબ, તે હાલમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથે કામ કરી રહ્યા છે. તેમની પાસે મુંબઈ ઈન્ડિયન્સ માટે કરવા માટે ઘણું કામ છે તેથી અમે ભવિષ્યમાં કોઈને કોઈ સમયે તેમની સેવાઓનો ઉપયોગ ચોક્કસ કરીશું, બસ આ સિરીઝ માટે નહીં.

**વન-ડે સીરિઝ** // **15 વર્ષીય વૈભવ સૂર્યવંશીને પણ મળ્યું સ્થાન**

# શ્રીલંકા વન-ડે સીરિઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર, તિલક વર્મા કેપ્ટન

(એજન્સી) મુંબઈ | તા. 15

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ(BCCI) એ જૂન 2026માં શ્રીલંકામાં યોજાનારી ટ્રાઈ નેશન વનડે સીરિઝ માટે 'ઈન્ડિયા A' ટીમની જાહેરાત કરી છે. આ માટે સિલેક્શન કમિટીએ યુવા ખેલાડીઓની 15 સદસ્યોની ટીમ પસંદ કરી છે, જેના કેપ્ટન તરીકે તિલક વર્માને જવાબદારી સોંપવામાં આવી છે.

જ્યારે 'ઈન્ડિયા A' ટીમના વાઈસ કેપ્ટન તરીકે રિયાન પરાગ રહેશે. જેમાં સૌથી મોટી વાત એ છે કે, આ ટીમમાં 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીને મોકો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, પંજાબ કિંગ્સના બેટર પ્રિયાંશ આર્યને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

આ ટ્રાઈ સીરિઝમાં ઈન્ડિયા A ઉપરાંત, શ્રીલંકા A અને અફઘાનિસ્તાન A ટીમો ભાગ લેશે. આ મર્યાદિત ઓવરની સીરિઝ દામ્બુલામાં રમાશે. ત્યારબાદ ઈન્ડિયા A ટીમ શ્રીલંકા A સામે બે મલ્ટી-ડે મેચ પણ





રમશે. જ્યારે રેડ-બોલ સીરિઝ માટે એક અલગ ટીમની જાહેરાત પછીથી કરવામાં આવશે. મલ્ટી-ડે મેચો ગૉલમાં યોજાશે.

ટીમ ઈન્ડિયામાં ઘણા યુવા ખેલાડીઓ છે, જેમણે ઘરેલુ ક્રિકેટ અને 2026 IPLમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. જેમાં વૈભવ સૂર્યવંશી, પ્રિયાંશ આર્ય, આયુષ બદોની, નિશાંત સિંધુ અને હર્ષ દુબે જેવા નામોનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રભસિમરન સિંહ અને કુમાર કુશાગ્રને વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

બોલિંગ વિભાગમાં યશ ઠાકુર, યુદ્ધવીર સિંહ, અંશુલ કંબોજ અને અરશદ ખાનને તક આપવામાં આવી છે. જ્યારે ઓલરાઉન્ડર વિકલ્પો તરીકે રિયાન પરાગ, નિશાંત સિંધુ, હર્ષ દુબે અને વિપરાજ નિગમ ટીમને સંતુલન પૂરું પાડશે.

**CWG અને એશિયન ગેમ્સની તૈયારી માટે...**

# નીરજ ચોપરા, મનુ ભાકર અને ગુલવીર સિંહને વિદેશી ટ્રેનિંગની મંજૂરી



(એજન્સી) નવી દિલ્હી | તા. 15

કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સને ધ્યાનમાં રાખીને મિશન ઓલિમ્પિક સેલ એ ભારતના સ્ટાર એથ્લીટ્સ માટે વિદેશી ટ્રેનિંગ કેમ્પને મંજૂરી આપી છે. બુધવારે યોજાયેલી MOCની 173મી બેઠકમાં બે વખતના ઓલિમ્પિક પદક વિજેતા નીરજ ચોપરાના 47 દિવસના સ્વિટ્ઝર્લેન્ડ ટ્રેનિંગ કેમ્પને મંજૂરી આપવામાં આવી હતી.

TOPS કોર ગ્રુપમાં સામેલ નીરજ ચોપરા હાલમાં તુર્કીમાં પીઠની ઈજામાંથી સાજા થઈ રહ્યા છે. તેઓ 25 મે થી 10 જુલાઈ દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડના બિએન સ્થિત ઓલિમ્પિક ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ લેશે. તેમની સાથે લાંબા સમયથી જોડાયેલા ફિઝિયોથેરાપિસ્ટ ઈશાન મરવાહા અને કોચ જય ચૌધરી પણ રહેશે. 2026 કોમનવેલ્થ ગેમ્સ 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાશે, જ્યારે એશિયન ગેમ્સ 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં યોજાશે. નીરજ અગાઉ 2018 કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો તેમજ 2018 અને 2022 એશિયન ગેમ્સમાં સતત ગોલ્ડ મેડલ જીતવાનો કારનામું કર્યું હતું. MOCએ સ્ટાર શૂટર મનુ ભાકરના ઈટાલીના લુક્કામાં 13થી 22 મે દરમિયાન યોજાનારા વિદેશી ટ્રેનિંગ કેમ્પને પણ મંજૂરી આપી છે. મનુ સાથે કોચ જસપાલ રાણા અને ફિઝિયોથેરાપિસ્ટ સ્નેહિલ ખુરાના રહેશે. પેરિસ 2024 ઓલિમ્પિક્સમાં ડબલ મેડલ જીતનાર મનુ 2026 એશિયન ગેમ્સમાં 10 મીટર એર પિસ્તોલ અને 25 મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ભારત માટે મજબૂત દાવેદાર માનવામાં આવે છે. તે ઉપરાંત લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહને પણ અમેરિકામાં 15 મે થી 17 જૂન સુધી ટ્રેનિંગ અને સ્પર્ધાત્મક એક્સપોઝર માટે મંજૂરી આપવામાં આવી છે.

## PM મોદી UAE પહોંચ્યા...

# રાષ્ટ્રપતિ અલ નાહયાન સાથે બેઠક કરશે, બંને દેશો વચ્ચે ઊર્જા કરારો શક્ય

(એજન્સી) દુબઈ। તા. 15

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના 6 દિવસના વિદેશ પ્રવાસના પ્રથમ પડાવ UAE પહોંચી ગયા છે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે બેઠક કરશે.

વિદેશ મંત્રાલય અનુસાર, વડાપ્રધાન મોદી અને ઝાયદ અલ નાહયાન ભારત-UAE વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા પર ચર્ચા કરશે. બંને નેતાઓ ઊર્જા સહયોગ ઉપરાંત પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ વાતચીત કરશે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ પણ વાતચીતનો મહત્વનો ભાગ રહેશે. ધ હિન્દુના અહેવાલ મુજબ બંને દેશો વચ્ચે LPG અને સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ સંબંધિત બે મહત્વપૂર્ણ કરારો થઈ શકે છે.

આ પ્રવાસનું સૌથી મોટું ધ્યાન ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાનું છે. માનવામાં આવે છે કે LPG અને LNG સપ્લાય વધારવા અંગે પણ બંને દેશો વચ્ચે વાતચીત થઈ શકે છે.

### UAE ક્રૂડ ઓઈલનું ઉત્પાદન વધારશે

UAEએ તાજેતરમાં વિશ્વના મોટા ઓઈલ નિકાસકાર દેશોના સંગઠન OPEC છોડવાની જાહેરાત કરી છે. UAEએ 2027 સુધીમાં તેનું ક્રૂડ ઓઈલ ઉત્પાદન વધારીને દરરોજ 50 લાખ બેરલ કરવાની યોજના બનાવી છે.

આવી સ્થિતિમાં, ભારતીય કંપનીઓ અને UAEની કંપનીઓ વચ્ચે લાંબા ગાળાના ઊર્જા કરારો પર વાતચીત થવાની સંભાવના છે. પૂર્વ ભારતીય રાજદૂત સંજય સુધીરે ANI સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ વચ્ચે વડાપ્રધાન મોદીનો UAE પ્રવાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે.



## ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈરાની અભિનેત્રીને મેસેજ કરતા'તા

# પત્નીએ તેમને થપ્પડ મારી હોવાનો દાવો; ગયા વર્ષે વીડિયો વાયરલ થયો હતો



(એજન્સી) ફ્રાન્સ । તા. 15

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંને વિયેતનામમાં તેમની પત્ની બ્રિજિટ મેક્રોંએ ઈરાની મૂળની અભિનેત્રીના કારણે થપ્પડ મારી હતી. ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, આ દાવો ફ્રેન્ચ પત્રકાર ફ્લોરિયન તારદિફે તેમના નવા પુસ્તક 'એન (ઓલમોસ્ટ) પરફેક્ટ કપલ'માં કર્યો છે.

આ પુસ્તક બુધવારે પ્રકાશિત થયું હતું. પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે આ વિવાદ ઈરાની મૂળની અભિનેત્રી ગોલશિફ્તે ફરાહાની અને રાષ્ટ્રપતિ મેક્રોં વચ્ચે કથિત ચેટને કારણે થયો હતો. રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ મેક્રોં અભિનેત્રીને મેસેજ મોકલતા હતા. એક મેસેજમાં તેમણે કથિત રીતે લખ્યું હતું, 'તમે મને ખૂબ સુંદર લાગો છો.'

ફ્રેન્ચ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેક્રોં અને ફરાહાની વચ્ચે ઘણા મહિનાઓ સુધી 'પ્લેટોનિક રિલેશનશિપ' (મિત્રતાનો સંબંધ) રહ્યો હતો. જોકે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ સંબંધ માત્ર ભાવનાત્મક અને અંગત વાતચીત સુધી મર્યાદિત હતો.

મેક્રોં ગયા વર્ષે 25 મેના રોજ વિયેતનામના પ્રવાસે પહોંચ્યા હતા. આ દરમિયાન હનોઈના નોઈ બાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તેમની પત્ની તેમને થપ્પડ મારતી જોવા મળી હતી.

જોકે, બ્રિજિટ મેક્રોનની ટીમે આ તમામ દાવાઓને ખોટા ગણાવ્યા છે. તેમના પ્રતિનિધિઓએ કહ્યું કે બ્રિજિટ ક્યારેય પોતાના પતિનો મોબાઈલ ફોન જોતી નથી અને પુસ્તકમાં કહેલી વાતો સાચી નથી.

બીજી તરફ અભિનેત્રી ગોલશિફ્તે ફરાહાનીએ પણ રાષ્ટ્રપતિ મેક્રોન સાથેના કોઈપણ સંબંધોના સમાચારોને પહેલા જ નકારી કાઢ્યા હતા. માર્ચમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો પ્રેમની કમીના કારણે આવી વાર્તાઓ બનાવી લે છે.

પુસ્તક મુજબ, ગયા વર્ષે મે મહિનામાં જ્યારે મેક્રોન દંપતી વિયેતનામની રાજધાની હનોઈ પહોંચ્યા હતા, ત્યારે વિમાનમાંથી ઉતરવાના થોડા સમય પહેલા બ્રિજિટ મેક્રોને પોતાના પતિના ફોનમાં અભિનેત્રીનો એક મેસેજ જોયો. આ પછી બંને વચ્ચે વિવાદ વધ્યો.

આ દરમિયાન કેમેરામાં એક એવો વીડિયો રેકોર્ડ થયો, જેમાં બ્રિજિટ મેક્રોન પોતાના પતિને થપ્પડ મારતા જોવા મળ્યા. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો અને દુનિયાભરમાં તેની ચર્ચા થઈ હતી.

પત્રકાર ફ્લોરિયન તારદિફે કહ્યું કે અભિનેત્રીના મેસેજને કારણે પતિ-પત્ની વચ્ચે તણાવ પેદા થયો અને આ જ ખાનગી વિવાદ બાદમાં સાર્વજનિક થઈ ગયો. પુસ્તકમાં એક મિત્રના હવાલેથી લખવામાં આવ્યું છે કે બ્રિજિટ મેક્રોંને એવું લાગ્યું કે તેમનું સ્થાન ધીમે ધીમે ઓછું થતું જઈ રહ્યું છે.

### મેક્રોંની ટીમે તેને પરસ્પર મજાક ગણાવ્યો હતો

જ્યારે આ વીડિયો પહેલીવાર સામે આવ્યો હતો, ત્યારે રાષ્ટ્રપતિ મેક્રોંની ટીમે પહેલા કહ્યું હતું કે વીડિયો નકલી અથવા AI દ્વારા બનાવવામાં આવ્યો હોઈ શકે છે. બાદમાં ટીમે કહ્યું કે આ ફક્ત મજાકમાં થયેલી એક હળવી પળ હતી. મેક્રોંના નજીકના લોકોએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ અવારનવાર સત્તાવાર કાર્યક્રમ શરૂ થતા પહેલા પોતાની પત્ની સાથે મજાક કરે છે અને બ્રિજિટ તે જ રીતે પ્રતિક્રિયા આપે છે. ખુદ રાષ્ટ્રપતિ મેક્રોંએ પણ બાદમાં કહ્યું હતું કે બંને તે સમયે ફક્ત મજાક કરી રહ્યા હતા. તેમણે લોકોને આ મામલાને વધુ પડતો ન વધારવા અને શાંત રહેવાની અપીલ કરી હતી.

## ન્યૂઝ બ્રીફ

### પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલો, આતંકીઓએ સૈન્ય કેમ્પમાં ઘૂસી તબાહી મચાવી



પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાજોર વિસ્તારમાં સૈન્ય કેમ્પ પર મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકીઓએ સૌથી પહેલા સૈન્ય સુવિધા ધરાવતા હિસ્સામાં એક જોરદાર વિસ્ફોટ કર્યો હતો. આ ધડાકાને કારણે સર્જાયેલી અફરાતફરીનો લાભ ઉઠાવીને હથિયારધારી આતંકવાદીઓ કેમ્પની અંદર ઘૂસી ગયા હતા, જેના પછી સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે લાંબો સમય સુધી અથડામણ ચાલી હતી. આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. સંગઠને નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, આ હુમલો તેમની 'સ્પેશિયલ ઈસ્તશહાદી ફોર્સીસ' (SIF) દ્વારા કરવામાં આવ્યો છે. મહત્ત્વનું છે કે, ઓક્ટોબર 2025 માં ક્વેટામાં થયેલા હુમલા બાદ આ પ્રથમ ઘટના છે જેમાં TTP એ સત્તાવાર રીતે આત્મઘાતી હુમલાની જવાબદારી લીધી હોય. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક અઠવાડિયાની અંદર આ બીજો આત્મઘાતી હુમલો છે. આ અગાઉ મંગળવારે લક્કી મરવત જિલ્લાના નૌરંગ બજારમાં એક વિસ્ફોટક ભરેલા ઓટોરિક્ષા દ્વારા બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં પોલીસકર્મીઓ અને એક મહિલા સહિત અનેક લોકોના મોત થયા હતા. ફેબ્રુઆરી મહિનામાં પણ આ પ્રાંતમાં થયેલા હુમલામાં 5 પોલીસકર્મીઓએ જીવ ગુમાવ્યા હતા.

### સરકારી શટડાઉનમાં હવે અમેરિકન સેનેટરોને વેતન ભથ્થાં નહીં મળે




વોશિંગ્ટન: અમેરિકાના ભાવિ શટડાઉનમાં હવે સેનેટરોને પણ તેમના વેતન અને ભથ્થાં નહીં મળે. આ માટેની તૈયારી આદરવામાઁ આવી ચૂકી છે. સેનેટે પોતે જ સરકારી શટડાઉન દરમિયાન સેનેટરોના વેતન અને ભથ્થાં અટકાવતો વિથહોલ્ડ પેનો ઠરાવ ૯૯-૦થી પસાર કર્યો હતો. જ્યારે રિપબ્લિકન સેનેટર પીટ રિકેટ્સે હાજર રહ્યા ન હતો. આ ઠરાવ લુઈસિયાના રિપબ્લિકન સેનેટર જોન કેનેડીએ રજૂ કર્યો હતો. આ ઠરાવ કાયદો બન્યા બાદ નવેમ્બર ૨૦૨૬ની ચૂંટણી પછી તેનો અમલ શરુ થઈ શકે છે. તેમા હવે સ્પષ્ટપણે સુનિશ્ચિત થઈ ચૂક્યું છે કે ભવિષ્યમાં જ્યારે પણ ફેડરલ ગવર્નમેન્ટનું શટડાઉન થાય ત્યારે સેનેટરોને મળતાં વેતન અને ભથ્થાં પણ તેટલા સમયગાળા માટે અટકાવવા. આ અટકેલા વેતન અને ભથ્થા સરકારી શટડાઉન ખૂલે ત્યારે જારી કરવામાં આવશે. હવે નીચલા ગૃહમાં આ ઠરાવ ક્યારે પાસ થશે તે નક્કી થયું નથી. આ ઠરાવની તરફેણમાં મતદાન કરતી વખતે સેનેટ ફ્લોર પર કેનેડીએ જણાવ્યું હતું.

## ટ્રમ્પે કહ્યું- ચીન સાથે શાનદાર ટ્રેડ ડીલ થઈ

# બંને દેશોને ફાયદો થશે, શી જિનપિંગ સાથે બેઠક કરી; ટ્રમ્પ બેઈજિંગથી રવાના થયા

(એજન્સી) અમેરિકા । તા. 15

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શુક્રવારે તેમની ત્રણ દિવસની ચીન મુલાકાત પૂર્ણ કરીને પરત ફર્યા. પ્રવાસના છેલ્લા દિવસે તેમણે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે છેલ્લી મુલાકાત કરી. આ મુલાકાત બેઈજિંગના ઝોંગનાનહાઈ પરિસરમાં થઈ, જે ચીનના ટોચના નેતૃત્વ માટે સૌથી સુરક્ષિત અને ગુપ્ત સત્તા કેન્દ્ર માનવામાં આવે છે.

બેઠક બાદ ટ્રમ્પે જણાવ્યું કે ચીન સાથે શાનદાર ટ્રેડ ડીલ થઈ છે. તેમણે કહ્યું કે આ કરારોથી અમેરિકા અને ચીન બંનેને ફાયદો થશે. ટ્રમ્પે કહ્યું, "અમે કેટલાક શાનદાર કરારો કર્યા છે, જે બંને દેશો માટે સારા છે." જોકે તેમણે આ કરારોની વધુ માહિતી શેર કરી નથી.

અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વેપાર, ટેકનોલોજી અને સુરક્ષાને લઈને તણાવ ચાલી રહ્યો છે. જોકે, બંને દેશો સંબંધો સુધારવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે.

ચીનથી રવાના થતા સમયે ટ્રમ્પને બેઈજિંગ કેપિટલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ચીનના વિદેશ પ્રધાન વાંગ યી તેમને એરપોર્ટ પર મુકવા ગયા હતા.

ચીનની મુલાકાત પૂર્ણ થયા પછી, યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પને બેઈજિંગ એરપોર્ટ પર ખાસ વિદાય આપવામાં આવી. સ્કૂલના બાળકોએ એરફોર્સ વન પાસે અમેરિકન અને ચીની ધ્વજ લહેરાવ્યા હતા.

ચીનના વિદેશ પ્રધાન વાંગ યી ટ્રમ્પને વિદાય આપવા એરપોર્ટ પર પહોંચ્યા. વિમાનમાં સીડી ચઢતા ટ્રમ્પે ફરીને હાથ હલાવીને ગુડબાય કર્યુ હતું.

તાઈવાનના વિદેશ પ્રધાન લિન ચિયા-લુંગે અમેરિકાનો સતત સમર્થન બદલ આભાર માન્યો. એપી ન્યૂઝ એજન્સી અનુસાર, તેમણે કહ્યું કે અમેરિકા તાઈવાન સ્ટ્રેટમાં શાંતિ અને સ્થિરતાને મહત્વ આપે છે અને તેને સમર્થન આપવાનું ચાલુ રાખે છે.

આ નિવેદન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોના તે નિવેદન બાદ આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે તાઈવાન અંગે અમેરિકાની નીતિ બદલાઈ નથી અને જો ચીન બળનો ઉપયોગ કરશે તો તે એક મોટી ભૂલ હશે.

જ્યારે બેઈજિંગવાસીઓને ટ્રમ્પ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે સૌથી વધુ વપરાતો શબ્દ 'અનપ્રેડિક્ટેબલ' હતો, જેનો અર્થ એવો થાય છે કે જેની આગામી પગલું સમજવું મુશ્કેલ હોય.

શુક્રવારે સવારે ટ્રમ્પની હોટલ પાસે ભીડ ગુરુવાર સાંજ કરતાં ઓછી દેખાતી હતી. ભારે પોલીસ તહેનાત અને વારંવાર રસ્તા બંધ હોવાને કારણે ઘણા સ્થાનિક લોકો પરેશાન દેખાતા હતા.

ટ્રમ્પ સાથે એક નિવેદન આપતા, શી જિનપિંગે આ મુલાકાતને ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ ગણાવી.

તેમણે કહ્યું, 'આ સમયગાળા દરમિયાન, આપણા બંને દેશો વચ્ચે એક નવો અને સકારાત્મક વ્યૂહાત્મક સંબંધ સ્થપાયો છે. આ ખરેખર એક સીમાચિહ્નરૂપ ઘટના કહી શકાય.'



અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ઈરાન અંગે સમાન વિચાર ધરાવે છે, પરંતુ શીએ તેમના જાહેર નિવેદનમાં ઈરાન સંઘર્ષનો કોઈ ઉલ્લેખ કર્યો નથી.

જોકે, ચીનના વિદેશ મંત્રાલયે અગાઉ કહ્યું હતું કે ઈરાન યુદ્ધ ક્યારેય ન થવું જોઈએ અને પ્રદેશમાં તણાવ ઓછો કરવા અપીલ કરી હતી.

# અમેરિકામાં વસતા ગુજરાતીઓનો સૌથી મોટો મેળાવડો

(એજન્સી) અમેરિકા । તા. 15

નરેન્દ્ર મોદીએ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે આર્થિક સાવચેતી રાખવા અને વિદેશી ચલણ બચાવવા કરેલા આહ્વાનને અનુસરીને ગુજરાતના અનેક રાજકીય પ્રતિષ્ઠિત આગેવાનો અને ઉદ્યોગપતિઓએ પોતાના આંતરરાષ્ટ્રીય પ્રવાસ મર્યાદિત કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં ફ્લોરિડાના ઓર્લાન્ડોમાં યોજાનારા FOGAUSAના બીજા યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શનનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતના ડેપ્યુટી ચીફ મિનીસ્ટર હર્ષ સંઘવીએ આજના સમયે દેશધર્મ અને આજની દેશની પ્રાથમિકતાને માન આપી પોતાનો પ્રવાસ રદ કર્યો છે.

તેની જાણકારી આપતા FOGAUSAની ટીમ ને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે આગામી 2028-2029ના કન્વેન્શનમાં જરૂર હાજરી આપશે તેમ જણાવ્યું હતું. 23 મે, 2026ને શનિવારના રોજ કન્વેન્શનને વર્ચ્યુઅલી જરૂર સંબોધશે તેમ જણાવ્યું હતું. તે જ રીતે વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ પણ આ જ કારણોસર કન્વેન્શનમાં હાજરી નહીં આપી શકે તેવી જાણ કરી છે.

ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન ઓફ USA (FOGAUSA) આખા અમેરિકાના 100થી વધુ ગુજરાતી સામાજિક, ધાર્મિક અને જાતિ આધારિત સંગઠનો સાથે સંકળાયેલી એક અગ્રણી સંસ્થા છે.

તેના દ્વારા 22 થી 25 મે, 2026 દરમિયાન ફ્લોરિડાના ઓર્લાન્ડોમાં બીજું યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન યોજાઈ રહ્યું છે. આ કન્વેન્શન ઉત્તર અમેરિકામાં વસતા ગુજરાતી સમાજના સૌથી મોટા મેળાવડાઓમાંનું એક બનવાની અપેક્ષા છે.

# જિનપિંગ સાથે 600 વર્ષ જૂના હેવન ટેમ્પલની મુલાકાત લીધી

### ટ્રમ્પે ચીનમાં રોસ્ટ ડક-આઈસ્ક્રીમ ખાધી

(એજન્સી) અમેરિકા। તા. 15

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પ્રવાસનો આજે ત્રીજો દિવસ છે. ટ્રમ્પે ગુરુવારે બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ સાથે 'ટેમ્પલ ઓફ હેવન' જોયું. અહીં તેમની સાથે પુત્ર એરિક અને પુત્રવધૂ લારા પણ હાજર હતા.

આ પછી બંને નેતાઓએ દ્વિપક્ષીય બેઠક કરી. ચીને બુધવારે સાંજે ટ્રમ્પના સન્માનમાં સ્ટેટ ડિનરનું આયોજન કર્યું. ડિનર સમારંભમાં ચીનની ફેમસ ડિશ 'બેઈજિંગ રોસ્ટ ડક' પીરસવામાં આવી. આ ઉપરાંત બીફ રિબ્સ પણ રાખવામાં આવી હતી.

રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પને સારી રીતે રાંધેલું માંસ પસંદ છે, તેથી મેનૂમાં આ વાનગીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મીઠાઈમાં તિરામિસુ, આઈસ્ક્રીમ, તાજા ફળો અને શંખ જેવી દેખાતી ખાસ પેસ્ટ્રી પીરસવામાં આવી હતી.



બીજી તરફ, અમેરિકી મીડિયા ચેનલ ફોક્સ ન્યૂઝના પત્રકારો ચીનની રાજધાની બેઈજિંગના રસ્તા પર પર લાગેલા સેંકડો CCTV કેમેરા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા.

ફોક્સ ન્યૂઝના એક પત્રકારે બેઈજિંગમાં લાગેલા સેંકડો CCTV કેમેરા જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે જણાવ્યું કે તેમના ડ્રાઈવરે બે મિનિટ માટે ખોટી જગ્યાએ કાર પાર્ક કરી દીધી હતી, જેના પછી તેમને 3600 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો.

## અમારી સેના સંપૂર્ણપણે તૈયાર, અમેરિકાને અમારી તાકાતનો સાચો અંદાજ નથી

# ઈરાને કહ્યું- હવે પાછળ હટવાની કોઈ શક્યતા નથી

(એજન્સી) ઈરાન । તા. 15

ઈરાન યુદ્ધ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં ગુજરાતનું વધુ એક માલવાહક જહાજ ડૂબી ગયું. 'હાજી અલી' નામનું જહાજ 13 મેની સવારે ઓમાનના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે તેને કોઈ ડ્રોન કે મિસાઈલ જેવું હથિયાર ટકરાયું.

આ દુર્ઘટના બાદ જહાજમાં આગ લાગી ગઈ, જોકે ઓમાન કોસ્ટગાર્ડે તમામ 14 ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લીધા.

ગુજરાતના દ્વારકા નિવાસી અને જહાજ માલિક સુલતાન અહેમદ અંસારે જણાવ્યું કે MSV હાજી અલી જહાજ બેરબેરા પોર્ટથી શારજાહ જઈ રહ્યું હતું. સવારે લગભગ 3:30 વાગ્યે ઓમાનના દરિયાકિનારા પાસે જહાજ દુર્ઘટનાનો શિકાર બન્યું.

ક્રૂ મેમ્બર્સે જણાવ્યું કે જહાજ સાથે કોઈ વિસ્ફોટક જેવી વસ્તુ ટકરાવાનો અવાજ સંભળાયો હતો. આ પછી જહાજમાં આગ લાગી ગઈ. પરિસ્થિતિ



બગડતાં તમામ 14 ક્રૂ મેમ્બર્સે લાઈફ બોટની મદદથી જહાજ છોડ્યું.

ઈરાની સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ મોહમ્મદ અકરમી નિયાએ બુધવારે કહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલ સાથેના જંગ બાદ હવે પાછળ હટવાની કોઈ શક્યતા નથી.

તેમણે કહ્યું કે ઈરાની સેના અને સુરક્ષા દળો સંપૂર્ણપણે તૈયાર છે, કારણ કે અમેરિકા સાથેનો યુદ્ધવિરામ ઘણો નબળો છે.

અકરમી નિયાએ જણાવ્યું કે હોર્મુઝના પશ્ચિમ ભાગ પર ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ની નેવીનું નિયંત્રણ છે, જ્યારે પૂર્વી ભાગની જવાબદારી ઈરાનની રેગ્યુલર નૌસેના સંભાળી રહી છે.

તેમણે દાવો કર્યો કે ઈરાની સેનાએ દુશ્મનને તેના કોઈપણ હેતુમાં સફળ થવા દીધા નથી. યુદ્ધ દરમિયાન મિડલ ઈસ્ટમાં અમેરિકી સૈન્ય મથકો પર રહેલા અનેક ઉપકરણો (ઈક્વિપમેન્ટ) તબાહ કરી દેવામાં આવ્યા હતા. ઈરાને કહ્યું છે કે હોર્મુઝ સંપૂર્ણપણે બંધ નથી, પરંતુ તે દરેક માટે સંપૂર્ણપણે ખુલ્લું પણ નથી. ઈરાની અધિકારીઓ અનુસાર, આ માર્ગ દુશ્મનો સિવાયના તમામ દેશો માટે ખુલ્લો છે. ઈરાની સરકારી ટીવીએ IRGC સાથે સંકળાયેલા એક અધિકારીને ટાંકીને જણાવ્યું કે બુધવાર રાતથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 30 જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ રડાર પર

(એજન્સી) અમેરિકા । તા. 15

અમેરિકામાં અભ્યાસ કર્યા પછી નોકરી કરવાનું સપનું જોનારા હજારો ભારતીય વિદ્યાર્થીઓ માટે નવી ચિંતા ઊભી થઈ છે. અમેરિકન ઈમિગ્રેશન એજન્સી ICE (ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ) એ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામમાં મોટા પાયે કથિત છેતરપિંડીની તપાસ શરૂ કરી છે. તપાસના દાયરામાં લગભગ 10,000 વિદેશી વિદ્યાર્થીઓ હોવાનું કહેવાય છે, જેમાં મોટી સંખ્યા ભારતીય વિદ્યાર્થીઓની છે.

અમેરિકી અધિકારીઓનો દાવો છે કે ઘણા વિદ્યાર્થીઓએ એવી શેલ કંપનીઓ કે નકલી કંપનીઓ દ્વારા નોકરી બતાવીને પોતાનો વિઝા સ્ટેટસ જાળવી રાખ્યો, જેમનો વાસ્તવિક બિઝનેસ લગભગ નહતો. કેટલીક કંપનીઓ ફક્ત વિદ્યાર્થીઓને કાયદેસર રોજગાર બતાવવા અને વિઝા નિયમોથી બચાવવા માટે જ બનાવવામાં આવી હતી. તપાસમાં ઘણી કંપનીઓના સરનામા ખાલી ઈમારતો, બંધ ઓફિસો કે રહેણાંક મકાનોમાં મળ્યા. કેટલાક કિસ્સાઓમાં કંપનીઓની અમેરિકી ઓફિસને બદલે ભારતમાં બેઠેલા HR એજન્ટો વિદ્યાર્થીઓને મેનેજ કરતા જોવા મળ્યા.

આઈસીઈના કાર્યકારી નિર્દેશક ટોડ લાયન્સે કહ્યું કે જ્યોર્જ ડબલ્યુ બુશ પ્રશાસન દરમિયાન શરૂ કરાયેલા OPT કાર્યક્રમમાં ફક્ત થોડા હજાર લાભાર્થીઓ ટ્રેનિંગ લઈને અને પછી ઘરે પાછા ફરશે તેવી અપેક્ષા હતી. તેના બદલે, OPT દ્વારા લાખો વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકામાં કામ કરી રહ્યા છે. કાર્યક્રમનું કદ વધવાની સાથે જ છેતરપિંડી પણ વધી ગઈ છે. જોકે, તપાસ એજન્સીઓએ સ્પષ્ટ કર્યું છે કે કાર્યવાહી કોઈ ચોક્કસ દેશ કે તમામ ભારતીય વિદ્યાર્થીઓ વિરુદ્ધ નથી.

## મમતાની પાર્ટી પડી ભાંગશે? : મહિલા સાંસદોમાં ભારે રોષ

# કલ્યાણ બેનરજીને ચીફ વ્હિપ બનાવતા TMCના અનેક સાંસદ નારાજ



(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.15

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં અપેક્ષા મુજબનું પરિણામ ન મળ્યા બાદ હવે મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC)માં આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. પક્ષના વડા મમતા બેનરજી દ્વારા લોકસભામાં ચીફ વ્હિપ તરીકે કલ્યાણ બેનરજીની નિમણૂક કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. મમતા બેનરજીએ કાકોલી ઘોષ દસ્તીદારના સ્થાને કલ્યાણ બેનરજીને આ જવાબદારી સોંપી છે, જેના કારણે પાર્ટીના અનેક સાંસદોમાં નારાજગી જોવા મળી રહી છે.

કલ્યાણ બેનરજીની નિમણૂક સામે ખાસ કરીને મહિલા સાંસદોએ બળવાખોર તેવર અપનાવ્યા છે. કલ્યાણ બેનરજી પર ભૂતકાળમાં મહિલા સાંસદો સાથે ગેરવર્તણૂક કરવાના આરોપો લાગતા રહ્યા છે. લોકસભામાં TMCના કુલ 28 સાંસદો છે, જેમાંથી 11 મહિલા સાંસદો છે. આ નિમણૂકને કારણે હવે પાર્ટીમાં ભંગાણ પડવાનો ડર પણ સતાવી રહ્યો છે.

કલ્યાણ બેનરજી અગાઉ પણ મુખ્ય સચેતક પદે હતા, પરંતુ ગયા વર્ષે સાંસદ મહુઆ મોઈત્રા સાથેના જાહેર વિવાદ બાદ તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. કલ્યાણ બેનરજીએ મહુઆ મોઈત્રાના અંગત જીવન વિશે વિવાદિત ટિપ્પણી કરી હતી, જેના જવાબમાં મહુઆએ આકરા પ્રહારો કર્યા હતા. મહુઆએ તે સમયે કહ્યું હતું કે, 'તમે ભૂંડ સાથે કુસ્તી ન લડો, કારણ કે તેમાં ભૂંડને મજા આવે છે અને તમે ગંદા થાઓ છો.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સંસદમાં એવા પુરુષો છે જે સ્ત્રી-વિરોધી અને માનસિક રીતે વિકૃત છે.

મમતા બેનરજીના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાને મળેલી બેઠકમાં કલ્યાણ બેનરજીની ફરી નિમણૂક કરવામાં આવી હતી. આ નિર્ણયથી નારાજ સાંસદો ટૂંક સમયમાં પોતાની ચિંતા વ્યક્ત કરી શકે છે. ચૂંટણી બાદ એકતરફ પાર્ટી સંગઠન મજબૂત કરવાની કોશિશ કરી રહી છે, ત્યારે બીજી તરફ આ પ્રકારનો આંતરિક વિખવાદ TMC માટે નવી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

## કોંગ્રેસના સરકાર સામે પ્રહાર તીખા બન્યા

# ઈંધણના ભાવમાં વધારો થતાં વિપક્ષે સરકારને આડેહાથ લીધી

નવી દિલ્હી: દેશમાં લોકસભાની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાંની સાથે જ પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના દરમાં કરવામાં આવેલા અચાનક વધારાને પગલે દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસે સામાન્ય જનતાના ખિસ્સા પર ઝીંકાયેલા આ આર્થિક ફટકા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ખૂબ જ તીખા પ્રહારો કર્યા છે. વિપક્ષે આ સમગ્ર ઘટનાક્રમને 'મોદી સરકારની વસૂલાત' ગણાવીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સરકાર વિરુદ્ધ એક મોટો મોરચો ખોલ્યો છે. કોંગ્રેસના સત્તાવાર નિવેદનો અને ટ્વિટમાં વડાપ્રધાનને આકરા શબ્દોમાં 'ઈન્ફ્લેશન મેન' એટલે કે મોંઘવારીના જનક તરીકે સંબોધવામાં આવ્યા છે, જેને પગલે શાસક પક્ષ અને વિપક્ષ સામસામે આવી ગયા છે. મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સત્તાવાર સુધારા બાદ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો તોતિંગ વધારો અમલી બની ગયો છે. આ આંચકાની સાથે વાહનચાલકો અને ખાસ કરીને મધ્યમ વર્ગ માટે અત્યંત મહત્વના ગણાતા સીએનજીના ભાવમાં પણ પ્રતિ કિલોગ્રામે ૨ રૂપિયાનો વધારો ઝીંકી દેવાયો છે. આ નવા ભાવવધારાના અમલ સાથે જ પાટનગર દિલ્હીમાં સીએનજીની કિંમત વધીને ૭૯.૦૯ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે પહોંચી ગઈ છે. વિપક્ષી નેતાઓનો આક્ષેપ છે કે સામાન્ય જનતા હજુ મોંઘવારીના જૂના આંચકાઓમાંથી બહાર આવી નથી, ત્યાં સરકારે સત્તાનો દુરુપયોગ કરીને નવો ડામ આપ્યો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના ભાવો વધવા પાછળ મિડલ-ઈસ્ટ એટલે કે પશ્ચિમ એશિયાના દેશોમાં ચાલી રહેલો ભીષણ લશ્કરી તણાવ અને દરિયાઈ માર્ગ ગણાતા હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધીને મુખ્ય કારણ તરીકે જવાબદાર ગણાવવામાં આવી રહ્યું છે. જો કે, કોંગ્રેસે સરકારના આ તર્કને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. વિપક્ષી નેતાઓએ આક્ષેપ કર્યો છે કે આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિ તો માત્ર એક બહાનું છે, અસલ હકીકત એ છે કે ચૂંટણીઓ પૂરી થતાં જ સરકારે જનતા પાસેથી હપ્તા સિસ્ટમથી પૈસા પડાવવાનું શરૂ કરી દીધું છે.

## News Brief

### દિલ્હીમાં સરકારી, ખાનગી કંપનીઓને વર્ક ફ્રોમ હોમ, સમય બદલવા આદેશ

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને પેટ્રોલ-ડીઝલ બચાવવા સહિત અનેક સલાહો આપી હતી, જેનો કેટલાક રાજ્યોએ અમલ શરૂ કર્યો છે. દિલ્હી સરકારે બધી જ સરકારી ઓફિસોમાં બે દિવસ વર્ક ફ્રોમનો આદેશ આપ્યો છે. સાથે જ ખાનગી કંપનીઓને પણ તેનું અનુસરણ કરવા જણાવાયું છે.વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને પેટ્રોલ અને ડીઝલ બચાવવાની સાથે કંપનીઓને વર્ક ફ્રોમ હોમની અપીલ કરી હતી. હવે ભાજપ શાસિત દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે, સરકારી ઓફિસોમાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ રહેશે. ખાનગી કંપનીઓએ પણ આ આદેશ લાગુ કરવાનો રહેશે. સરકારે 'મેરા ભારત મેરા યોગદાન' અભિયાન હેઠળ અનેક પ્રકારના ઉપાયોની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે પેટ્રોલ અને ડીઝલની બચત માટે વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન અપાશે. આ બંને દિવસમાં ૧૦૦ ટકા કર્મચારી ઘરેથી જ પોતાનું કામ કરશે. જોકે, ઈમરજન્સી અને જરૂરી સેવાઓવાળા વિભાગોનો તેમાં સમાવેશ કરાયો નથી. મુખ્યમંત્રી અને મંત્રીઓના વાહનોની સંખ્યામાં કરાયેલા કાપનો ઉલ્લેખ કરતા રેખા ગુપ્તાએ જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો. અધિકારીઓના પેટ્રોલમાં ૨૦ ટકા કાપ મૂકાયો છે. આ સિવાય પ્રત્યેક સોમવારે મંડે મેટ્રો ડે રહેશે અને મંત્રી તથા અધિકારીઓ વધુમાં વધુ સંખ્યામાં તેનો ઉપયોગ કરશે.

## BCI એ પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલ પાસે માંગ્યો જવાબ

# મમતાને વકીલ બનવું ભારે ન પડી જાય, બાર કાઉન્સિલે શરૂ કરી તપાસ, સાબિત નહીં કરે તો થશે કાર્યવાહી!

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.15



પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને TMC સુપ્રીમો મમતા બેનર્જી હાલમાં જ કલકત્તા હાઈકોર્ટમાં વકીલના ગણવેશમાં જોવા મળ્યા હતા. આ ઘટના બાદ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) એ તેમના પ્રેક્ટિસિંગ એડવોકેટ તરીકેના સ્ટેટસ અંગે તપાસ શરૂ કરી દીધી છે. મમતા બેનર્જીએ 1980 ના દાયકાના અંતમાં વકીલ તરીકે નોંધણી કરાવી હતી. જોકે, ત્યારબાદ તેઓ લાંબા સમય સુધી જાહેર જીવનમાં રહ્યા અને સતત ત્રણ ટર્મ સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી. નિયમ મુજબ, જ્યારે કોઈ વકીલ કોઈ નફાકારક પદ અથવા જાહેર હોદ્દો સંભાળે છે, ત્યારે તેમણે પોતાની પ્રેક્ટિસ સ્થગિત કરવાની જાણ કાઉન્સિલને કરવી પડે છે. મમતા બેનર્જીની કોર્ટમાં હાજરીએ સવાલ ઉભો કર્યો છે કે શું તેઓ હાલમાં કાયદેસર રીતે વકીલાત કરવા માટે પાત્ર છે?બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ મામલે કડક વલણ અપનાવતા રાજ્ય બાર કાઉન્સિલને સવાલો કર્યા છે.

શું 2011 થી 2026 સુધી મુખ્યમંત્રી રહેવા દરમિયાન મમતા બેનર્જીએ તેમની પ્રેક્ટિસ સ્થગિત કરવાની જાણકારી કાઉન્સિલને આપી હતી? શું મુખ્યમંત્રી પદ છોડ્યા પછી તેમણે ફરીથી વકીલાત શરૂ કરવા માટે કોઈ સત્તાવાર અરજી કરી હતી?શું તેમની પાસે હાલમાં વકીલાત કરવા માટેનું માન્ય પ્રેક્ટિસ પ્રમાણપત્ર છે? આગામી બે દિવસમાં દસ્તાવેજો રજૂ કરવા આદેશBCI એ પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલને આગામી બે દિવસમાં મમતા બેનર્જીના નામાંકન રજિસ્ટર, સસ્પેન્શન અથવા બહાલીના રેકોર્ડ સહિતના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલો મોકલવા સૂચના આપી છે. જો તપાસમાં જાણવા મળશે કે મમતા બેનર્જીએ નિયમોનું પાલન કર્યું નથી, તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે. કાયદાકીય વ્યવસાયમાં વ્યાવસાયિક ધોરણો અને પ્રામાણિકતા જાળવી રાખવા માટે આ તપાસ જરૂરી હોવાનું BCI એ જણાવ્યું છે. કોઈપણ વ્યક્તિ એક જ સમયે રાજકીય હોદ્દો અને કાયદાકીય પ્રેક્ટિસ બંને કરી શકે નહીં, તેના માટે પ્રોટોકોલનું પાલન કરવું અનિવાર્ય છે.

# બંગાળમાં ચૂંટણી બાદની હિંસા મુદ્દે પોલીસ નિષ્ક્રિય, આ બુલડોઝર રાજ્ય નથી : મમતા

### મમતા બેનરજી કલકત્તા હાઈકોર્ટમાંથી બહાર નીકળતા વકીલોના જૂથે 'ચોર-ચોર'નો સૂત્રોચ્ચાર કરી અરાજક્તા સર્જી



કોલકાતા: તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજી ગુરુવારે વકીલનો કાળો કોટ પહેરી કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યા હતા. તેમણે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછીની હિંસા મુદ્દે પોલીસની નિષ્ક્રિયતા સામે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું કે, આ બુલડોઝર રાજ્ય નથી. બીજીબાજુ આ કેસની સુનાવણી પછી ભૂતપૂર્વ મુખ્યમંત્રી હાઈકોર્ટ પરીસરમાંથી બહાર નીકળતાં હતાં ત્યારે વકીલોના એક વર્ગે 'ચોર-ચોર'નો સૂત્રોચ્ચાર કરતા અરાજક્તા સર્જાઈ હતી.પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પરિણામો પછી તૃણમૂલ કોંગ્રેસ પક્ષની ઓફિસો પર થયેલા કથિત હુમલાના એક કેસમાં દલીલો કરવા માટે ભૂતપૂર્વ સીએમ મમતા બેનરજી પોતે ગુરુવારે કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યા હતા. તેમણે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુજોય પાલની વિભાગીય ખંડપીઠ સમક્ષ અરજી કરતા ચૂંટણી પછી લોકોનું હુમલાખોરોથી રક્ષણ કરવા ન્યાયિક દખલની માગ કરવા આ કેસની તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી.કાયદાની ડિગ્રી ધરાવતા મમતા બેનરજી ગુરુવારે પક્ષના વરિષ્ઠ નેતાઓ અને વકીલો ચંદ્રીમા બેનરજી અને કલ્યાણ બેનરજી સાથે વકીલના કાળા કોટમાં પહેલી વખત કલકત્તા હાઈકોર્ટમાં પહોંચ્યા હતા. તેઓ તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ઉત્તરપારા વિધાનસભા બેઠક પરથી તૃણમૂલના ઉમેદવાર અને કલ્યાણ બેનરજીના પુત્ર સિરસાન્યા બંદોપાધ્યાયે દાખલ કરેલી અરજી માટે દલીલો કરવા હાઈકોર્ટ પહોંચ્યા હતા.તૃણમૂલ સુપ્રીમો મમતાએ અરજીમાં જણાવ્યું કે, ચૂંટણી પરિણામો જાહેર થયા પછી પશ્ચિમ બંગાળમાં લગભગ છ હિન્દુ સહિત ૧૦ લોકોની હત્યા થઈ છે, હિંસાની ૨૦૦૦ ઘટનાઓ નોંધાઈ છે, તૃણમૂલ કોંગ્રેસની ૧૫૦થી ૧૬૦ ઓફિસોમાં તોડફોડ કરાઈ છે. ચૂંટણી હિંસામાં મહિલાઓ, બાળકો અને લઘુમતી સમાજના સભ્યોને નિશાન બનાવાઈ રહ્યા છે.

## પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા કેબિનેટનો કરોડોનો મોટો નિર્ણય

શ્રીનગર: જમ્મુ અને કાશ્મીર ખીણપ્રદેશમાં વસતા નાગરિકોને ઉનાળા અને શિયાળાની ઋતુમાં પડતી વીજળીની ભારે સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે વહીવટીતંત્રે કમર કસી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ઝૈનાકોટ ખાતે આવેલા સબ સ્ટેશનની ક્ષમતા વધારવા માટે ૬૭.૬૬ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ આયોજનથી સમગ્ર શ્રીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વીજળી વહન કરવાની ક્ષમતા બમણી થઈ જશે. તદુપરાંત વારંવાર આવતા પાવર કટ અને વોલ્ટેજની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે, જેનાથી સામાન્ય ગ્રાહકો સહિત નાના ઉદ્યોગોને પણ મોટી આર્થિક રાહત મળશે.મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર અહેવાલ અનુસાર, કેબિનેટ બેઠકમાં સબ સ્ટેશનની ક્ષમતા ૪૫૦ મેગાવોલ્ટ-એમ્પીયરથી વધારીને ૭૮૦ મેગાવોલ્ટ-એમ્પીયર કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ ખીણપ્રદેશની મુખ્ય ગણાતી ૧૩૨ કેવી પામપોર-રાવલપોરા અને રાવલપોરા-બેમિના ટ્રાન્સમિશન લાઈનોના અપગ્રેડેશન અને આધુનિકીકરણ માટે ૨ spark .૪૭ કરોડ રૂપિયાના વધારાના બજેટને પણ લીલી ઝંડી આપી દેવામાં આવી છે. મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ બંને લાઈનો દાયકાઓ જૂની હોવાથી વારંવાર તકનીકી ખામી સર્જાતી હતી, પરંતુ હવે તેના નવીનીકરણથી વીજળીનો બગાડ અટકાવી શકાશે અને લાઈન લોસમાં મોટો ઘટાડો નોંધાશે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બેઠકમાં માત્ર ઉર્જા ક્ષેત્ર જ નહીં પરંતુ પર્યાવરણ અને સ્વચ્છતા જાળવવા માટે પણ એક મોટો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રીનગરના અચાન વિસ્તારમાં ૮૦૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો ઈન્ટિગ્રેટેડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ સ્થાપવા માટે ૩૬૧ કરોડ રૂપિયાના જંગી ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. આ આધુનિક પ્લાન્ટના નિર્માણથી શહેરના કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ શક્ય બનશે.

## ના હોય! NEET 2025નું પેપર પણ લીક થયું હતું? ગેરન્ટીવાળા કોચિંગ સેન્ટરોએ 'ખેલ' કર્યાનો દાવો



(એજન્સી) નવી દિલ્હી | તા.15

NEET 2026 પેપર લીક કાંડમાં સીબીઆઈની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. મુખ્ય આરોપી વિકાસ બિવાલ અને તેના પરિવાર દ્વારા માત્ર 2026 જ નહીં, પરંતુ 2025માં પણ પેપર ખરીદવામાં આવ્યું હોવાની આશંકા હવે દ્રઢ બની છે. આ તપાસમાં એક જ પરિવારના પાંચ સભ્યોની શંકાસ્પદ પસંદગી અને કોચિંગ સંસ્થાઓની ભૂમિકા સામે અનેક સવાલો ઊભા થયા છે. સીબીઆઈની તપાસ મુજબ, ગુરુગ્રામના યશ પાસેથી વર્ષ 2026માં પેપર ખરીદનાર વિકાસ બિવાલે 2025માં પણ માત્ર 25 લાખ રૂપિયામાં પેપર ખરીદ્યું હોવાનું સામે આવ્યું છે. આ લીક થયેલા પેપરની મદદથી વિકાસ અને તેના પરિવારના અન્ય ચાર ભાઈ-બહેનોએ નીટ પરીક્ષામાં અસાધારણ સ્કોર મેળવ્યો હતો. આ તમામ પાંચેય સભ્યો અભ્યાસમાં સરેરાશ હોવા છતાં સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવામાં સફળ રહ્યા હતા. આ ષડયંત્રમાં વિકાસના પિતા માંગીલાલ અને કાકા દિનેશ બિવાલ મુખ્ય સૂત્રધાર હોવાનું મનાય છે.વર્ષ 2025ના પરિણામોમાં સીકરની 'દીપ કરિયર ઈન્સ્ટિટ્યૂટ' દ્વારા એક વિજ્ઞાપન બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં પલક બિવાલ, સાનિયા બિવાલ અને ગુંજન બિવાલના ફોટા સાથે 'સિલેક્શન નહીં તો પૈસા પાછા' જેવી લલચામણી ઓફર મૂકવામાં આવી હતી. નવાઈની વાત એ છે કે આટલી મોટી સફળતાનો દાવો કરનાર કોચિંગ સેન્ટર પરિણામોના થોડા સમય બાદ જ રહસ્યમય રીતે બંધ થઈ ગયું હતું. આ બાબત પેપર લીકના ખેલમાં સંસ્થાની સંડોવણી હોવા તરફ ઈશારો કરે છે. જ્યારે આ મામલે સીકરની પ્રતિષ્ઠિત CLC કોચિંગ સંસ્થાની તપાસ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે બિવાલ પરિવારના સભ્યો ત્યાં નોંધાયેલા તો હતા, પરંતુ તેઓ નિયમિત ક્લાસમાં આવતા નહોતા.

# રાહુલ ગાંધીની 22 વર્ષમાં 54 વિદેશયાત્રા, ફંડ કોણે આપ્યું? : ભાજપ

### રાહુલની આવક 11 કરોડ, વિદેશયાત્રાનો ખર્ચ 60 કરોડ : સંબિત પાત્રા

નવી દિલ્હી: ભાજપના સાંસદ સંબિત પાત્રાએ નવી દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ યોજીને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની વિદેશયાત્રાઓ પર સવાલો ઉઠાવ્યા હતા. સંબિત પાત્રાએ કહ્યું કે ૨૨ વર્ષમાં રાહુલ ગાંધીએ ૫૪ ખાનગી વિદેશયાત્રાઓ કરી તેનું ફંડ કોણે આપ્યું હતું? આ યાત્રાઓ પાછળ ૬૦ કરોડનો ખર્ચ થયો હોવાનો દાવો ભાજપના સાંસદે કર્યો હતો. કોંગ્રેસે વળતો જવાબ પણ આપ્યો હતો. સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીની જે સાર્વજનિક વિદેશયાત્રાઓ છે એની સંખ્યા ૨૨ વર્ષમાં ૫૪ થાય છે. એ પાછળ ૬૦ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ થયો છે. પાત્રાના કહેવા પ્રમાણે આ વિદેશયાત્રાઓમાં અમેરિકા, બ્રિટન, ઈટાલી, જર્મની, વિએટનામ, કમ્બોડિયા, સિંગાપોર, બહેરિન, માલદિવ્સ, કતર, યુએઈ જેવા દેશોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત રાહુલ ગાંધી ઓમાન અને મસ્કત પણ જઈ આવ્યા છે, જેની તેમણે જાહેરાત કરી નથી. આ વિદેશયાત્રાઓ સંસદીય કમિટી, ભારત સરકાર કે કોઈ અન્ય કમિટીએ આનો ખર્ચ ઉઠાવ્યો નથી. આ તમામ દેશોની યાત્રા ખાનગી ધોરણે થઈ હતી અને તેની પાછળ ૬૦ કરોડનો ખર્ચ થયો છે. રાહુલ ગાંધીએ ૨૦૧૪થી ૨૦૨૪ સુધી ચૂંટણી પંચને જે સોગંધનામું આપ્યું છે એ પ્રમાણે તેમની સંપત્તિ ૧૧ કરોડ છે.

# સંરક્ષણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત થતાં સાડા સાત હજાર રોજગારી સર્જાશે

પુટ્ટપર્થી:દેશને સંરક્ષણ ક્ષેત્રે સંપૂર્ણપણે સ્વાવલંબી બનાવવા અને આંધ્રપ્રદેશને સંરક્ષણ ઉત્પાદનનું મોટું હબ બનાવવાના હેતુથી પુટ્ટપર્થી ખાતે એક ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત સહયોગથી અહીં અદ્યતન મધ્યમ લડાયક વિમાન એટલે કે એમસીએ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર અહેવાલ અનુસાર, વડાપ્રધાનના આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ આ પ્રોજેક્ટ દેશની વધતી જતી તકનીકી ક્ષમતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ વિશાળ મિલિટરી પ્રોજેક્ટ માટે પુટ્ટપર્થીમાં આશરે ૬૫૦ એકર જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે, જ્યાં ૧૫,૮૦૩ કરોડ રૂપિયાનું અધધ મૂડી રોકાણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટના કારણે સ્થાનિક સ્તરે અંદાજે ૭,૫૦૦ લોકોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે. મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, દેશના રક્ષામંત્રી રાજનાથ સિંહ, રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને કેબિનેટ મંત્રી નારા લોકેશે સંયુક્ત રીતે આ પ્રોજેક્ટની આધારશિલા મૂકી હતી. આ પ્રસંગે આયોજિત એક ભવ્ય સંરક્ષણ પ્રદર્શનીનું પણ નેતાઓએ નિરીક્ષણ કર્યું હતું, જેમાં અત્યાધુનિક મિસાઈલો, અદ્યતન હથિયારો અને ભવિષ્યના ફાઈટર એરક્રાફ્ટના પ્રોટોટાઈપનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## ઉત્તર પ્રદેશમાં આંધી-તોફાનનો કહેર

# 120 લોકો અને 170 પશુના મોત, અહીં સૌથી વધુ તબાહી

(એજન્સી) નવી દિલ્હી | તા.15

કુદરતનો કહેર જોવા મળ્યો છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં આવેલા ભીષણ તોફાન, ભારે વરસાદ અને વીજળી પડવાની ઘટનાઓએ ભારે તબાહી મચાવી છે. આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં 120 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે 100થી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઉપરાંત, 170 પશુઓના મોત થયા છે અને 227 જેટલા મકાનોને નુકસાન પહોંચ્યું છે. યોગી આદિત્યનાથે આ ગંભીર પરિસ્થિતિની નોંધ લેતા અધિકારીઓને કડક સૂચના આપી છે. તેમણે અસરગ્રસ્ત પરિવારોને 24 કલાકની અંદર આર્થિક સહાય અને રાહત સામગ્રી પહોંચાડવા જણાવ્યું છે. રાજ્યના 26 જિલ્લાઓ આ તોફાનથી પ્રભાવિત થયા છે, જ્યાં વૃક્ષો ધરાશાયી થવા અને વીજળીના થાંભલા પડી જવાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વહીવટીતંત્રને પીડિત પરિવારો સાથે સીધો સંપર્ક કરી દરેક શક્ય મદદ પૂરી પાડવા આદેશ અપાયો છે.આ તોફાને પ્રયાગરાજમાં સૌથી વધુ વિનાશ વેર્યો છે, જ્યાં અલગ-અલગ ઘટનાઓમાં કુલ 21લોકોના મોત થયા છે. ગ્રામીણ વિસ્તારોમાં કાચા મકાનો પડી જવાથી અને વીજળી પડવાથી મોટી જાનહાનિ થઈ છે. એવી જ રીતે ભદોહી જિલ્લામાં પણ તોફાનને કારણે 16 લોકોએ જીવ ગુમાવ્યા છે. અહીં પણ તેજ પવનને કારણે અનેક સ્થળોએ વૃક્ષો ઉખડી ગયા હતા અને મકાનોને ભારે નુકસાન થયું હતું.ફતેહપુર અને પ્રતાપગઢ જિલ્લામાં પણ પરિસ્થિતિ ગંભીર છે. ફતેહપુરમાં દીવાલ પડવાની ઘટનાઓમાં 11 લોકોના મોત થયા છે. પ્રતાપગઢમાં વીજળી પડવાથી અને સિમેન્ટના શેડ નીચે દબાઈ જવાથી 4 લોકોએ જીવ ગુમાવ્યા છે. કાનપુર દેહાત, દેવરિયા અને સોનભદ્ર જિલ્લામાં પણ વીજળી પડવાને કારણે અનેક લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.રાજ્ય સરકાર દ્વારા મહેસૂલ અને કૃષિ વિભાગને નુકસાનીનો સરવે કરવાના આદેશ આપવામાં આવ્યા છે. તોફાનને કારણે પાકને થયેલા નુકસાન અને મકાનોના નુકસાન અંગેનો રિપોર્ટ તૈયાર કરી સરકારને સોંપવામાં આવશે. અસરગ્રસ્તોને વીમા કંપનીઓ અને સરકારી નિયમો અનુસાર વળતર આપવાની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે જેથી પીડિતોને વહેલી તકે મદદ મળી શકે.

# NFR વિશ્વ પર્યાવરણ દિવસ, 2026 ની ઉજવણી આબોહવા પરિવર્તન પર ખાસ ભાર સાથે કરશે

(એજન્સી) માલીગાંવ | તા.15

ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે 15 મે થી 5 જૂન, 2026 સુધી તેના તમામ વિભાગો અને એકમોમાં જાગૃતિ કાર્યક્રમો અને પર્યાવરણીય સંરક્ષણ પ્રવૃત્તિઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરશે.આ વર્ષના કાર્યક્રમની થીમ, 'આબોહવા પરિવર્તન', પર્યાવરણીય સંરક્ષણ, ટકાઉ પ્રથાઓ અને ભાવિ પેઢીઓ માટે ગ્રહનું રક્ષણ કરવાની સામૂહિક જવાબદારીના મહત્વ પર પ્રકાશ પાડશે.આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રેલ્વે કર્મચારીઓ, મુસાફરો અને સામાન્ય લોકોમાં પર્યાવરણીય ટકાઉપણું, સ્વચ્છતા અને સંરક્ષણ જાગૃતિને પ્રોત્સાહન આપવાનો છે. આ સમયગાળા દરમિયાન, NFR નેટવર્કમાં વૃક્ષારોપણ અભિયાન, સ્વચ્છતા અભિયાન, જાગૃતિ રેલીઓ, સેમિનાર અને પર્યાવરણને અનુકૂળ પહેલ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા, રેલ્વે સ્ટેશનો અને વસાહતોમાં સ્વચ્છતા જાળવવા, પાણી



સંરક્ષણ અને રેલ્વે કામગીરીમાં ગ્રીન પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા પર ખાસ ભાર મૂકવામાં આવશે.

આ ઝુંબેશમાં રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને સામાજિક સંગઠનો સક્રિયપણે ભાગ લે તેવી અપેક્ષા છે.હરિયાળીને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણીય જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે સ્ટેશનો, રેલવે વસાહતો, ઓફિસો, ફેક્ટરીઓ અને અન્ય રેલવે પરિસરમાં મોટા પાયે વૃક્ષારોપણ ઝુંબેશનું આયોજન કરવામાં આવશે.ઉત્તરપૂર્વ સરહદી રેલવેએ સતત વિવિધ પર્યાવરણને અનુકૂળ પગલાં લીધા છે અને ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ રેલવે કામગીરી માટે પ્રતિબદ્ધ છે.આ કાર્યક્રમ 5 જૂન, 2026 ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે NFR ના તમામ વિભાગોમાં વિશેષ કાર્યક્રમો, જાગૃતિ પ્રવૃત્તિઓ અને પર્યાવરણીય પ્રતિજ્ઞા સાથે સમાપ્ત થશે.

# કર્ણાટકની સ્કૂલ-કોલેજોમાં હિજાબ પરનો પ્રતિબંધ હટાવાયો

કર્ણાટક : કર્ણાટક સરકારે વર્ષ 2022માં સ્કૂલ યુનિફોર્મ અંગે આપેલા વિવાદિત આદેશને પાછો ખેંચી લીધો છે. નવા દિશાનિર્દેશો મુજબ, હવે સરકારી અને ખાનગી શાળાઓ તેમજ પ્રી-યુનિવર્સિટી કોલેજોમાં વિદ્યાર્થીઓ નિર્ધારિત યુનિફોર્મની સાથે પરંપરાગત અને ધાર્મિક પ્રતીકો ધારણ કરી શકશે. સરકારના આ નિર્ણયથી લાંબા સમયથી ચાલી રહેલા હિજાબ વિવાદ અને અન્ય ધાર્મિક પ્રતીકો અંગેના અવરોધો દૂર થવાની શક્યતા છે. નવા નિયમો મુજબ, હવે વિદ્યાર્થીઓ શાળામાં પાઘડી, જનોઈ, રુદ્રાક્ષ કે હિજાબ જેવા ધાર્મિક અને પરંપરાગત પ્રતીકો ધારણ કરી શકશે. જોકે, આ માટે મુખ્ય શરત એ છે કે તેનાથી શાળાની શિસ્ત જળવાવી જોઈએ અને વિદ્યાર્થીની ઓળખ કે સુરક્ષામાં કોઈ અવરોધ ન આવવો જોઈએ. આ વસ્તુઓ યુનિફોર્મની સાથે એવી રીતે પહેરવાની રહેશે કે જેથી શિક્ષણના વાતાવરણ પર કોઈ ખરાબ અસર ન પડે અને શાળાની મર્યાદા જળવાઈ રહે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે માત્ર ધાર્મિક પ્રતીકો પહેરવાને કારણે કોઈ પણ વિદ્યાર્થીને વર્ગખંડ, પરીક્ષા કે શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પ્રવેશતા અટકાવી શકાશે નહીં. આ સાથે જ કોઈ વિદ્યાર્થીને આવા પ્રતીકો પહેરવા કે ઉતારવા માટે મજબૂર પણ કરી શકાશે નહીં.

ગાંધીનગર | રશિયા-યુક્રેન સહિતની વૈશ્વિક યુદ્ધની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની અફડાતફડી વચ્ચે ગાંધીનગરના વાહનચાલકોએ હવે સ્માર્ટ વિકલ્પ પસંદ કર્યો છે. પેટ્રોલ પંપ પરની લાંબી કતારો અને મોંઘા ઇંધણને તિલાંજલિ આપીને પાટનગરના લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) તરફ વળ્યા છે. વર્ષ 2026ના શરૂઆતના પાંચ મહિનામાં જ EVના ગ્રાફમાં 35%નો વધારો નોંધાયો છે. કુલ 28,070 નવા વાહનો રજિસ્ટર થયા છે, જેમાંથી 1,528 વાહનો માત્ર ઈલેક્ટ્રિક સેગમેન્ટના છે.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 16 MAY-2026

AHMEDABAD


## વર્ક ફ્રોમ હોમ ચકાસવા CMના નિર્દેશ:ઓનલાઈન મિટિંગ કરવા સૂચના

ગાંધીનગરમાં મળેલી ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં ઇંધણ બચત, સરકારી ખર્ચમાં ઘટાડો અને જાહેર પરિવહનને મજબૂત બનાવવાના મુદ્દે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તમામ મંત્રીઓને પોતાના વિભાગોમાં ખર્ચ ઘટાડવા માટે સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા. ખાસ કરીને પેટ્રોલ-ડીઝલના વપરાશ અને સરકારી ખર્ચ ઘટાડવા માટે તાકીદ કરવામાં આવી હતી. જ્યારે દરેક વિભાગને ઓનલાઈન મિટિંગ કરવા સૂચના આપી છે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આવતીકાલથી રાજ્યમાં જાહેર પરિવહન વધુ મજબૂત બનાવવા માટે 300 નવી ST બસો સીધી સેવામાં મૂકવામાં આવશે.



# પેટ્રોલ-ડીઝલ ₹3-3 પ્રતિ લિટર મોંઘા, સરકારનો 'મિડનાઈટ શોક'

## :સુરતમાં 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા, વડોદરામાં સરકારી વાહન ટેમ્પો ભરી ડીઝલ લઈ ગયું : 'પૂરતો જથ્થો છે, પેનિક થવાની જરૂર નથી'

સુરત | દેશ સહિત ગુજરાતમાં ગઈકાલે(14 મે) મોડી રાત્રે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આકરો વધારો કરવામાં આવતા સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક બોજ પડ્યો છે. પેટ્રોલમાં પ્રતિ લિટર 2.99નો વધારો થતા નવો ભાવ 97.50 થયો છે, જ્યારે ડીઝલમાં 3.09નો વધારો થતા તે 93.29 પર પહોંચ્યું છે. સામાન્ય રીતે ઈંધણના ભાવમાં ફેરફાર રાત્રે 12 વાગ્યે થતો હોય છે, પરંતુ આ વખતે પ્રથમવાર રાત્રે 3 વાગ્યે પંપ સંચાલકોને સૂચના આપી તાત્કાલિક અસરથી નવા ભાવ લાગુ કરી દેતા ગ્રાહકોમાં આશ્ચર્ય અને આક્રોશ જોવા મળ્યો છે. અચાનક અમલી બનેલા આ વધારાને કારણે વહેલી સવારે પંપ પર પહોંચેલા વાહનચાલકોને આર્થિક ફટકો પડ્યો હતો.

પેટ્રોલ પુરાવવા આવેલા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેઓ કહી રહ્યા છે કે ચૂંટણી જીતી ગયા એટલે મોંઘવારીનો ડોઝ આપી દીધો. તો કેટલાક લોકો તો એવું પણ બોલ્યા કે ભાવ સામે પગાર વધવાનો નિયમ લાવો.

આ બધા વચ્ચે સુરતના કેટલાક વિસ્તારના કેટલાક પેટ્રોલ પંપ પર 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા છે. તો વડોદરામાં એક પેટ્રોલ પંપ પર સરકારી વાહન ટેમ્પો ભરી ડીઝલ લઈ જતું જોવા મળ્યું હતું.

અમદાવાદમાં યુનાઈટેડ પેટ્રોલિયમ ડીલર એસોસિયેશનના પ્રમુખ અરવિંદ ઠક્કરે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી યુદ્ધની પરિસ્થિતિ ચાલી રહી છે. જેના કારણે પેટ્રોલની સપ્લાયમાં ઘણી પ્રોબ્લેમ આવી રહી છે. જે બેલર 70 અને 80 ડોલર હતા તે અત્યારે 140 ડોલર સુધી પહોંચી ગયા છે. જેથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ખૂબ જરૂરી હતો. તેમ છતાં




ભારત સરકારે ઘણા સમય સુધી ગ્રાહકોને ચિંતા કરી ભાવમાં વધારો કર્યો ન હતો. તેથી રોજનું 2500 કરોડનું નુકસાન પેટ્રોલ ડીઝલમાં સહન કરવું પડ્યું હતું. જેથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ત્રણ રૂપિયા વધારો કરવામાં આવ્યો છે. પૂરતો જથ્થો છે કોઈએ પણ પેનિક થવાની જરૂર નથી. દરેક પેટ્રોલ પંપ પર જોઈએ તેટલું પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ છે. અત્યારે ભારત સરકારને પેટ્રોલમાં એક લીટરે 20નું અને ડીઝલમાં 40 રૂપિયાનું નુકસાન છે. જેથી હવે આગામી દિવસમાં પણ ભાવ વધારો થાય છે કે નહીં તે સરકાર નક્કી કરશે. અગાઉ 2022માં ભાવ વધારો કરવામાં આવ્યો હતો. આવતીકાલથી ક્યાંય પણ પેટ્રોલપંપ પર લાઈન જોવા મળશે નહીં.

સુરતના વરાછા, કતારગામ, ગોથાણ અને વેલંજા સહિતના વિસ્તારોમાં સ્ટોક ખાલી થઈ જવાને કારણે અનેક પેટ્રોલ પંપો પર 'પેટ્રોલ-ડીઝલ નથી' તેવા બોર્ડ મારીને કામગીરી બંધ કરી દેવામાં આવી છે. નવા સ્ટોકની આવક ન થવાને લીધે સર્જાયેલી આ અછત વચ્ચે કેટલાક પંપો પર માત્ર પ્રીમિયમ પેટ્રોલનું જ વેચાણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે સામાન્ય જનતાએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજકોટના બિટ્ટુ ગાંધીએ જણાવ્યું હતું કે, પેટ્રોલ એ દરેક વ્યક્તિની દૈનિક જરૂરિયાત છે અને તેના ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટેશન અને કુરિયર ચાર્જ સહિતની તમામ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થશે. તેમણે સરકારની નીતિઓ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, એકતરફ જનતાને પેટ્રોલ બચાવવાની અને સોનું ન ખરીદવાની સલાહ આપવામાં આવે છે, જ્યારે બીજી તરફ મંત્રીઓના કાફલામાં જે રીતે અઢળક લિટર પેટ્રોલનો ધૂમાડો કરવામાં આવે છે તેનો કોઈ હિસાબ લેવામાં આવતો નથી. મંત્રીઓના કાફલા પાછળ થતા ઈંધણના ખર્ચને તેમણે ચર્ચાનો વિષય ગણાવ્યો હતો. અને જણાવ્યું હતું કે, પેટ્રોલના ભાવમાં થયેલો વધારો મધ્યમ વર્ગના લોકોના ઘરના બજેટ પર અત્યંત ખરાબ અસર પાડશે.

સુરતમાં અન્ય એક નોકરિયાત રઝિયાએ જણાવ્યું હતું કે ચૂંટણી પત્યા પછી આ અપેક્ષિત જ હતું અને તેનાથી મધ્યમ વર્ગનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ જશે.

સુરતમાં હાઉસકિપિંગમાં કામ કરતા પ્રવીણભાઈએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 10 હજારના પગારમાં તેલનો ડબ્બો લાવવો કે ગાડીમાં પેટ્રોલ નખાવવું? શાકમાં કઈ પેટ્રોલ થોડું નખાય છે!

### 'જનતાને પેટ્રોલ બચાવવા સલાહ, મંત્રીઓના કાફલામાં અઢળક લિટરનો ધુમાડો'

રાજકોટના બિટ્ટુ ગાંધીએ જણાવ્યું હતું કે, પેટ્રોલ એ દરેક વ્યક્તિની દૈનિક જરૂરિયાત છે અને તેના ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટેશન અને કુરિયર ચાર્જ સહિતની તમામ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થશે. તેમણે સરકારની નીતિઓ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, એકતરફ જનતાને પેટ્રોલ બચાવવાની અને સોનું ન ખરીદવાની સલાહ આપવામાં આવે છે, જ્યારે બીજી તરફ મંત્રીઓના કાફલામાં જે રીતે અઢળક લિટર પેટ્રોલનો ધૂમાડો કરવામાં આવે છે તેનો કોઈ હિસાબ લેવામાં આવતો નથી. મંત્રીઓના કાફલા પાછળ થતા ઈંધણના ખર્ચને તેમણે ચર્ચાનો વિષય ગણાવ્યો હતો. અને જણાવ્યું હતું કે, પેટ્રોલના ભાવમાં થયેલો વધારો મધ્યમ વર્ગના લોકોના ઘરના બજેટ પર અત્યંત ખરાબ અસર પાડશે.

# ગુજરાતને મળ્યો ભારતનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર

## અમદાવાદ–ધોલેરા વચ્ચે બનશે 134 કિમી લાંબો બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ કોરિડોર

(એજન્સી) અમદાવાદ | તા. 15

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતોની મંત્રિમંડળીય સમિતિ (CCEA) એ ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર આપતાં અમદાવાદ (સરખેજ)- ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે. અંદાજે 20,667 કરોડના ખર્ચવાળો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ હશે, જેમાં ભવિષ્યમાં નમો ભારત ટ્રેનો નું સંચાલન કરવામાં આવશે. લગભગ 134 કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આવનાર ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તથા લોથલ ખાતે આવેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી આપશે. પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ 220 કિમી પ્રતિ કલાક અને પરિચાલન ગતિ 200 કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. કોરિડોર પર કુલ 13 સ્ટેશનો વિકસાવવામાં આવશે.પ્રોજેક્ટ હેઠળ 3 મેગા બ્રિજ, 74 કિલોમીટર વાયાડક્ટ, 39 રોડ અંડર બ્રિજ અને 2 રેલ ઓવર રેલ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. કુલ ટ્રેક લંબાઈ અંદાજે 293 કિલોમીટર રહેશે. પ્રોજેક્ટને આગામી 4 વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું:"અમદાવાદ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતના રેલવે ઈતિહાસમાં નવી શરૂઆત છે. આ માત્ર એક રેલ લાઈન નથી, પરંતુ 'ન્યૂ ઈન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતીય રેલવે આત્મનિર્ભર ભારતના વિઝનને નવી ગતિ આપી રહ્યું છે. સ્વદેશી ટેકનોલોજી આધારિત આ પ્રોજેક્ટ ભવિષ્યમાં સમગ્ર દેશમાં સેમી હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણનો આધાર બનશે."ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસે જણાવ્યું:"માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી અને માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીના દુરંદર્શી નેતૃત્વ હેઠળ મંજૂર થયેલો આ પ્રોજેક્ટ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં નવો અધ્યાય સાબિત થશે."મંડળ રેલ પ્રબંધક (DRM), અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું:"માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજીના માર્ગદર્શન હેઠળ ભારતીય રેલવેને આ ઐતિહાસિક પ્રોજેક્ટના અમલીકરણનો ગૌરવ પ્રાપ્ત થયો છે. 134 કિલોમીટર લાંબો આ કોરિડોર એક્સપ્રેસવેની સમાનાંતર નવી એલાઈનમેન્ટ પર વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદ અને ધોલેરા વિસ્તારને વિશ્વસ્તરીય રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. તેના કારણે મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આધુનિક મુસાફરી સુવિધા મળશે તેમજ વિસ્તારમાં ઉદ્યોગ, લોજિસ્ટિક્સ અને રોજગારમાં પણ નવી ગતિ મળશે."તેમણે વધુમાં જણાવ્યું કે વિશ્વનો પ્રથમ બ્રોડગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર હવે ગુજરાતમાં બનવા જઈ રહ્યો છે. પ્રથમ વખત વિશ્વમાં કોઈ સેમી હાઈ-સ્પીડ ટ્રેન 220 કિમી પ્રતિ કલાકની ઝડપે બ્રોડગેજ ટ્રેક પર દોડશે. આ સમગ્ર પ્રોજેક્ટ અને ટ્રેન સંપૂર્ણપણે "મેક ઈન ઈન્ડિયા" ટેકનોલોજી પર આધારિત હશે. ટ્રેનમાં અત્યાધુનિક "કવચ 5.0" સુરક્ષા પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે, જેના દ્વારા સુરક્ષા અને ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શનનું નવું માનક સ્થાપિત થશે. અત્યાર સુધી વિશ્વમાં સેમી હાઈ-સ્પીડ ટ્રેનો મુખ્યત્વે સ્ટાન્ડર્ડ ગેજ પર ચાલતી રહી છે, પરંતુ ભારત પ્રથમ વખત બ્રોડગેજ નેટવર્ક પર 220 કિમી પ્રતિ કલાકની ગતિનું સફળ મોડલ વિકસાવવા જઈ રહ્યું છે. આ માત્ર એક રેલ પ્રોજેક્ટ નથી, પરંતુ ભારતીય એન્જિનિયરિંગ, આત્મનિર્ભરતા અને રેલવે આધુનિકીકરણનો ઐતિહાસિક અધ્યાય છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદ અને ધોલેરા વચ્ચેનો મુસાફરી સમય ઘટીને લગભગ 1 કલાકથી પણ ઓછો રહેશે તેમજ ધોલેરાને સીધા અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ કોરિડોર સાથે જોડવામાં પણ મદદ મળશે.

### પ્રોજેક્ટના મુખ્ય લાભો

અંદાજે 284 ગામો અને 5 લાખથી વધુ વસ્તીને સીધો લાભ

દર વર્ષે અંદાજે 20 લાખ ટન વધારાની માલવહન ક્ષમતા

લોજિસ્ટિક ખર્ચમાં દર વર્ષે અંદાજે ₹54 કરોડની બચત

નિર્માણ તબક્કામાં અંદાજે 91 લાખ માનવ-દિવસ રોજગાર સર્જન

અંદાજે 0.48 કરોડ લિટર ઇંધણની વાર્ષિક બચત

•અંદાજે 2 કરોડ કિલોગ્રામ $CO_2$ ઉત્સર્જનમાં ઘટાડો — જે લગભગ 10 લાખ વૃક્ષારોપણ જેટલા પર્યાવરણલક્ષી લાભ સમાન છે

•સાબરમતી, ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સ્ટેશનો પર મેટ્રો નેટવર્ક સાથે એકીકરણ

સાબરમતી સ્ટેશન પર બુલેટ ટ્રેન કનેક્ટિવિટી

મોરૈયા (સાણંદ) ખાતે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને ભીમનાથ લોજિસ્ટિક હબ સાથે જોડાણ

## વિદ્યાર્થીઓનું સશક્ત ભવિષ્ય જ રાજ્યની સાચી સંપત્તિ છે": આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા



અમદાવાદ | સિદ્ધપુર ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલના ઈન્ટર્ન ડોક્ટરો માટે રાજ્ય સરકારશ્રીએ સંવેદનાથી ભરેલો અને વિદ્યાર્થીઓના ભવિષ્યને મજબૂત બનાવતો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અગાઉ માસિક રૂ. ૧૨,૦૦૦ મળતું સ્ટાઈપેન્ડ હવે વધારીને રૂ. ૨૦,૧૯૦ કરવામાં આવ્યું છે, જેને કારણે સમગ્ર કોલેજ પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે. કોલેજના ડીનશ્રી અને વહીવટી વિભાગ દ્વારા ગુજરાતના લોકપ્રિય અને વિદ્યાર્થીહિતેચ્છુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા સમક્ષ ઈન્ટર્ન ડોક્ટરોને સરકારી ધોરણ મુજબ યોગ્ય સ્ટાઈપેન્ડ મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી. સરકારશ્રીએ વિદ્યાર્થીઓની લાગણી અને પરિશ્રમને સમજતા માંગણીને સકારાત્મક સ્વીકારી આ વધારો જાહેર કર્યો છે. ઈન્ટર્નશિપ દરમિયાન દિવસ-રાત દર્દીઓની સેવા આપતા યુવા ડોક્ટરો માટે આ નિર્ણય માત્ર આર્થિક સહારો નથી, પરંતુ તેમની મહેનત, સમર્પણ અને સપનાઓને મળેલી સરકારશ્રીની સંવેદનાત્મક કદર છે. આ વધારાથી વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા, આત્મવિશ્વાસ અને સેવાભાવ વધુ મજબૂત બનશે.સિદ્ધપુર ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના સર્વે ડોક્ટર સ્ટાફ, અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓએ રાજ્ય સરકારના આ વિદ્યાર્થીહિતના ઐતિહાસિક નિર્ણયને વધાવી લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો."વિદ્યાર્થીઓના સપનાઓને નવી ઉડાન આપતો આ નિર્ણય માત્ર સહાય નહીં, પરંતુ યુવા શક્તિ પ્રત્યે સરકારના વિશ્વાસ અને સંવેદનાનો જીવંત પુરાવો છે."

## માંડલમાં ગમખ્વાર ઘટના: રેતી ભરતા સમયે વિશાળ ભેખડ ધસી પડતા બે યુવાનોના કમકમાટીભર્યા મોત

(એજન્સી) અમદાવાદ | તા. 15

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના શેર-રખિયાણા ગામની સીમમાં આજે એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો હતો. અહીં પાણીના વોંકળામાં રેતી ભરવા ગયેલા બે યુવાનો ઉપર અચાનક વિશાળ ભેખડ ધસી પડતા બંનેના ઘટનાસ્થળે જ દટાઈ જવાથી મોત નિપજ્યા હતા. મળતી વિગતો અનુસાર, શેર-રખિયાણા ગામના અલ્પેશભાઈ ઠાકોર અને સાહિલભાઈ ઠાકોર નામના બે યુવાનો ટ્રેક્ટર લઈને ગામની સીમમાં આવેલા વોંકળામાં રેતી ભરવા માટે ગયા હતા.

જ્યારે તેઓ ટ્રેક્ટરમાં રેતી ભરી રહ્યા હતા, ત્યારે ઉપરની તરફથી અચાનક જ માટી અને રેતીનો મોટો જથ્થો ધરાશાયી થયો હતો. આ વિશાળ ભેખડ બંને યુવાનો પર પડતા તેઓ બહાર નીકળી શક્યા નહોતા અને ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોએ



ભારે જહેમત બાદ ભેખડ નીચે દટાયેલા યુવાનોના મૃતદેહો બહાર કાઢ્યા હતા. બનાવની જાણ પોલીસને કરવામાં આવતા માંડલ પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે પંચનામું કરી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે વિરમગામ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## "AI નો આદિજાતિ વિકાસમાં ઉપયોગ" વિષય પર એક દિવસીય સેમિનારનું ગાંધીનગર ખાતે કરાયું આયોજન

(એજન્સી) ગાંધીનગર | તા. 15

ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા દેશભરમાં જનજાતીય વસ્તી ધરાવતા રાજ્યોમાં તા. 10 મે થી 09 જૂન, 2026 દરમિયાન 'જનજાતીય ગરિમા ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના નેતૃત્વમાં ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી-TRI દ્વારા બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે આજે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AIનો આદિજાતિ વિકાસમાં ઉપયોગ' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગના નિયામક શ્રી આશિષ



કુમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે આદિજાતિ વિકાસ વિભાગના નિયામક શ્રી આશિષ કુમારે જણાવ્યું હતું કે, વહીવટી પ્રક્રિયાઓને વધુ સુદ્રઢ બનાવવા આશ્રમશાળાઓ, સરકારી હોસ્ટેલો અને ક્લાસરૂમના ડેઇલી મોનિટરિંગ માટે AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. સરકારી વિભાગો પાસે ઉપલબ્ધ વિશાળ ડેટા સેટ્સ, લાભાર્થીઓની માહિતી અને વિદ્યાર્થીઓના ડેટાનું સચોટ એનાલિસિસ કરવા માટે AI અત્યંત ઉપયોગી સાબિત થશે. તેમણે કર્મયોગીઓને આહવાન કર્યું હતું કે, જો તેમની પાસે વહીવટી સુધારણા કે મોનિટરિંગને લગતા કોઈ મજબૂત પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ્સ હોય, તો તેના સ્માર્ટ સોલ્યુશન્સ તૈયાર કરવા જેથી તેને વ્યાપક સ્તરે લાગુ કરી શકાય.

## મહાવીર જંયતી અને શાંતિનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમ પાલડી ખાતે યોજાયો

ગાંધીનગર | ગુજરાત રાજ્ય સંગીત અને નાટક અકાદમી ગાંધીનગર ના આર્થિક સહયોગથી રિધમ કોમ્યુનિકેશન ભાવિક શાહ પ્રસતુત. અહિસા ની અસ્મિતા ને ઉજાગર કરતો ગુજરાતી ગીત - લોક સંગીત . જૈન સંગીતોતસ્વ નો કાર્યક્રમ ૧૪ મે ગુરૂવારે અરિહંત શાંતિ વર્ધક શ્રવેતાંબર મૂતિ પૂજક જૈન સંઘ.અષાઢી એવન્યુ એઈમ્સ હોસ્પિટલ પાલડી ખાતે યોજવા મા આવેલ આ કાર્યક્રમ મા સની શાહ ને સાથી કલાકારોએ ગીતો ની રમઝટ બોલાવી હતી કાર્યક્રમ મા આમંત્રિત મહેમાનો નુ મોમેન્ટો.મોતીનીમાળા શ્રીફળ તેમજ પેન આપી ને બહુમાન કરવા મા આવ્યુ હતુ મ્યુનિસિપલ કાઉન્સિલર જૈનિક વકિલ .ચેતના બેન પટેલ .કાંતિબેન ગાંધી .દશરથ ભાઇ ઠાકોર તેમજ જૈન સમાજ લોકો મોટી સંખ્યા મા હાજર રહયા હતા.

## પેટ્રોલ-ડીઝલ બચાવવા AMC ના અધિકારીઓ માટે કાર પુલીંગ કરવા આદેશ કરાયો

અમદાવાદ | વૈશ્વિક સ્તરે સર્જાયેલી પરિસ્થિતિમાં પેટ્રોલ અને ડીઝલ બચાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ માટે કારપુલીંગ કરીને જવા કમિશનર બંછાનિધિ પાનીએ આદેશ કર્યો છે.એક પરિપત્રમાં જે અધિકારીઓને ફીલ્ડ વિઝીટમાં જવાનુ હોય તેમણે ટુ વ્હીલર શેરીંગ કરીને જવા સુચના આપવામા આવી છે.એ.એમ.ટી.એસ.,બી.આર.ટી.એસ.તથા મેટ્રો જેવા પબ્લિક ટ્રાન્સપોર્ટનો મહત્તમ ઉપયોગ કરવા કહેવામા આવ્યુ છે. જે કર્મચારીઓ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમા અથવા નજીકની મ્યુનિસિપલ ઓફિસમાં આવવા કે જવા માટે કારનો ઉપયોગ કરતા હોય તો તેઓએ તેમના રહેઠાણની નજીક રહેતા કર્મચારીઓ સાથે ઓફિસ આવવા અને જવા માટે કારપુલીંગ કરવાનુ રહેશે.એ.એમ.ટી.એસ.તથા બી.આર.ટી.એસ.ની હાલમાં ૧૫૩૦ બસ કાર્યરત છે. આગામી સમયમાં નવી ૧૪૦૫ બસ મુકવામા આવનાર છે. આ પરિસ્થિતિમાં કોર્પોરેશનમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે.

# પ્રોટોકોલને બદલે પ્રજાને પ્રાધાન્ય આપતો ગુજરાત સરકારનો ઐતિહાસિક અભિગમ

(એજન્સી) ગાંધીનગર | તા. 15

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સંસાધનોના કરકસરભર્યા ઉપયોગ અને 'ઈંધણ બચાવો' માટે કરેલી અપીલને ગુજરાત સરકારે સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આવતીકાલથી રાજ્યના વિવિધ રૂટો પર એકસાથે ૩૦૦ નવી અત્યાધુનિક બસો સીધી જ જનતાની સેવામાં કાર્યરત કરવામાં આવશે.આ નિર્ણયની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, આટલી મોટી સંખ્યામાં બસોનું લોકાર્પણ હોવા છતાં, કોઈ પણ પ્રકારના ભવ્ય ઉદ્ઘાટન સમારોહ, રીબન કટીંગ કે પ્રોટોકોલ મુજબના વીઆઈપી કાર્યક્રમો યોજવામાં આવશે નહીં. રાજ્ય સરકારના આ અભિગમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્સવોને બદલે જનકલ્યાણને સર્વોપરી રાખવાનો છે.નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોની પરિવહન સુવિધાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના હેતુથી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ GSRTC દ્વારા આ પ્રેરણાદાયી નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે આવા મોટા પ્રોજેક્ટ્સના લોકાર્પણ પ્રસંગે બસોને દૂર-દૂરથી પ્રોટોકોલ મુજબ કાર્યક્રમ સ્થળે લાવવા-લઈ જવામાં અને ભવ્ય આયોજનોમાં હજારો લિટર ઈંધણ તેમજ લાખો રૂપિયાના સરકારી નાણાંનો વ્યય થતો હોય છે.વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઈંધણની બચત સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરી શકાય તે હેતુથી મુખ્યમંત્રીશ્રીએ 'ઝીરો સેરેમની'નો સંકલ્પ કર્યો છે. રાજ્ય સરકારના નિર્ણયના અમલીકરણ સાથે જ આ ૩૦૦ નવી બસો સીધી જ નિર્ધારિત ડેપો પરથી સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ માટે રૂટ પર દોડતી થઈ જશે તેમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.જ્યારે પણ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે જનતાને તાત્કાલિક સુવિધા આપવી એ જ સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. આ અભિગમ સ્પષ્ટ કરે છે કે સરકાર માટે નેતાઓના સત્કાર અને સ્ટેજ કાર્યક્રમો કરતાં સામાન્ય માનવીની મુસાફરી વધુ મહત્વની છે.

## GIDCમાં ગેસ ગળતરથી 3 શ્રમિકોના મોત

કલોલ : કલોલની સઈજ GIDC વિસ્તારમાં ગત 14 મેના રોજ ઝેરી ગેસ ગળતરથી ત્રણ શ્રમિકોના મોત નીપજ્યા છે. મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં આવેલા ઈટીપી પ્લાન્ટની અંડરગ્રાઉન્ડ ટાંકી સાફ કરવા માટે શ્રમિકો અંદર ઉતર્યા હતા. આ દુર્ઘટનાને પગલે એક શ્રમિક ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ, ગાંધીનગરના કલોલમાં સઈજ GIDCમાં ઈટીપી (ETP) પ્લાન્ટની અંડરગ્રાઉન્ડ ટાંકીમાંથી કાદવ અને કચરો દૂરે કરવા માટે શ્રમિકો તેમાં ઉતર્યા હતા. જેમાં શ્રમિકો ઉતરતાની સાથે ગૂંગળામણના કારણે બેભાન થયા હતા અને ટાંકીમાં રહેલા કાદવમાં ફસાયા હતા. એક શ્રમિકોને ઝેરી ગેસની અસર થયા બાદ પાછળ અન્ય શ્રમિકો બચાવવા ગયા હતા. આ દુર્ઘટનામાં અનિલ ભગવાન લોધી નામના શખસની હાલત ગંભીર હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...